
ખરેખરા જ્ઞાનના ભંડારરૂપ પુસ્તકશાળાજ, બીજી
બધી દોલત, અને સંપત્તિ કરતાં વધારે કિંમતી છે.



શ્રી સુભદ્રા.

[illegible] ક્રમાં
[illegible] સંગીત રૂપાંતર.

મેસર્સ મેઘજી હીરજીની કંપની.
પાયધુની નં. ૫૬૬-મુંબઇ.

અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી, જ્ઞાનરૂપી
અમૃતનું પાન કરો.

અમારે ત્યાંથી જૈન ધર્મનાં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિંદી, માગધી,
મરાઠી વીગેરે તમામ જાતનાં પુસ્તકો મળશે.

છા: રતિલાલ [illegible] શ્રી કૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસ, [illegible] અનંતવાડી-મુંબઇમાં છાપ્યું.

અર્પણ.

ઉપકારી માતુશ્રી સાંકળીબાઇ—મોરબી.

આપના આજ્ઞાંકિત પુત્રભાઇ શ્રી દુર્લભજીએ "સુભદ્રા" (નવલ કથાનું રસીલું રૂપાંતર) અતિ ઉપયોગી પુસ્તક જૈન સમાજને સુધારવા માટે લખી મોકલ્યું છે, તે આપના કર કમળમાં અર્પણ કરતાં અમને ઘણો હર્ષ થાય છે.

લી૦ પ્રકાશકો.

ૐ

સતી સુભદ્રા.

નવીન નવલકથામાં રસીલું રૂપાંતર.

લેખક-શ્રીયુત દુર્લભજી ત્રીભુવનદાસ ઝવેરી.
(મોરબી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મેઘજી હીરજી,
બુકસેલર એન્ડ પબ્લીશર.
પાયધુની-મુંબાઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિંમત રૂ. ૦-૩-૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અંતઃકરણથી આભાર.

સતી સુભદ્રા (નવીન નવલકથામાં રસીલું રૂપાંતર) આ નામનું અતિ ઉપયોગી સુબોધિક પુસ્તક મોરબીના જાણીતા લેખક મી. ઝવેરી તરફથી નિઃસ્વાર્થપણે પ્રસિદ્ધ કરવાને માટે મળેલ છે, જે અમો પ્રગટ કરી તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ જે ફરી પણ તેઓ પોતાની વિદ્વતાનો લાભ અવશ્ય આવા અનેક પુસ્તકોદ્વારા આપતા રહેશે.

વિનંતિ.

દેશની ધર્મની કે કોમની પડતીનાં કારણોનો વિચાર કરતાં મુખ્ય અને સબલ કારણ આપણી અજ્ઞાન અબળાઓની શોચનીય સ્થિતિનું જણાય છે. તેથીજ અનેક જાતના કુરીવાજો વારસામાં દૃષ્ટિગોચર થાય છે. જ્યાં સુધી દેશની માતાઓ અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાઈ પશુ સમાન સ્થિતિમાં સબડવા દેવામાં આવે ત્યાંસુધી દેશોન્નતિના બીજા કાર્યોમાં–પ્રયાસોમાં સફલતાની આશા શી રીતે રાખી શકાય ? આ સંબંધી કોઇ સુજ્ઞ અનુભવી અબળાનાજ વિચારો જાણી આધુનિક સ્ત્રીઓની સ્થિતિનો ખરો ખ્યાલ મેળવી ચંપાનગરીની ધુરંધર મહાન સતી

સુભદ્રાનું જીવન વૃત્તાંત બહાર પાડેલ છે. આ જીવન વૃત્તાંત ઉપરથી અનહદ બોધ લેવાનું મળી આવશે. આપણામાં કુરીવાજો ઘણા પ્રચલિત હોય તેવું જણાય છે. તેવા કુરીવાજો છેદન કરવા માટે આવા પુસ્તકોનો પ્રચાર થશે તો અવશ્યમેવ હાનિકારક રીવાજોમાં **દીવાસાનું જાગરણ** જેવા અનેક કુરીવાજો નાબુદ થશે. અને તેથી જૈન ધર્મની વિજય પતાકા ટુંક મુદતમાં થવાની આશા રાખી શકાશે.

આવા પુસ્તકોનો ફેલાવો કરવા દરેક વ્યક્તિની ફરજ છે. તેમાં પણ જૈન બંધુઓ સાહસ કરી આવતા પર્યુષણ પર્વ જેવા મહાન પર્વોમાં બીજી કોઈ પણ જાતની લાણી પ્રભાવના નહિ કરતાં આવા પુસ્તકોની લાણી પ્રભાવના કરી મજકુર પુસ્તકનો સર્વત્ર ફેલાવો કરશે એવી નમ્ર વિનંતિ છે.

પાયધુની નં. ૫૬૬. મુંબઈ,
તા. ૯-૮-૧૩ } લી. પ્રકાશકો.

સુભદ્રા.

નવીન નવલકથામાં રસીલું રૂપાંતર.

પ્રકરણ ૧ લું.

સતીના શોકોદ્દગાર.

અષાડી અમાવાસ્યાનો પવિત્ર દીવસ હતો. દેવમંદિરોમાં સાત દિવસ પહેલાં પ્રારંભાયેલી પારાયણની પુર્ણાહુતિ હોવાથી, આજે શ્રવણમાં શ્રોતા-જનોની સંખ્યા વિશેષ હતી. નવ પરણીત નવોઢાના દિવાસાનો દિવસ પણ આજે હોવાથી, સંસારની ઝલક અને યુવાનીના તોરમાં તણાતી યુવતિઓએ પણ આજના શ્રવણમાં ભાગ લઈ, પોતાના ધર્મના ફરમાન મુજબ પોતાના પતિના શ્રેય માટેનું આ વ્રત

ઠાઠમાઠથી ઉજવવા પ્રયાસ કર્યો હતો. યુવતિઓને આજે બપોરના સમયે નિદ્રાદેવીનાં દર્શન કરી ન શકાય અને સૂર્યાસ્ત પછી જવારા પૂજન કરીનેજ આહાર લઈ શકાય, એવી પ્રચલિત પ્રવૃત્તિ હોવાથી અને અમાવાસ્યાને લીધે આધેડ અને વૃદ્ધ સ્ત્રી પુરૂષોને આનંદી* ઉપવાસ હોવાથી, બપોર છતાં પણ શ્રવણમાં આજે વધારે ભીડ હતી. કથાકાર ભટ્ટજી મોઢેથી પોપટની પેઠે પઢી જતા હતા,

* કેટલીક કોમોમાં ફરાળીઆ ઉપવાસ કરવામાં આવે છે, તેવા ઉપવાસને આનંદી વિશેષણ લગાડવું ગેરવ્યાજબી નથી; કારણ બીજા દિવસોએ ન મળે એવો પૌષ્ટિક દુધનો સ્વાદિષ્ટ આહાર, જોઇએ તેટલો તે દિવસે ખાવાને મળે છે. એક વિદ્વાનનો એવો અભિપ્રાય છે કેઃ–ઉપવાસ આદિ વૃત્તો કરવાના શાસ્ત્રોના ઉપદેશમાં આધ્યાત્મિક લાભની સાથે, શરીરના આરોગ્યનો ઉદ્દેશ પણ સમાયેલા છે. આમ છતાં અસંખ્ય મનુષ્યો, ઉપવાસને દિવસે નિરાહાર રહેવાને બદલે, ફળાહારને નામે, પાર વિનાના કચરાથી પોતાનું પેટ ઠાંસી ઠાંસીને ભરે છે. જઠરના સર્વ પ્રકારના વ્યાધિઓ નિવારવાનો અજમાવાયેલો રામબાણ ઉપાય ઉપવાસ છે. આજે જેટલી વ્યાધિઓ જગતમાં જોવામાં આવે છે, તેમાં સોએ નેવું ટકા વગર વિચાર્યે ખાવાથી થયેલી હોય છે. ઉપવાસ કરી, જઠરને વિશ્રાંતિ આપવી એ આરોગ્યનું મોટામાં મોટું સૂત્ર છે. ખાવાને માટેજ શરીર સરજાયેલું છે એમ મનુષ્યોનો મોટો ભાગ માને છે અને તેથી જ્યાંત્યાં પેટનીજ પુજા કરવામાં મનુષ્યો તલ્લીન થયેલાં જોવામાં આવે છે. આવી રીતે ઉપવાસ આરોગ્ય અર્પનાર છે. **પારણાં અને અતરવારણાંને દિવસે ઠાંસી ઠાંસીને ખાનાર શ્રાવકોએ પણ** આ ઉપરથી ઓછી શીખામણ લેવાની નથી. હમેશાં અથવા પાંચ પરબી ઉપવાસ અગર એકટાણાં અને ચહુવિહાર કરનાર વધારે નિરોગી હોવાનાં આજ કારણો છે.

જ્યારે તેમનું બધું ધ્યાન, શ્રોતાઓ તરફથી ધરવામાં આવતી ભેટ તરફજ દોરાયેલું હતું.

કેટલીક ઉદ્યોગી સ્ત્રીઓ, શ્રવણ કરતાં કરતાં પણ ભરવા ગુંથવાનું અને સીવવાનું કામ કર્યે જતી હતી, ત્યારે કેટલીક આળસુ સ્ત્રીઓ ઝોકાં ખાઈ, આસપાસની સ્ત્રીઓને કંટાળો આપતી હતી. ચોકમાં નાનાં બચ્ચાંઓ વિવિધ પ્રકારની રમત-ગમતમાં ગુંથાયેલાં હતાં જ્યારે મોટી ઉમરનાં કેટલાંક સ્ત્રી પુરૂષો છુપાતાં લપાતાં જુગટે રમવામાં જામી ગયાં હતાં.

અમાવાસ્યાના અકતાને લીધે સોની, સુતાર, લુહાર, હલ-વાઈ વિગેરેની દુકાનો બંધ હોવાથી હડતાલ જેવો દેખાવ હતો. સૂર્યનારાયણની સ્વારીને પશ્ચિમ તરફ વળવાનો પ્રારંભ થયો હતો. વળી વાદળાંઓથી ઢંકાયલા સૂર્યના ઝાંખા પ્રકાશથી દિવસ નિસ્તેજ દેખાતો હતો. વ્યાધિ વગરના કેટલાક લોકો જ્યારે જમ્યાબાદ, દુઃખ વિસારિણી નિદ્રાદેવીના સુંવાળા ઉત્સં-ગમાં આરામ લેતાં પડયાં હતાં, ત્યારે પંચાનગરીમાંહેના એક વિશાળ ઘરની પરશાળમાં એક સ્ત્રી લમણે હાથ દઇ, વિચાર-સાગરમાં ગોથાં ખાતી બેઠી હતી. તેણે પેહેરેલાં વસ્ત્રાભૂષણોથી, આજના ઉત્સવમાં ભાગ લેવાને તૈયાર હોય એમ જણાતું હતું. છતાં અન્ય સ્ત્રીઓના ચ્હેરાપર પ્રકાશી નીકળેલી આનંદની ઉર્મિ-ઓની જેમ તેના ચ્હેરા ઉપર કે શુષ્ક શરીર ઉપર એક પણ આનંદ રેખા જોવામાં આવતી નહિ. આ ઉપરથી એમ અનુ-માન થતું હતું કે, આજના ઉત્સવમાં પરાણે પ્રીત કરવાની તેને ફરજ પાડવામાં આવી હશે.

બાહ્ય ચિન્હો જ્યારે તેનાં ઉત્તમ કુળ અને શ્રીમંતાઇ સાબીત કરતાં હતાં, ત્યારે તેનાં કેટલાંક અંગોપાંગ, વસંત ઋતુમાં પણ મરૂભૂમિમાં ભૂલી પડેલી કોયલનું સ્મરણ કરાવતાં હતાં. તેના પ્રશસ્ત લલાટમાં, આવી તરૂણાવસ્થામાં પણ ચિંતાની રેખાઓ જણાતી હતી; તે ઉપર વિશાળ આકાશ પ્રદેશમાં પ્રકાશેલ પૂર્ણિમાના ચંદ્રની પેઠે, આવી રહેલ કુમકુમનો ચાંલ્લો, નાકમાં પેહેરેલ હીરાનું ફૂલ અને કરયુગલમાં ચળકતાં સૌભાગ્યસૂચક સુવર્ણ કંકણો–તેની સધવા સ્થિતિનું ભાન કરાવતાં હતાં. રૂપમાં રંભા, વાણીમાં સરસ્વતી અને દૃષ્ટિમાં લક્ષ્મીએ નિવાસ કરેલ છતાં, તેના અધરોષ્ઠમાંથી બહાર આવતા ઉષ્ણ નિશ્વાસથી, તેના દુઃખમાં–દિલમાં દ્રૌપદીએ વાસ કર્યો હોય એમ જણાઇ આવતું હતું.

આહાહા ! ! ! જ્યારે સંસાર માંહેનાં સંખ્યાબંધ સ્ત્રી-પુરૂષો, વિધિ પ્રકારના આનંદ અને ઉત્સવમાં ગમગીન હતાં, ત્યારે આ મુગ્ધાને કેવા વિચારોથી દુઃખ થતું હશે ? આ જિજ્ઞાસા તૃપ્ત કરવા આપણને તેના હૃદય–મંદિરમાં પ્રવેશ કરવો પડશે.

હૃદયભૂમિમાં આવેલ વિચાર–સાગરમાં, તે મુગ્ધાના નિશ્વાસ પવનના ઝપાટાથી મોજાં ઉછળવા લાગ્યાં કેઃ–“ નીતિ–નિયમોને અનુસરી, બાળવયથીજ હૃદયમાં દૃઢતર થયેલ ધર્મને અનુસરતાં પણ, મારો શ્વસુરપક્ષ, મને શા માટે આટલું બધું દુઃખ આપે છે ? પુત્રવધૂએ શ્વસુરપક્ષમાં પળાતો ધર્મ, શ્રદ્ધા હોય કે ન હોય તોપણ પાળવોજ જોઇએ, એવા જુલમના

ભોગ થવું પડશે અને આવી હૃદયભેદક દુઃખદ સ્થિતિમાં સપડાવું પડશે, એવી જો મને અગાઉથી ઇશારા માત્રમાં ચેતવણી મળી હોત તો, આ અસહ્ય સંકટોના વરસાદમાં નિચોવવા કરતાં, **હું કૌમારાવસ્થામાંજ મારી જીવનયાત્રા પૂર્ણ કરત !!** મારાં પવિત્ર માબાપ, સ્નેહાળ ભાઇ બ્હેન અને શાણી સહીયરોનો ત્યાગ કરી, આ અજાણ્યા કુટુંબમાં, ફક્ત **પતિની શીતલ** છાયાની આશામાંજ રહી છું. **વસંતપુરમાં** મારા પિતાશ્રીના ભવ્ય આવાસમાં જ્યારે હું ધર્માભ્યાસ કરતી, ત્યારે મને લેશ માત્ર પણ શંકા ન્હોતી કે, મારી આવી દયામણી સ્થિતિ થશે અને ધર્માંધ શ્વસુરપક્ષ–મારા પૂજ્ય પતિ પણ તરછોડી મને જૂદી રાખશે ?

સ્ત્રી પુરૂષ બંને વિવાહ સમયે, "ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનું આચરણ અમે એક બીજાને છોડી કરીશું નહિ" એવી પ્રતિજ્ઞા કરી, પંચ સમક્ષ એક બીજાનો હાથ પકડી, પવિત્ર લગ્ન સંબંધથી બંધાય છે, છતાં પતિ કે પત્ની–એમાંથી એક પણ આ પવિત્ર પ્રતિજ્ઞા વિસરી જાય તો તે અનિષ્ટસૂચક છે. **સ્ત્રીઓનું ખરૂં જીવન પતિજ છે. સ્ત્રીઓના સ્થૂલદેહમાં પતિ એજ ખરો જીવ છે.** પેહેરવા પૂરાં વસ્ત્રો ન હોય તો ચલાવાય, ચળકતાં આભૂષણો ન હોય તો ચલાવાય, સ્વાદિષ્ટ ભોજન વિના સાદા સુક્કા રોટલાથી પણ ચલાવાય, રહેવાને મેહેલ કે ઉંચા આવાસને બદલે પડું પડું થઇ રહેલ કંગાળ ઝુંપડીમાં કે છેવટે વૃક્ષ છાયા નીચે પણ પડી રહી ચલાવાય,

પોઢવાને પલંગ નહિ પણ ફાટીતૂટી ચાળણી જેવી જુની ગોદડી હોય તોપણ ચલાવાય, પરંતુ **પત્નીને પતિપ્રેમ વિના કેમ ચલાવાય?** જરીયન વસ્ત્રો, રત્ન કે સુવર્ણના અલંકારો, બત્રીશ પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન અને મેવા મીઠાઇ, મોટા મેહેલ, છત્રપલંગ અને રેશમી ગાદલાં, આ સર્વે પતિપ્રેમ વિના વ્યર્થ છે અને સુખને બદલે ઉલટું દુઃખ આપે છે.

"સૂર્ય હો ભલે સુશોભિત, તેથી શું થયું રે લોલ;
ચિત્ત ચંદ્રમાં ચકોરનું, ઠર્યું છે રે લોલ."

આવા આવા વિચારોએ તેની તીવ્ર લાગણીઓને વિશેષ ઉશ્કેરી અને પરિણામે ચકોર–ચક્ષુ અશ્રુથી દ્રવિત થઇ ગયાં. સમયસૂચક **સુભદ્રાએ** તરત જ અશ્રુદ્રવિત ચક્ષુ સ્વચ્છ કરી નાખ્યાં અને પુનઃ વિચારમાળાના મણકા ફેરવવા લાગી, અને જાણે અચાનક કોઇ ઉપયોગી બાબતનું સ્મરણ થઇ આવ્યું હોય તેમ વિચારસાગરનાં મોજાં પુનઃ ઉછળવા લાગ્યાં:–"ખરે! **પતિ પ્રેમ વિનાનું જીવન વ્યર્થજ છે.** પતિથી પત્ની, અને પત્નીથી પતિ સંતુષ્ટ રહે અને પરસ્પર પ્રેમપૂર્વક આયુષ્ય–જીવન અશ્વ ચલાવે તોજ ઉભયલોક સાધક બની શકે. તે માટે અમારી–સ્ત્રી વર્ગની ફરજ છે કે– સર્વદા મન, વચન અને કર્મે કરી શુદ્ધ, પતિની આજ્ઞા પાળનારી, તેને છાયાની પેઠે અનુસરનારી, તેના હિતકાર્યમાં **મિત્ર સમાન** અને આજ્ઞા ઉઠાવવામાં **દાસી સમાન થવું.** આ પ્રમાણે વર્ત્તન રાખવા અંતઃકરણનો મારો નિશ્ચય છે, અને હું અહોરાત એવીજ ઝંખના

કર્યા કરૂં છું; પરંતુ આમ તરછોડી મને જુદી રાખેલ હોવાથી પતિનાં દર્શન કરી દૃષ્ટિ પવિત્ર કરવાની પણ ભાગ્યેજ તક મળે છે, તો તેમના વચનામૃતનું પાન કરવાની તો આશાજ ક્યાંથી? અરે! સાસુજી એવી તક આવવાજ દેતાં નથી, અને તેમના પાસે આવી તક મળી જાય તો તે અને નિર્દય નણંદબા વિઘ્ન નાખવા તૈયારજ હોય છે. પતિ પાસે બે બોલ બોલી, હૃદયનો બોજો ઓછો કરવાની પણ જ્યાં તક આપવામાં ન આવે, તે શ્વસુરપક્ષમાં ગમે તેટલી સંપત્તિ ઉભરાતી હોય, છતાં અમો અબળાઓ કઇ વસ્તુમાં સુખ શોધવા જઇએ? કોને આધારે જીવન ધારણ કરી શકીએ? પ્રારબ્ધના કઠિન પ્રસંગોમાં, વિપત્તિ સમયે ધૈર્ય ધારણ કરવાનો સત્શાસ્ત્રનો સદ્બોધ મારા સ્મરણમાંજ છે, પરંતુ જ્યાં દુઃખના ડુંગરા તૂટી પડે ત્યાં ધૈર્ય બિચારૂં શી રીતે ટકી શકે? આવે સમયે ધર્મશરણ લેવું એ અકસીર ઉપાય છે. હું જો કે સ્વશક્ત્યનુસાર ધર્મધ્યાન કરૂં છું, પરંતુ આર્યશાસ્ત્રની આજ્ઞા મુજબ-મરતાં સુધી સ્ત્રી પુરૂષ દંપતીનો પરસ્પર સ્નેહભાવ ચાલુ રહે, એજ તેમનો વ્યવહારથી પરમ ધર્મ છે. આ પરમ ધર્મ હું પામી શકું તોજ મારી બીજી ધર્મકરણી ફલદાયક થઇ શકે. પણ નિરાશ!! અત્યાર સુધીમાં તો સર્વ ઉપાયો નિષ્ફળ ગયા છે. હવે—"

આવા શ્રેણિબંધ વિચારો આવતા ગયા અને સજળ નયને, ધડકતી છાતીએ, નીચેના શબ્દો તેના મુખમાંથી નીકળી ગયાઃ—

"ચાતક તું શીદ આ તકમાં, અમથો પિયુ પિયુ પોકાર કરે છે,
"ફોગટ તું ફરિયાદ કરે પણ, એ અરજી કોણ ઊર ધરે છે;
"દરદ દિલ દરદીનું દરદી......જ......જા......આ......ણે."

આથી વધારે તે બોલી શકી નહિ. બોલે તોપણ તેના હક્કમાં નુકશાનજ હતું. આ શબ્દો પણ બહાર કાઢવા માટે જાણે મુખને ઠપકો આપતી હોય, તેમ ચ્હેરા આડે બે હાથ દઇ, પોતાનું મુખ બે પગ વચ્ચે સંતાડી રડવા લાગી.

પવિત્ર દયાળુ વાચક! આ દુઃખી હેવાલ વાંચી, તારી ચક્ષુ-ઇંદ્રિય દ્રવિત થઇ ગઈ હોય તો, પવિત્ર વસ્ત્રના છેડાથી તેને સાફ કરી સાવધાન થઇ, લખનારના વિચારને મળતો થા કેઃ—સંસાર વ્યવહારની ખૂબીઓ અને ખામીઓનો આધાર **ગૃહપતિ કરતાં ગૃહિણીપર વિશેષ રહેલો હોય છે.** આપણે અનુભવીએ છીએ કે-દરેક સન્નારીના હૃદયમાં સ્વર્ગીય અગ્નિની એક ગુપ્તજ્વાળા હોય છે, તે સંપત્તિના વિશાળ અજવાળામાં અદૃષ્ય-ગુપ્ત રહે છે, પણ વિપત્તિના તિમિર સમયમાં તે પ્રદીપ્ત થાય છે-પ્રકાશે છે-તેનો ભડકો થાય છે.

જ્યાંસુધી પુરૂષે, પોતાની પત્ની સાથે રહી, આ દુનિયાની ઉગ્ર વિપત્તિઓ સહન કરી નથી, ત્યાંસુધી પોતાની હૃદયાંગના-અર્ધાંગના સ્ત્રી કેવી છે, તે તેના ખરા અનુભવમાં આવતું નથી. પતિપ્રેમ સ્ત્રીની શ્રીમંતાઇ અને જ્ઞાનને પણ નમાવે છે અને સ્ત્રી જાતિના હૃદયની કુદરતી કોમલતા તેની દૃઢતાને ઝુકાવે છે.*

* વિદ્વાન જ્યોર્જ ઇલીયટનું કહેવું આને મળતુંજ છે કેઃ—

પ્રકરણ ૨ જું.

બે સખીઓની વાતચીત અથવા પાખંડ ખંડન.

સુભદ્રા તથા વાચકોના વિચાર વમળનો અંત આવતાં વિલંબ લાગત, પરંતુ એક ખડક સાથે અથડાવાથી ભંગાણ પડયું. પડોશમાં રહેલી સુભદ્રાની સમાન વયની કાંતા નામની સખી પાસે આવી અને શોકાગ્નિ તથા ક્ષુધાગ્નિથી પીડાતી સુભદ્રાના ખભાપર હાથ મૂકી કહેવા લાગીઃ–સુભદ્રા બ્હેન ! શા ગંભીર વિચારમાં ગરકાવ થઇ ગયાં છો ? આજ તો આપણો આનંદી દિવાસાનો દિવસ છે. સખીએ સખી મળી આજે આનંદ કરવાનો છે. બાર માસે આવો એકજ દિવસ આવે, તેમાંએ તમને ઉલ્લાસ કેમ નથી આવતો ? બ્હેન ! ”

“ આવો કાંતા બ્હેન ! સુભદ્રાએ સાવધાન થઇ, કાંતાને આવકાર આપતાં શાંતિથી જવાબ આપ્યો–બ્હેન ! હાલ મારે

"What greater thing is there, for two human souls, than to feel that they are joined together for life, to strengthen each other in all labour, to rest on each other in all sorrow, to minister to each other in all pain, to be one with eachother in silent, unspokable memories of the last parting."

તો બધાએ દિવસો સરખાજ છે, પરંતુ આજનો દિવસ તમે કેવી રીતે ઉત્તમ અને પવિત્ર માનો છો ?”

“અરે ! શાણી સુભદ્રા !” કાંતાએ આશ્ચર્યથી ખુલાસો કરવા માંડયોઃ–“ તમે આ શું બોલો છો ? આપણા જેવી નવ. પરણીત સ્ત્રીઓ માટે તો આજ મહા પર્વ છે. કુંવારી કન્યાઓ જેમ ઓળાકત કરે છે, તેમ આપણે પરણ્યા પછી એ વ્રત કરવાના હોય છે, તે તમે શું ભૂલી ગયાં બ્હેન ?”

“પણ કાંતા બ્હેન !” સુભદ્રાએ વચ્ચમાંજ પ્રશ્ન કર્યો– “આ એ વ્રત આપણે શા માટે કરવું અને તેથી લાભ શું ?”

આ પ્રશ્નથી કાંતા પ્રથમ તો ગભરાઈ ગઇ, પરંતુ અધરો-ષ્ઠપર આંગળી લગાડી, વિચાર અને કલ્પનાને આમંત્રણ કરતાં, તેને તરત સ્મરણ થઈ આવ્યું હોય તેમ તેણે ખુલાસો કરવા માંડયો–“ અરે ! ખરૂં પૂછો તો તેતો આજેજ મારા જાણવામાં આવ્યું છે. આપણી પડોશમાં જડાવ બ્રાહ્મણી રહે છે, તેના સસરાએ આજે આપણા મોહોલ્લાનાં બૈરાંઓને એકઠાં કરી, રાત્રિએ તેમની પાસે જવારા પૂજન કરાવવાની સરતે સમજાવ્યું છે કે એ વ્રત એટલે અખંડ એવા તણ આ વ્રત કરવાથી પ. તિનું આયુષ્ય વધે છે. પતિભક્તિ દર્શાવવા અને પતિનું આ-યુષ્ય વધારવા દરેક સ્ત્રીએ આ વ્રત કરવુંજ જોઇએ. જવારા વાવી સંભાળથી તેને મોટાં કરવાં, તેની પૂજા કરવી, આજે ઉપવાસ પાળવો, સાંજે ફળાહાર લેવો, આખી રાત્રિ ઘીનો દીવો બાળવો, તેમાં સંભાળ રાખવી કે દીવો જરા પણ ઝાંખો ન પડે,

જેમ દીવાનું તેજ વધારે[1] તેમ આપણા પતિનું આયુષ્ય વધારે—આખી રાત્રિ સખીઓ સાથે ગમત કરી જાગરણ કરવું."

ગોર મહારાજે છેવટમાં કહ્યું કે ચોમાસામાં આ પર્વ એટલા માટે આનંદકારી મનાય છે કે ઘણા તહેવારો **દીવાસા** પછીજ આવે છે. કહેવત છે કે 'દીવાસો તે સો પર્વનો વાસો.'

આજ રાત્રિએ તો નવનવા રાસડા સાંભળવાની અને નવનવી ગમતો જોવાની રમણીય તક મળશે. શું બ્હેન! તમારા પિયરના પ્રદેશમાં દિવાસા પર્વ પાળવાનો રિવાજ નથી? તમો જો આ વ્રત શુદ્ધ રીતે કરશો તો, તમારા પતિ તમને નમતા અને ભજતા આવશે, તમો કહેશો તેમ કરશે, અને........"

"અરે **કાંતા**!" **સુભદ્રાએ** વચ્ચમાં ટકોર મારતાં જણાવ્યું—"**પતિ પોતાને નમે એવું ઇચ્છિનાર પત્ની સંસારના ધિક્કારને પાત્ર છે.** અમારો દેશ પણ આવા ગાડરીયા પ્રવાહથી મુક્ત નથી, છતાં ધીમે ધીમે મિથ્યાત્વ ઓછું પડતું જાય છે એ હર્ષાસ્પદ છે. અપ્રમત્ત પતિનું શ્રેય અને દીર્ઘાયુષ્ય ઇચ્છવું એ દરેક સૌભાગ્યવતી લલનાની પ્રથમ ફરજ છે; પણ વ્હાલી સખી! વિચાર કર કે, પતિનું શ્રેય અથવા દીર્ઘાયુષ્ય, આવાં બાહ્ય ઉપલક રમતગમતનાં વ્રત કરી, હાસ્યવિનોદ, ઠઠ્ઠા મશ્કરી અને વિષયવૃત્તિને જાગૃત કરનારા સડાઓ

---

૧. કોઇ, આ ભોળી બ્હેનોને પૂછી જવાબ આપશો કે, કીટસન લાઇટ અને વીજળીની બત્તી બારે માસ બળતી રાખવાથી, પતિનું આયુષ્ય કેટલી ડીગ્રી વધી શકશે?

કે વિકારી વાતોથી કોઇ પણ રીતે થઇ શકે ખરૂં કે ? અહો-નિશ પતિના શ્રેય માટે મન, વચન અને કાયાથી તત્પર રહે-વામાં આવા બાહ્ય ડોળ દમાકની શી જરૂર છે ? આપણે તો અશ્રદ્ધા વિનાની નકલજ માત્ર કરીએ છીએ. આવાં વ્રતો, પતિના નિર્માણ થયેલા આયુષ્યમાં એક પળનો પણ વધારો કરી શકતાં નથીજ. જો પતિનું આયુષ્ય વધારવાનો આવો સ્હેલો અને સરલ ઉપાય હોત તો, **સંખ્યાબંધ તરૂણ–બાળવિધવાઓ ભાગ્યેજ દૃષ્ટિગોચર થાત.** જેઓ પૂરાં પાંચ વર્ષ એ વ્રત કરે છે, તેમાંની ઘણી કમભાગ્ય ભગિનીઓનું ભવિષ્ય બગડેલું તમે નજરે નથી જોયું શું ? પૂર્વકર્માનુસાર યુવાવસ્થા કે બાળવયમાં પણ વિધવા સ્થિતિના અસહ્ય દુઃખને તાબે થવું પડે છે. માટે **એવા ખોટા વ્હેમને ફાગણની હોળીમાં હોમી દેવું એ સર્વોત્તમ છે.** તને માલુમ નથી કે, આખી પૃથ્વીપર ઘણા દેશો છે. તે દેશો માંહેના એક હિંદુસ્તાનમાંજ, અને હિંદુસ્તા-નમાં પણ ગુજરાત કાઠીઆવાડના અમુક ભાગમાંજ, તેમાંએ વળી હિંદુઓની અમુક કોમોમાં, માત્ર આંગળીને ટેરવે ગણી શકાય એટલીજ સ્ત્રીઓ, મહાસાગરના એક બિંદુની જેમ બહુજ ઓછી સ્ત્રીઓ આ વ્રતાચરણ કરતી હશે, તો તે શિવાયની બીજી બધી સ્ત્રીઓ શું દુઃખીજ હશે ? નહિ, નહિ. હિંદુસ્તાનમાં પણ ઘણે સ્થળે આ રિવાજ નથી અને દુનિયાના બીજા કોઇ પણ ભાગમાં આ વ્હેમ નથી, છતાં પૂર્ણ પુણ્ય પ્રબલતાને લીધે ઘણી મહિલાઓ સુખી છે અને વૃદ્ધાવસ્થા સુધી પહોંચતાં પણ

સધવા સ્થિતિ ભોગવે છે. સુખ અને દુઃખ, વ્હેમ મિશ્ર ક્રિયાથી નહિ, પણ પોતાના પૂર્વકૃત શુભાશુભ કર્મને લઇનેજ થાય છે. 'पूर्वकृत शुभाशुभ कर्मोदयात्सुखं दुखं वा जायते' બ્હેન! સ્મરણમાં રાખજે કે, નીતિ નિયમાધીન જીવનવ્યવસ્થા અને સ્વધર્માનુસાર સમ્યક્ કરણી વિના પોતાનું કે પતિનું શ્રેય થઇ શકતુંજ નથી."

"પણ સુભદ્રા બ્હેન!" કાંતાએ શંકા કરી પ્રશ્ન કર્યો—"ત્યારે આ શહેરની સ્ત્રીઓ તમો કહો છો તે શું સમજતી નહિ હોય?"

"કાંતા! તું પણ કબૂલ કરીશ કે," સુભદ્રાએ ખુલાસો કરતાં જણાવ્યું—"સ્ત્રીઓ સમજતી નથી તેથીજ શ્રદ્ધા વિના આવાં દાંભિક વ્રતની દેખાદેખી કરી અનેક ભોળી ભામિનીઓને ભરમાવે છે. તેં પોતે પણ અનુભવ્યું-જોયું હશે કે,—જે સ્ત્રીઓ આવાં વ્રતોમાં મિથ્યા બાહ્ય આડંબર કરી આગળ પડતો ભાગ લે છે, તે સ્ત્રીઓ તેવે અવસરે બીજા કરતાં વધારે પાપ બાંધે છે, તેઓમાંની કેટલી વનિતાઓ પોતાના પતિ તરફ બહુ માન ધારણ કરી, તેમની આજ્ઞાને શિરસાવંદ્ય કરે છે? સંતપુરૂષો અને સત્શાસ્ત્રોનો એવો પ્રતિબોધ છે કેઃ—"શ્રેય બાહ્ય ક્રિયાઓમાં નથી, પણ તે અંતરની ઉંચા પ્રકારની લાગણીઓમાંજ નિવાસ કરી રહેલું છે. આંતર શુદ્ધ થવાથી બાહ્ય ક્રિયાઓ શુદ્ધ અને સ્વધર્માનુસારજ થાય છે. જે વસ્ત્રાલંકારો જેણે કરાવ્યા છે અને

જેને રંજન કરવો છે, તેને બદલે આખી રાત રસ્તાઓ વચ્ચે, નિર્લજ્જતાથી ઠઠ્ઠા મશ્કરી કરી, છુપાઇને વિકારી દૃષ્ટિ નાખતા નીચ વિષયી પુરૂષોને આનંદ આપવો, જવારા વાવી તુરત તેનો નાશ કરવો, જુગાર–વિગેરે પાળવામાં આવતી આ વ્રતની અધમ ક્રિયાઓમાં સામેલ થવાને બદલે, **જો વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ ગૃહિણીઓ પોતાના મોહોલ્લાઓની લલનાઓને એકત્ર કરી,— સ્ત્રીના ધર્મ, પતિપત્નીની ફરજ, હાલની સાસુ વહુનું સગપણ અને લગ્નનું રહસ્ય, સંસારમાં સુખી શી રીતે થવાય ? સ્ત્રીઓને સુધારવાથી ગૃહસંસારમાં કેટલી મદદ આપી શકે ?"** વિગેરે ઉપયોગી બાબતોનો બોધ આપે અને પ્રાચીન મહાસતિઓના દીવ્ય ચરિત્રોનું શ્રવણ કરાવે, તો વધતો જતો પાપપુંજ અટકે અને પરિણામે કાંઇક લાભ થવા સંભવ રહે. આપણે વાણિયા, વગરવિચાર્યે બીજાની બાહ્યક્રિયા જોઇ, તેનું અનુકરણ કરવા તત્પર થઇએ છીએ અને પછી સ્ત્રીઓ–અભણ સ્ત્રીઓના દિલમાં પેશી ગયેલું વ્હેમ–ભૂત, ભૂવાની ભસ્મ અનેકવાર લગાડતાં પણ તે દૂર થઇ શકતું નથી.

કાંતાએ વિચારસાગરમાં ગોથું ખાધું. સુભદ્રા સ્વદુઃખ સ્મરણની સીડીએ ચઢવા લાગી.

પ્રિય વાચક ! આપણે પણ પ્રમાદવશ ન થતાં, આ અવકાશનો સદુપયોગ કરવા પ્રાસંગિક વિષય માટેના તત્ત્વવિચારો સ્મરીએ.

એટલું તો સત્ય છે અને આ લેખકનો પણ સ્વાનુભવ છે કેઃ—જુના જડવાદને વળગી અને દુરાગ્રહના હૃદયમાં પાટા બાંધી જયાંસુધી જૈનો, પોતાના પક્ષાનુરાગ અને મિથ્યાત્વ પડલના પ્રભાવે, સ્વધર્મ ક્રિયાઓ વિસારી, અન્ય ધર્મની ક્રિયાઓ અને વ્રતોમાં સામેલ થશે, ત્યાંસુધી જૈનધર્મની ઉન્નતિ માટેના પ્રયાસો હવામાં કિલ્લા બાંધવા જેવાજ ગણાશે.

વાચકો વિચારશે કે, કેટલાક જૈન આગેવાનો અને ઉપદેશકો સ્વધર્મ પ્રત્યે જે નિંદ્ય પ્રમાદ સેવે છે, તેનુંજ આ કડવું પરિણામ છે. સ્વધર્મની ઉન્નતિ કરવાના ડોળનો ઉભરો ઉભરાયેલો છે, પરંતુ વાતોથી વડાં પાકતાં નથી. વાણી મુજબ વર્ત્તન રાખવું જોઇએ. આવી અંતર ઉંડા ભાગમાં ઘર કરી પડેલી બાબતો પણ ભૂલી ન જવી જોઇએ. નજીવી બાબતો આગળ જતાં ગંભીર રૂપ ધારણ કરે છે. આ ભવ અને પરભવનું શ્રેય સાધી શકાય એવા સ્વધર્મમાં (જૈન ધર્મમાં) શું ઓછાં વ્રતો છે ? કે અન્ય દાંભિક મિથ્યાત્વી પર્વોમાં રચીમચી રહેવું ? સ્વધર્મની પવિત્ર તિથિઓને દિવસે ધર્મસ્થાનકમાં પગ ન મૂકવો અને અન્ય મતના લૌકિક તહેવારોમાં આગળ પડતો ભાગ લેવો એ મોટું અજ્ઞાન છે. આથી 'નહિ ઘાટના કે નહિ વાટના' એવી કફોડી હાલત થઇ પડે છે. આ સંબંધમાં આગેવાનોને ચેતાવવા, સ્વધર્મ માહાત્મ્ય ઠસાવનાર બોધ, ઉપદેશકો તરફથી અષાડ માસમાંજ સચોટ થવો જરૂરનો છે.

આવા લૌકિક વ્યવહારને પ્રાચીન સમયથી ચાલી આવતી

પ્રણાલિકા તરીકે ઓળખાવી, તેને વળગી રહેવા અને અનુસરવાનો જો આગ્રહ થતો હોય તો, લખનાર બેધડક કહેશે કે, સ્વાર્થદૃષ્ટિ અને અજ્ઞાનતાથી શોધેલું આ એક છીંડુંજ છે. અન્ય ધર્મીઓ સાથેનો આપણો સ્વાર્થ સાધવા, આવાં મિથ્યા આચરણો, સ્વધર્મનાં ફરમાનોપર પગ મૂકીને સેવવામાં આવતાં હોય તો, ઉપદેશકોએ મુંગે મ્હોડે બેશી જપવાનું નથી. દિલગીરી માત્ર એટલીજ છે કે, જે આગેવાન શ્રાવક–શ્રાવિકાઓ, પચાસ પચાસ વર્ષ થયાં પાટ પાસે બેશીને ધર્મોપદેશથી પોતાનાં શ્રવણયુગલ પવિત્ર કરે છે, જેઓ સૂત્ર સિદ્ધાંતનું સારૂં જ્ઞાન ધરાવે છે અને પોતાને **જૈન** તરિકે ઓળખાવવામાં માન સમજે છે, તેઓ પણ જો આવા મિથ્યાત્વ પર્વ–બિભત્સ તહેવારો ઉજવી મિથ્યાત્વના ફાસલામાં પકડાતા હોય અને સ્વધર્મ સ્વરૂપ સમજ્યા છતાં, આંખ આડા કાન કરી 'મિયાંની ચાંદે ચાંદ' કરી મિથ્યાત્વના હોડકાંને હલેસાં મારવા મંડી જતા હોય તો, બીજા બિચારા સાધારણ પુરૂષોને શિરે શો અપરાધ?

જૈનોદ્યોતેચ્છક બંધુઓ, આવી હીલચાલો જો તટસ્થ અંતઃકરણ અને નિરીક્ષક દૃષ્ટિથી નિહાળશે તો, તેઓને ખાત્રી થશે કે, સ્વધર્માનુસાર કર્ત્તવ્યની સીધી સડકને મૂકીને, સ્વધર્મ તત્ત્વોથી તદ્દન અજ્ઞાન મનુષ્યોએ શરૂ કરેલ આવા કાંટાવાળા વાંકા ચુંકા કેડાપર ભોળા જૈનો, પોતાના ગાડરીયા પ્રવાહના સ્વભાવે અને પ્રભાવે અને સ્રીમંડલના મમત્વને લીધે જાણતાં છતાં તેવા પ્રકારનું બિભત્સ આચરણ કરી, પોવાના ઉચ્ચ આદર્શરૂપ ધર્મને

શિથિલ કરી, અન્ય ધર્મીઓની હાંસીને પાત્ર થાય છે.

જૈનોના કયા તેહેવારોનું અન્યધર્મીઓ અનુકરણ કરે છે? જ્યારે તમો અન્યના તેહેવારોમાં કેવી રીતે શિર ઝુકાવી પડાપડી કરી પડો છો અને અશ્રદ્ધાના આંદોલનો–વાતાવરણો ફેલાવો છો? લૌકિક તેહેવારોનું મજાગરૂં જ્યારે મોજશોખ, આનંદ અને શારીરિક પુષ્ટિ તરફ સર્વથા દોરાયલું છે. ત્યારે જૈન બંધુઓ! તમારાં વ્રત–નિયમો, આત્મિક ઉન્નતિ–સિદ્ધિ અને ઐહિક–આમુષ્મિક શ્રેય માટેજ રચાયેલાં છે.

ફાલ્ગુન પૂર્ણિમાએ પુરૂષો **હોળીપર્વ** પાળી, જેમ બિભત્સ શબ્દોનો વર્ષાદ વરસાવે છે તેમ સ્ત્રીઓનું **હોળીપર્વ** અષાડની અમાવાસ્યા છે. તે રાત્રિએ ફાલ્ગુન પૂર્ણિમાથી પણ વધારે કઠોર ફાગો સાંભળવા પડે છે, અને તે વળી નાજુક, શરમાળ અને લાંબી લાંબી લાજ કાઢનાર સ્ત્રીઓના મુખમાંથીજ. અષાડી પૂર્ણિમાએ કુંવારી કન્યાઓ **મોળાકત**ના વ્રતમાં પણ આખી રાત આવાજ ફાગ બોલી, એક બીજીને અનેક સાથે પરણાવી નાખનાર રાસડા ઉપરાંત, પુરૂષોનાં તો મુખમાંથી પણ ન નીકળી શકે એવા ફાગ બોલી અનેકનું સતીત્વ શંકામય બનાવે છે. **મોળાકત એ** વ્રતમાં ફરાળ લાવી આપનાર અને ઉજાગરા માટે મંજુરી આપનાર પુરૂષવર્ગ, કાંતો કાને બ્હેરો હશે અથવા તો પોતાની પ્રિય પુત્રી, પુત્રવધૂ અને પત્નીની અધોગતિ થતી જોઇ ખુશી થતા હશે–અને નહિ તો સ્ત્રીવર્ગના સામ્રાજ્યમાં તેઓ પોતાના આદેશનો અમલ કરવા જતાં નિરાશજ થતા હશે. દરેક

પુરૂષ ગૃહસ્થ પોતાના ઘરનો માલેક છે, તો આવાં સ્વધર્મ વિરૂદ્ધ લૌકિક વ્રતો બંધ કરવા ધારે તો, પરંપરાથી ચાલ્યો આવતો સડો સહંતર દૂર કરી શકેજ–તેનું જડમૂળથી નિકંદન પણ કરી શકે.

પવિત્ર અને સર્વમાન્ય શુદ્ધ માર્ગદર્શક જૈનધર્મની ચિંતામણિ રત્નની જેમ પ્રાપ્તિ થતાં પણ મિથ્યાત્વ વ્યામોહગ્રસ્ત કેટલાક જૈનધર્મ ઉપાસકો, આવાં અનેક મિથ્યા પર્વના આચરણથી પોતાની ધર્મપ્રતિની શ્રદ્ધાને ઝાંખી કરી આરાધકને બદલે વિરાધક થાય છે. આવા પ્રકારના ઉન્માર્ગગામિપણાને લીધે જૈનોની પ્રતિદિન દુર્દશા થતી જાય છે. માટે હરેક વિદ્વાન્ અને મુનિમહારાજની ફરજ છે કે, આવે પ્રસંગે કટીબદ્ધ થઈ, ઉપદેશ દ્વારાએ અધઃપતન સ્થિતિ સુધારી, લોકોને સત્ય સમજાવી સન્માર્ગ તરફ દોરી જવાં.

વિચક્ષણ વાચક ! આપણે તો જુદા વિષય ઉપરજ ઉતરી પડ્યા. હવે શોકાતુર સુભદ્રાની સ્નેહપૂર્વક સંભાળ લઇએ.

પ્રકરણ ૩ જું.

સુભદ્રાનું સત્ય કથન.

'શાણી સુભદ્રા !'–કાંતાએ વિચારસાગર બહાર આવી કહ્યું–" બ્હેન ! તમારી પ્રકૃતિ દીર્ઘ દૃષ્ટિથી અવલોકન કરવા લાયક છે. હમેશ કરતાં આજના તમારા મેળાપથી મને ઘણો હર્ષ અને ફાયદો થયો છે, પણ સખી ! તમારૂં શરીર દિવસે દિવસે શિથિલ થતું જાય છે અને સંસારમાં કોઈ જાતનું તમોને ચ્હેનજ પડતું નથી, તો તેનું કારણ શું છે ?"

સ્વદુઃખ સ્મરણની સીડીએ ચડેલી સુભદ્રા આ પ્રશ્નથી ચોંકી અને સાવધાન થઈ, કાંતા તરફ પોતાની ઉંડી ઉતરી ગયેલ આંખો ફેરવી, હૃદયની સલાહ માગવા લાગી. વિવેકનું બંધન તેના મ્હોડાપર પેહેરેગીર તરીકે રહી, વાણીને બહાર નીકળતાં અટકાવતું હતું. પરંતુ તેની મુખમુદ્રા જુદાજ ભાવ પ્રદર્શિત કરતી હતી.

પોતાના પ્રશ્નનો પ્રત્યુત્તર ન મળવાથી કાંતાએ પુનઃ ટકોર કરી–" સુભદ્રા બ્હેન ! તમારી ચુપકી તમારા મનની અસ્થિરતા સૂચવે છે. સુખ અને દુઃખ એ મનુષ્યને પોતાના કાર્ય માટે મળતો બદલોજ છે. સ્વકર્તવ્યના પરિણામરૂપ પ્રયોજાયેલા પ્રારબ્ધના પંજામાં સપડાયલા જીવને પ્રાપ્ત સ્થિતિ સહન કરવાનું

મુખ્ય કર્ત્તવ્ય વિસરી જવું ન જોઇએ. બ્હેન ! તમે પોતેજ મને એક વખત કહેતાં હતાં કે:–"સ્નેહીની પાસે સંકટ નિવેદન કરવાથી હૃદયનો ભાર અને મનની ગુંચવણ ઓછી થાય છે." સુભદ્રાના ખભા ઉપર પોતાનો હાથ મૂકી, પોતાને થતી લાગણી પ્રદર્શિત કરતાં કાંતાએ દીનતાથી પૂછયું:–શાણી સુભદ્રા ! શું મારી સાથે વાત કરવી તને નથી ગમતી ? શું મને તું તારી વિશ્વાસુ સાચી સખી નથી સમજતી ?"

'કાંતા બ્હેન !' સુભદ્રાએ શાંતવદને જવાબ આપ્યો–" દુઃખ સાગરમાં તરફડીયાં મારતાં તારો સમાગમ મને બેટ સમાન થઈ પડયો છે. તારી સાથે વાતચીત કરતાં મારૂં કેટલુંક આંતર દુઃખ હું વિસરી જઉં છું. વિપત્તિના વિકટ અવસરે સખીઓનો સમાગમ, સખીઓની સલાહ અને સખીઓનું આશ્વાસન, ખરો સન્તોષ અને દિલાસો આપે છે, પરંતુ છાતીના ઘાની અસહ્ય વેદનાનો તો આપણ અબળા જાતિને પૂર્ણ અનુભવ હોય છે. વળી................"

લજ્જાએ તેને બોલતાં અટકાવી. પતિની પ્રીતિથી પોતે દેશવટો પામેલ છતાં, પતિ પ્રત્યે તે પૂર્ણમાન ધરાવતી હતી, અને તેથી તેણે મનમાં નિશ્ચય કર્યો હતો કે, 'પ્રાણનાથના ચરણની દાસી થવામાંજ મારૂં શ્રેય સમાયેલું છે.' તન અને મન એમનેજ અર્પણ કરાયેલ હોવાથી તેમના હૃદયમાં મારે માટે સ્નેહાવકાશ હોય કે ન હોય, તોપણ મારી જીવનદોરી તેમનેજ આધારે લટકે છે. ચકોરી ચંદ્રના દર્શનમાંજ નિમગ્ન રહે છે,

પછી ચંદ્ર ગમે તેટલો તે પ્રત્યે બેદરકાર હોય તો ચકોરીને ચિંતા નથી.

કાંતાની કલ્પના અત્યારે સુભદ્રાની શાંતિ માટેના ઉપચારોની શોધમાં હતી–તેણે શાંત્વન આપતાં હૃદયના ઉભરા ખાલી કરવા માંડ્યાઃ–"**લક્ષ્મીના સુખની કલ્પનામાં પૂર્ણ પરીક્ષા કર્યા વિના સુકુમાળ બાળાઓના ભવ બગાડનાર માબાપ કેટલા બધા તિરસ્કારને પાત્ર છે**, તેનો ખ્યાલ કરવો આ પ્રસંગે મુશ્કેલ નથી. પત્ની પતિને ઝંખ્યા કરે અને પતિને પત્ની આંખના પાટા સમાન અથવા કડવા ઔષધ જેવી લાગે, એ અબળાનો કોણ બેલી? અહાહા! સંસારનો કેવો વિચિત્ર ખેલ છે? પ્રિયા પતિ માટે નિરંતર ઝંખના કર્યા કરે છતાં પતિને એક રતિભાર પણ દરકાર નહિ!! આ દંપતીએ સુખ માટે કયાં તરફડીયાં મારવાં? તેમની આશાઓ કયાં પ્રફુલ્લિત થાય? તેમણે શાથી–કેવી રીતે જીવન સાર્થક કરવું? પત્નીને પતિ માટે જેટલી દીવ્ય લાગણી હોય, તેટલીજ બલ્કે તે કરતાં પણ અધિકતર લાગણી પત્નીને માટે પતિની હોવી જોઇએ, તોજ વ્યવહારમાર્ગમાં કિંચિત્ સુખાભાસ થઇ શકે. જે ઘરમાં સ્ત્રીપુરૂષ પરસ્પર સ્નેહસમન્વિત છે, તે ઘર સંસારસુખની સડકપર છે એમ માની શકાય. પ્રાયઃ પ્રારબ્ધના યોગ વિના સંસાર–ગૃહરાજ્ય નિષ્કંટક બની શકતું નથી."

આ શબ્દોથી બંને સખીઓના હૃદયમાં જુદી જુદી અસર થઇ. સુભદ્રાના ચંચલ ચક્ષુયુગલ સ્વદુઃખ સ્મરણથી દ્રવિત

થઇ ગયાં. કાંતા પોતાની સખી પ્રત્યે દિલસોજી દાખવતી, અધ-રોષ્ઠપર આંગળી ટેકવી બેસી રહી.

દયાળુ વાચકવર્ગ ! **સુભદ્રાની** દુઃખમય સ્થિતિ માટે દયા અને દિલસોજી દર્શાવવા અત્યારે આપણે સ્હેજ અવકાશ મેળ-વીએ. અને હાલ તો એક સાક્ષરના નીચેના અભિપ્રાયને મળતા થઇનેજ વિરમીએઃ—

"શ્રીમંતની શ્રીમંતાઇ અને સત્તાધીશની સત્તામાં પોતાની પ્યારી પુત્રીનું સુખ સમાયેલું નથી, પરંતુ કેવળ તેના પતિની પ્રીતિમાંજ સુખની સીમા આવેલી છે. કારણ, રાજ્યમ્હેલમાં વસતી અને પતિથી તરછોડાયલી માનિની કરતાં, જંગલની ઝુંપડીમાં વસતી પણ પોતાના પ્રાણેશના અંતઃકરણના ઉંડા પ્રદેશમાં વ્યાપ્ત થઇ રહેલી પ્રિયાંગનાને અધિક સુખ ભાસે છે. શ્રી અને સત્તા કરતાં પ્રેમદાને પતિના પ્રેમમાંજ વધારે આનંદ માનવાનો છે. લક્ષ્મી વિનાનું સંકટ સહન કરવું વધારે દુષ્કર નથી, સંપત્તિ વિના આવતા કષ્ટનું ગમે તે રીતે સમાધાન થઇ શકશે અને વખત આવે ગમે તે રીતે મેળવી પણ શકાશે. કારણ કે પુરૂષ પ્રયત્ન પાસે **લક્ષ્મી** તો દાસી સમાન છે, પરંતુ **પ્રાણેશ-ના પ્રેમ** વિનાના જીવનને સુખી કરવા, **પ્રાણેશના** શુદ્ધ **પ્રેમ** વિના બીજું એકે સાધન નથી."

'પણ **સુભદ્રા** બ્હેન !' જાણે નવી વાતનું સ્મરણ થઇ આવ્યું હોય તેમ **કાંતા** બોલી ઉઠીઃ—"જ્યારે પતિને વશ કરવાના તારા બધા ઉપાયો છેક નિષ્ફળજ નીવડ્યા, તો હવે

મનુબાની માફક કાળકામાતાની માનતા રાખ, તો તને વશીકરણ મંત્ર મળશે, જેથી તારો પતિ ઘેલો થઇ તારાપર આફ્રીન થતો તને માનપૂર્વક બોલાવશે.”

આ વાકયોએ સુભદ્રાના મનપર વીજળીના પ્રવાહની જેમ તરત ઉંડી અસર કરી. જેનું અનુમાન બાહ્ય આકૃતિ ઉપરથી થઈ શકતું હતું. અબળા જાતિના ભોળા અંતઃકરણમાં ઉંડો ઉતરી જતો વ્હેમ, મિથ્યાત્વને પુષ્ટિ આપી કેવા અનર્થ કરાવે છે, તેનો અભ્યાસ કરવા, સ્ત્રીમંડળમાં થતી દંતકથાઓ વારંવાર અનુભવ આપે છે અને ઉપયોગી બાબતો તાદૃશ કરી બતાવે છે.

“અરે ! કાંતા ! આ તું શું બોલે છે ?” સુભદ્રા આ અયોગ્ય સલાહ માટે કાંતાને ઠપકો આપવાની ઢબથી બોલીઃ– “પોતાના પ્યારા પતિ માટે વશીકરણ મેળવવાની સલાહ અને તે વળી કાળકા માતાની માનતા રાખીને ! ! પ્રથમ તો તું એટલોજ વિચાર કર કે, ભોળી અને નબળા મનની સ્ત્રીઓ, પોતાના શિરછત્ર પતિને પોતાને વશ કરવાનો વિચાર કરે, એજ નઠારા ભવિષ્યની નિશાની છે. અજ્ઞાનના અંધકારમાં અથડાતી અબળાઓ ખોટા વ્હેમમાં તણાઇ, પરવંચક પુરૂષોના પાશમાં ફસાઈ, વશીકરણ માટે મિથ્યા શ્રમ રાખે છે. પૈસા ખર્ચ્યા વિના અને માતાઓની માનતા રાખ્યા વિના મળતા અમૂલ્ય વશીકરણ માટે શ્રી કૃષ્ણની ભાર્યા સત્યભામા અને પાંડવ પત્ની સતી દ્રૌપદી વચ્ચે જે વાત થઇ હતી, તે દરેક સ્ત્રીને પોતાના અંતઃકરણમાં કોતરી રાખવા લાયક છે.

"જે સ્ત્રી પોતાના વ્હાલા પતિને મલીન મંત્ર, જંત્ર, અંજન, કામણુ કે એવા બીજા બાહ્ય ઉપાધિયો વડે વશ કરવા મથે છે, તે ઉલટું પતિના હૃદયમાં *વ્હેમને અવકાશ આપવા ઉપરાંત અનેક રોગોને જન્મ આપે છે. ખરૂં વશીકરણુ તો એજ છે કે–**પતિને સુખે સુખ અને પતિને દુઃખે દુઃખ માનવું.**"

મારા શ્વસુરપક્ષની મારા તરફ જે કારણુથી અકૃપા થઇ છે, તે પણુ કાળકા માતાનોજ પ્રતાપ છે. મલીન મને આવી સેંકડો માતાઓની કરેલી માનતાઓથી કાંઈ પણુ ફળ મળતુંજ નથી, ઉલટું સ્વાર્થી પૂજારીઓ આપણુને ભમાવી કે ફસાવી પતિની પ્રીતમાં ભંગાણુ કરે છે–વખતે જીંદગીભરનું સુખ છોડાવે છે. મને 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવું થયું, તેનું કારણુ પણુ મેં આવા ઢોંગોને વખોડી, નિર્દોષ નિષ્પાપી ધર્મની હીમાયત કરી એજ છે. તેમાં પરાણે પ્રીત કરવા મને બધા કહે છે, પણુ આત્મશ્રેય સાધવાનો જે સરલ ધર્મ હું પામી છું, તેનોજ ધર્માભ્યાસ કરી મેં દઢતર કરેલ છે, છતાં પણુ ભોળો શ્વસુરપક્ષ પોતાનો પંથ સ્વીકારવા મારાપર જુલમ ગુજારે છે, અને મને આવી રીતે સતાવી, પ્યારા પતિથી વિખુટી રાખે છે, હું તો શુદ્ધ જૈન ધર્મના આશ્રયેજ જીંદગી ગુંજારૂં છું. મારૂં અસહ્ય દુઃખ શુદ્ધ ધર્મ આચરતી વખતે હું વિસરી જાઉં છું. મારી જીંદગી હું આજ સુધી ટકાવી શકી છું, તેનું મુખ્ય કારણુ

*—"વરને વશ કરવા ઉર ધરે, કામિની ભોળી કામણુ કરે;
ઉલટું વેર વધેજ વિશાલ, ફાંસ કાઢતાં પેસે સાલ."

કવિ દલપતરામ.

મારી સ્વધર્મ પ્રત્યે અચલ શ્રદ્ધા અને પ્રવૃત્તિ છે. પતિને આ સત્ય કારણ સમજાવવાના મારા સર્વ પ્રયાસો નિષ્ફળ નિવડયા છે, અને હવે તને પણ વિનંતી કરૂં છું કે આ વાતનું પુનઃ સ્મરણ હવે કદી ન કરાવતી." આ પ્રમાણે બોલતાં બોલતાં સુભદ્રા નરમ થઈ ગઈ અને માંડ માંડ અશ્રુ રોકી રાખ્યાં.

આપણામાં ઘર કરી બેઠેલા મિથ્યાત્વના સંબંધમાં વિસ્તારથી વિવેચન કરવાનો ઉમદો ઉદ્દેશ અને તેથી થતા અનર્થોનું પ્રદર્શન, વાચકોની દૃષ્ટિ સન્મુખ મૂકવા યોગ્ય છે. ધર્મોપદેશકો તરફથી આ સંબંધે સ્પષ્ટ બોધ આપવાની જરૂર છે. શ્રીયુત **સંઘવી**નો અભિપ્રાય સત્ય છે કેઃ—"અજ્ઞાનની વૃત્તિનાં સાધન મોજ્યા વિના, અજ્ઞાનતાથી ખરૂં માની બેઠેલાઓની મશ્કરી કરવી એ અક્કલ કે શુદ્ધ બુદ્ધિસૂચક નથી. શુદ્ધ બુદ્ધિથી ચાલતી ભૂલભરેલી ધાર્મિક સમજ પણ કાચા સુવર્ણ જેવી છે, તેને જ્ઞાનના સાધનવડે ધમવાથી શુદ્ધ અને કીંમતી થઇ શકે છે."

મિથ્યાત્વના વધતા જતા વેગને અટકાવવા, ઉપદેશકો શુદ્ધ ધર્મબોધ આપશે તો, કાચું સોનું પણ તવાઇને શુદ્ધતર બની જશે. સ્વધર્મ જ્ઞાનના અભાવમાંજ મિથ્યાત્વની મજબૂતાઇ રહેવી સંભવે છે. '**शुचि प्रवेशे मुशल प्रवेशः**' સોયને પેશવા જેટલું છિદ્ર થતાં, તેમાં સાંબેલું પેશવાનો માર્ગ શનૈઃ શનૈઃ થઇ જાય છે. તેને દેખાદેખીનું પોષણ મળવાથી પુષ્ટ થઇ તે અનર્થ ઉપજાવે છે, એટલુંજ નહિ પણ પરિણામે તે વિકાળ રૂઢિ રાક્ષસીના દાસ–ગુલામ બનવું પડે છે.

'**स्वधर्मे निधनं श्रेयः**'

પ્રકરણ ૪ થું.

હીરાની કીંમત.

સૂર્યનારાયણની સ્વારી પશ્ચિમ દિશા તરફ જતી નિહાળી, **કાંતા** પોતાને ઘેર જવા નીકળી. **સુભદ્રા** સાયંકાળના આવશ્યકાદિ ધર્મકર્તવ્યમાં પ્રવૃત્ત થઈ. સંસાર માંહેના સર્વ પ્રાણીઓ દિવસનો શ્રમ ઉતારવા આરામ-વિશ્રામ લેવાની યોજનાઓમાં રોકાવા લાગ્યાં. પક્ષીઓ પણ પોતપોતાના માળામાં ભરાઇ, વ્હાલાં બચ્ચાંઓને ગોદમાં લઇ આનંદ માનવા લાગ્યાં.

સુભદ્રા હજુ પ્રભુ પ્રાર્થના અને પ્રતિક્રમણ ક્રિયામાંથી પરવારી ન્હોતી, તે દરમ્યાન તેની નણંદ **લલિતા** તોરમાં આવી, તેની ધર્મક્રિયા કરવાની ઓરડીમાં આવી. અંધકારને લીધે તે **સુભદ્રા** સાથે અથડાઇ અને **સુભદ્રાને** પોતાના પગનાં ઝાંઝર પણ વાગ્યાં ખરાં, પરંતુ નણંદના સન્માનાર્થે-દાક્ષિણ્યતા માટે તથા પોતે વ્રત-નિયમમાં હોવાથી મૌનજ ધારી લીધું. તથાપિ નણંદ તો પ્રવેશ કરતાંજ ઝબકી અને મુક્તકંઠે વાગ્બાણવૃષ્ટિની શરૂઆત કરી-"અંધારામાં એકલાં પડી રહેતાં તું બ્હીતી પણ નથી ! ભૂતની જેમ આખો દીવસ અંધારા ઓરડામાં ભરાઈ રહેવું કેમ ભાવે? તું જે કરતી હોય તે તો તું જાણે અને તારાં કરમ જાણે, પણ બાએ કહેવરાવ્યું છે કે,-'**જો તું તારા**

સ્વામીનું ભલું ઈચ્છતી હો તો, આજે દિવાસાનું જાગરણ કરજે.' એટલું હું તને કહેવા આવી છું સમજી કે?"

"ઠીક લલિતા બ્હેન!" સુભદ્રાએ સમયસૂચકતા વાપરી વિવેકની ખાતર શાંતિથી જવાબ આપ્યો-"સાસુજીની આજ્ઞા મારે શિરસાવંદ્ય કરવી એ મારો ધર્મ છે. પણ........"

'તું તો નવરી છે' લલિતા ઠણકો કરી બોલી 'તારૂં પણબણ ને ગણગણ સાંભળવા હું કાંઇ નવરી નથી, મારી સખીઓ મારી વાટ જોઈ બહાર ઉભી છે. તારી પેઠે હું એકલડી નથી ને!" સુભદ્રા કાંઇ પણ પ્રત્યુત્તર આપે, તે પહેલાં તો લલિતા વિજળીના વેગની જેમ અદૃશ્ય થઈ ગઇ. સુભદ્રા તો સ્તબ્ધજ બની ગઇ. પ્રતિક્રમણ પાળી ત્યાંજ બેશી રહી. બત્તી સળગાવવાનું પણ ભૂલી ગઇ. જેમ જેમ અંધકાર વધતો ગયો, તેમ તેમ સુભદ્રા સ્વદુ:ખના સ્મરણમાં વધારે સપડાતી ગઇ. સાસુજીની આજ્ઞા પાળવાની ખાતર પોતાની ઓરડીમાંજ રજની જાગરણ કરી. ધર્મસ્તવનો બોલી રાત્રિ પ્રસાર કરવા પોતાના અંતઃકરણની સલાહ માગી. પરંતુ કશો નિર્ણય થાય તે પહેલાં તો તેની કાંતા સખીએ દ્વાર પાસે આવી પ્રશ્ન કર્યો:-"સુભદ્રા બ્હેન! અંધારામાં કેમ બેઠી છું? દીવો બુઝાઇ ગયો લાગે છે." આ શબ્દોએ સુભદ્રાને જાગૃત કરી. તરતજ ઉઠીને દ્વાર પાસે આવી બોલી-"આવ બ્હેન! અંધારી રાતે અત્યારે કેમ આવવું થયું?" 'કારણ તો તું જાણે છે.' કાંતાએ ત્યાં ઉભાંજ ખુલાસો કરવા માંડયો-"તારી સાસુજીએ કહેવરાવ્યું છે કે,

સુભદ્રાને આ પહેલુંજ એ વ્રત છે, માટે પૂરૂં અખંડિત જાગરણ કરાવજે. તેથી હું તને તેડવા આવી છું. આપણે ચોકમાં એક ઓટલાપર બેસી ધર્મકથા અને વાતચીત કરીશું, ત્યાંતો રાત વીતી જશે. રમતગમતમાં ભાગ ન લેતી, પણ તારે આવ્યા વિના તો છુટકોજ નથી.” આ સંક્ષિપ્ત સમજથી, શ્વસુરપક્ષના સખ્ત ડરને લીધે પોતાની વર્ત્તમાન સ્થિતિને વિશેષ વિપત્તિમય ન કરવા, મન નહિ છતાં શાણી સુભદ્રા જવાના નિશ્ચય ઉપર આવી, બહાર જવા લાયક કપડાં પહેરી લીધાં અને બંને સહીયરો ચોકમાં સ્ત્રીમંડળ પાસે આવી.

મોહોલ્લાની ઘણીખરી સ્ત્રીઓ આ ચોકમાં એકઠી થઇ હતી– કેટલીક નિર્લજ્જ લલનાઓ એકબીજાની બિભત્સ મશ્કરી કરી અનર્થ દંડનો ભાર માથે લેતી હતી, નાના નાવલીઆવાળી મુગ્ધાના દુઃખનું સ્મરણ કરાવી ચેનચાળા કરતી હતી, પિતા જેવડા પતિની પત્ની થયેલ કેટલીક પ્રમદાઓને, બાપના ખોળામાં બેસવાના વિશેષણો લગાડી કેટલીક તેમને પજવતી હતી. કેટલીક ગૃહિણીઓ બિભત્સ અને વિયોગના વિકારી રાસડાઓમાં તાલિપ્રદાન કરી ઘુમતી હતી, જેમાં વસ્ત્ર આઘાંપાછાં થઈ જતાં તો તેની દરકાર પણ કરતી નહિ. કેટલીક કામિનીઓ અંદર અંદર વરવહુ બની, લગ્નના ફારસનું અનુકરણ કરી રહી હતી. એક બાજુ મરણ પ્રસંગ કલ્પી કેટલીક ભામિનીઓ છાતી–કૂટી છાજીયાં લેવાનું, પોતાને આંસુ ન આવે પણ પ્રેક્ષકની આંખમાં આંસુ લાવનારાં આર્ત્ત–રૌદ્રધ્યાનનાં રોવણાં લલકારવાનું અને લોકોને

બતલાવવા માટે જરા પણ ન વાગે તેવી રીતે પછડાટીયા ખાવાનું નિંદ્ય કૃત્ય કરતી હતી. કેટલીક અધમ અંગનાઓ આ તકનો લાભ લઇ, ટોળામાંથી છટકી અડખેપડખેના ખાંચામાં પરપુરૂષ સાથે વાતો કરી, પતિના શ્રેયનું દાંભિક વ્રત ઉજવતી હતી. ત્યારે કેટલીક વંઠેલી વનિતાઓ જાગરણમાં જવાને બ્હાને કુટણીઓના ઘરમાં ભરાઇ હતી. ચોકની આસપાસનાં મકાનોની બારીઓ વિષયી પુરૂષોથી ભરાયેલી હતી અને આ કોલાહલમાં તેઓ આનંદ પામી પાપપુંજની કમાણી કરતા હતા. કેટલીક સમાન વયની સખીઓ **સાસુના સંતાપ અને નણંદની નકટાઈ**નાં વગોણાં ગાઇ કુટુંબ છિદ્ર ખુલ્લાં કરતી હતી. કેટલીક વ્હેમીલી લલનાઓ સંતાન માટે ધુતારી સ્ત્રીઓની મલીન સલાહ માગતી હતી. કેટલીક લંપટ લલનાઓ પોતાના વરને વશ કરવાના દોરા ધાગા માટે પૂછપરછ કરતી હતી. કેટલીક બીજાનાં રમ્ય કપડાં અને ચળકતાં ઘરેણાં જોઇ, તેવાં પોતાને માટે કરાવવા પતિને પજવવાના નિશ્ચયપર આવતી હતી. આ એ વ્રતના જાગરણમાં પતિના દીર્ઘાયુષ્ય કે શ્રેય માટે પ્રાર્થના કરતી ભાગ્યેજ કોઇ સ્ત્રી જણાતી હશે. દિવાસાનો આ મહિમાવંતો ઉત્સવ જ્યારે આવી અનીતિથી ઉજવાતો હતો, ત્યારે **સુભદ્રા અને કાંતા** ચોકના એક ઓટલાપર બેસી આસપાસનાં નાટક નિહાળતાં વાતે વળગી હતી.

સુભદ્રાનું સૂકું અંગ, ઉંડી આંખો, નિસ્તેજ વદન, મૃતવત્ શરીર અને ચિંતાગ્રસ્ત સ્તબ્ધ દૃષ્ટિ–આ બધું, તે લાંબી

બીમારીનું બીછાનું છોડી આવી હોય એમ એક પૂરાવારૂપ હતું. ચુપકીદી ચિંતાનું રૂપ ન લે તે માટે કાંતા જુદા જુદા પ્રસંગ કાઢી સુભદ્રાને વાતે વળગાડતી હતી અને સુભદ્રા વચ્ચે વચ્ચે ચંદનબાળા, દ્રૌપદી વિગેરેનાં દૃષ્ટાંતોથી કરૂણારસનું પોષણ કરતી હતી.

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. સુભદ્રા કાંતા પાસે પ્રસંગે હૃદયનો ભાર ઓછો કરતી. જ્ઞાનીઓનાં ગ્રંથો અને પવિત્ર સતીઓનાં ચરિત્રો વાંચી, તેનું અનુકરણ કરવા સમયનો સદુપયોગ કરતી જીવનયાત્રા ચલાવતી હતી. જેમ સંસાર માંહેની સર્વ દૃશ્ય વસ્તુઓનો અંત છે, તેમ સુભદ્રાના સંકટનો અંત આવવાનો પ્રસંગ બની આવ્યો. આ પ્રસંગ જો કે અનાયાસે અને કફોડી સ્થિતિમાં તેને પ્રાપ્ત થયો. 'સારાં પરિણામ (ફલ) માટે પ્રાયઃ શરૂઆતમાં કષ્ટ સહન કરવું પડે છે.' આ ન્યાયતઃ ચાલુ પ્રસંગ પરત્વે પણ સુભદ્રાને શરૂઆતમાં અસહ્ય સંકટ સહન કરવું પડયું હતું. જો આ સત્યની કસોટીનો પ્રસંગ ન આવ્યો હોત તો, સોળ સતીઓ માંહેની એક સતી તરીકે તેનું નામ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે જળવાઇ રહ્યું છે અને શ્રદ્ધાળુ જૈનો પ્રભાતમાં તેનું સ્મરણ કરે છે તે ભાગ્યેજ બનવા પામત.

હીરાને શરાણપર ચડાવતાં તેની કીંમત વધે છે, સજ્જનોપર આવતાં સંકષ્ટો એ તેમની કસોટી છે અને ત્યાંજ સજ્જનતાનો પ્રકાશ દુનિયા માટે એક દિવ્ય દાખલારૂપ થાય છે. ધન્ય છે તે સજ્જન મહાત્માઓને અને પરમ મહાસતીઓને !!!

પ્રકરણ ૫ મું.

મહાત્માનું આગમન,

યા

અચલ સન્નિષ્ઠા.

સર્વત્ર સૂર્યદેવનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું હતું. ઉદ્યોગી માણસો આહારાદિક ક્રિયા કરી ઉદ્યોગમાં પ્રવૃત્ત થવાની તૈયારી કરી રહ્યા હતા. શ્રમિત કિંકરવર્ગ શ્રમથી મુક્ત થવાને ભિન્ન ભિન્ન રીતે નિવૃત્તિ લેવા ઉદ્યક્ત થતો હતો. શ્રીમંતલોક સાત્વિક ખોરાક લઇ બે ઘડી પલંગપર પોઢવાની તૈયારીમાં હતા. સાહિત્ય પ્રેમીપુરૂષો પથારીમાં પડ્યા પડ્યા પુસ્તક વાંચનમાં લાગેલા હતા. શ્રમિત મુસાફરો શાંત થઇ વૃક્ષઘટા નીચે પત્થરના ઓસીકાપર મસ્તક મૂકી નિંદ્રાદેવીનું શરણ લેતા હતા. વૃક્ષો પણ જાણે ઘડીવાર નિદ્રાદેવીનો સત્કાર કરતા હોય તેમ પવનના અભાવે નિઃકંપ થઈ રહ્યા હતા. ઉષ્ણઋતુના ઉગ્ર તાપથી આકુળવ્યાકુળ થઇ પક્ષીગણ શીતલ વૃક્ષઘટામાં ભરાઇ બેઠો હતો. આ વખતે સપ્ત તાપમાં એક મહામુનિ માસોપવાસનું પારણું કરવા નિર્દોષ આહાર નિમિત્તે આમતેમ ભમતા હતા. 'ઉપવાસનું પારણું કરવા બેઠેલ સધવા સ્ત્રી જો વિગયરહિત–લુખો આહાર વ્હોરાવે તોજ પારણું કરવું.' આ ઉગ્ર અભિગ્રહ ધારણ કરેલ

હોવાથી તે સંયતિ નિસ્પૃહ મુનિને એ ઘરથી નિષ્ફલ થઈ પાછું પણ ફરવું પડયું હતું.

સાસુ સસરાથી ભંભેરાયલા પોતાના પતિથી તજાયેલી સુભદ્રા એકાંતરે ઉપવાસ કરી વિષયના વેગને દબાવી આત્મસાધન કરતી હતી. વિગયરહિત આહાર લઇ, શાંત મનથી નિવૃત્તિ માર્ગનું સેવન કરતી હતી. આજે તેના ઉપવાસના પારણાનો દિવસ હતો અને અત્યારે તે ભોજન કરવાની તૈયારીમાં હતી. સતીના સત્યને પ્રકાશમાં લાવવા સુભદ્રાને આજે કુદરત તરફથીજ સહાયતા મળી. તે મહાસાધુ અત્રે પધાર્યા. પૂર્વકૃત પ્રબલ પુણ્યોદયથી પોતાને ઘેર આવતા તે શાંત મુનિરાજને નિહાળી, સતી સુભદ્રા મનમાં બહુ હર્ષ પામી અને આહાર વ્હોરવા નમસ્કારપૂર્વક વિનંતિ કરતી અંજલી જોડી ઉભી રહી. દુસ્તપ તપતાં જો કે તે સામાન્યતઃ કૃશ થઈ ગઇ હતી, છતાં તેના દરેક અંગમાં લાવણ્ય ચળકી રહ્યું હતું. આવા એકાંત પ્રસંગે પણ તે જિતેંદ્રિય સાધુ પોતાના પાદાંગુષ્ઠ તરફજ દ્રષ્ટિ રાખી ઉભા રહ્યા.

" નિરખીને નવ યૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન. "

અહા! રસ્તામાં ચાલતાં પણ પરસ્ત્રી પ્રત્યે વિકાર દૃષ્ટિથી જોનારા વિષયાંધ પુરૂષોને આ પ્રસંગે બહુ બોધ લેવાનો છે. વિકારી વસ્તુ સન્મુખ છતાં જેમનું મન પવિત્ર છે, તે ધર્મવીરોને કોટિશઃ ધન્યવાદ છે!! " विकार हेतौ सति विक्रियंते येषां न चेतांसि त एव धीराः " પોતાની પત્ની અને બ્હેન તરફ

જેવી વિકારી અને અવિકારી દૃષ્ટિ રહે, તેવીજ રીતે હરેક મનુષ્યે પોતાના પાવન જીવન તરફ દૃષ્ટિ રાખી સન્માર્ગનો આશ્રય કરવો જરૂરનો છે. વખત આવે, જ્યારે મનુષ્યની પવિત્રતાનો પ્રકાશ પ્રગટ થાય છે, ત્યારે તે એક દીવ્ય પુરૂષ થઇ જગતને જપનીય થાય છે.

આ ઉત્તમ અવસરનો લાભ લેવા સુભદ્રા તૈયાર થઇ. તે નિર્દોષ, આહાર લેવા પુનઃ તે મુનિને વીનવવા લાગી, એટલામાં અચાનક ઉત્પાત કરતો, રજઃકણોને ઉંચે ઉડાડી આકાશમાં ભમાવતો વંટોળીઓ–ચડી આવ્યો. ચારે બાજુ ધૂલીના ધોંસથી બાજુમાં પડેલ વસ્તુ પણ ન દેખી શકાય એવું તિમિર પ્રસરી રહ્યું. તે વખતે **સુભદ્રાની** સન્મુખ ઉભેલ તે મહા મુનિના નેત્રમાં એક રજઃકણ પેશી ગયું, જેને લીધે નેત્રમાંથી અશ્રુપાત થવા લાગ્યો. પવન બંધ થતાં તરતજ મુનિની આંખમાંથી પડતાં અશ્રુબિંદુઓ સુભદ્રાના જોવામાં આવ્યાં. પવન બંધ થતાં પણ મુનિનાં નેત્રાંસુ બંધ ન થવાથી સુભદ્રાને બહુ ખેદ થયો. શરીરની મૂર્છાને જલાંજલિ આપનાર તે મહા મુનિએ પોતાના નેત્રમાંથી રજઃકણ કાઢવાનો પ્રયત્ન પણ ન કર્યો. તેથી સુભદ્રાએ પ્રશ્ન કર્યો–'મહાત્મન્! રજઃકણથી આપને વેદના થતી હશે, માટે તે કાઢવાની કેમ ઉપેક્ષા કરો છો?' જ્યારે સુભદ્રાને ઉત્તર ન મળ્યો એટલે તે વિચારવા લાગી–'આ મહા મુનિ ***જિન**-

* જીનકલ્પી સાધુને ઘણી આકરી ક્રિયાઓ પાળવી પડે છે, દેવતા, મનુષ્ય કે તિર્યંચ જે પરિસહ આપે તે સહન કરવાં પડે છે, જે મકા-

કલ્પી છે, તેથી તેઓ શારીરિક શુશ્રૂષામાં ઉપેક્ષાજ રાખતા હશે.' એમ સુભદ્રાને ખાત્રી થઇ. પોતાને હાથે તે રજ:કણ ન નીકળી શકે તેમ હોવાથી તે સમભાવી મુનિની અનુજ્ઞા માગી. સુભદ્રાએ પોતાની જીભવતી નિર્વિકારી ભાવથી રજ:કણ દૂર કર્યું, પણ પોતાના કપાળમાં કરેલ કુમકુમનું તિલક, તાજું હોવાથી તેનો ડાઘ મુનિના કપાળમાં લાગી ગયો તે સુભદ્રાને સરતમાં ન રહ્યું. સાધુ મહારાજ પોતાના વસ્ત્રનો છેડો પણ જો સ્ત્રીને અડકે તોપણ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. એ વાત સુભદ્રાથી કાંઇ અજાણી નહોતી, છતાં પણ સમયને અનુસરી તેમ કરવું પડયું. શુદ્ધ મનથી અને નિર્વિકારી નજરથી સુભદ્રાએ કરેલ સ્પર્શ તે મહા મુનિએ ન છુટકે સહન કર્યો હતો. સુભદ્રા આહાર લેવા અંદર ગઇ એટલામાં તે મહાત્મા સ્ત્રી સ્પર્શના પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ થવા માટે ત્યાંથી ચાલ્યા ગયા. મુનિને ન જોવાથી સુભદ્રા બહુ ખેદ પામી અને ધડકતી છાતીએ ત્યાંજ ઓટલા ઉપર ઊભી રહી.

નમાં હોય ત્યાં આગ લાગે તોપણ બહાર નીકળાય નહિ. કાંટા વગેરે પગમાં લાગે તો કઢાય નહિ, **આંખમાં રજ કે કણું પડે તો પોતાને કાઢવાં ન કલ્પે.** અશ્વ, હાથી વગેરે મારામાર કરતા સામાં આવે તોપણ ભાગી ન શકાય, શાતાનિમિત્તે છાયામાંથી તડકામાં અને તડકામાંથી છાયામાં જવું ન કલ્પે. જ્યાં જાય ત્યાં એક રાત્રિ રહે. ન જાણે ત્યાં બે રાત્રિ રહે. આવી આવી આકરી ક્રિયાઓ જીનકલ્પી સાધુને પાળવાની હોય છે. હાલમાં આવા સાધુઓનો અભાવ છે. અને આવાં કઠિન વ્રત હાલના શરીરોથી સહન થવાં પણ અશક્ય છે.

ખાવું ખાવાને ઠેકાણે રહ્યું અને વ્હોરાવવા લાવેલ આહાર પણ સુભદ્રાના હાથમાંજ રહ્યો. એટલામાં સુભદ્રાની સાસુ અને નણંદ ત્યાં આવી પહોંચ્યાં. બ્રાહ્મણવર્ગને ભોજન કરાવી આળસને ઉત્તેજન આપવામાં પુન્ય સમજનારો તેનો શ્વસુરપક્ષ સુભદ્રાથી વિરૂદ્ધ હતો. આજે તે મુનિના કપાળપર તિલકનો ડાઘ જોઇ સુભદ્રા માટે મોટી શંકામાં પડયો હતો. સુભદ્રાના વર્તન માટે આજે તેમને પૂર્ણ તિરસ્કાર છુટયો હતો. એક તો સુભદ્રા સાથે ધાર્મિક મતભેદ હોવાથી અણગમો ધરાવતાં હતાં. તેમાં આજે સબળ પૂરાવો મળવાથી ક્ષતપર ક્ષાર અથવા ઈર્ષ્યાગ્નિમાં ઘી હોમવા જેવું થયું હતું. સુભદ્રાના ધણીને કહી તેને શિક્ષાપૂર્વક અપમાન કરાવી ફજેતી કરાવવાના ઇરાદાને સફળ કરવાનો વખત પાસે આવેલો માની, તેમનું મન હળાહળ કરતાં પણ વધારે ઝેરી બની ગયું હતું.

આજકાલ અનેક સાસુઓ પોતાની પુત્રવધૂને પારકી પુત્રી તરીકે ગણી તેની પાસે હદ ઉપરાંત કામ કરાવે છે, એટલુંજ નહિ પણ કેટલીકવાર તો તેમને વૃથા સતાવી પોતાની સત્તાનો દુરૂપયોગ કરે છે. સુભદ્રાની સાસુ પણ તેજ પંક્તિની હતી. આવે પ્રસંગે વૈર લેવાને તે એક મજબૂત અને યુવાન સ્ત્રી જેવી બની અયોગ્ય અને બિભત્સ વાગ્ધારાને વર્ષાવવા ચૂકતી નહિ. તેની આંખો ક્રોધાનલથી તપ્ત અને રક્ત થઈ ગઇ અને ક્રોધાવેશમાં તેણે વાગ્બાણની વૃષ્ટિ શરૂ કરીઃ—

'અરે, નિર્લજ્જ!' સાસુ ઠણુકો કરી બે હાથ ઉછાળતી

રાંક બકરીને ખાઇ જવા જાણે વાઘેણ તૈયાર થઈ હોય તેવી આકૃતિથી ઘુરકવા લાગી—" રાંડ ધોળે દિવસે સાધુડાને ઘરમાં ઘાલી અધમાચારમાં ઉતરતાં તને જરા પણ શરમ ન થઇ ? આવું જોઇનેજ ધણીએ દૂર રાખી છે. આખો દિવસ ધર્મનો ઢોંગ કરી ભોળી ભામિનીઓને ભરમાવનારી તારા જેવી ધર્મ-ભ્રષ્ટ લલનાને હજારવાર ધિક્કાર છે !! તું કદાચ તારી ભ્રષ્ટતા કબૂલ ન કરે પણ તે સાધુડાના કપાળપર પડેલ તારા ચાંદલાનો ડાઘ હજી પણ કાયમ હશે. અરે ! કુલકલંકિની ! તારા જેવી અધમ સ્ત્રી કરતાં ખાલી ઘર સારૂં, પણ........"

'કેમ બા જોયુંને ?' વચ્ચમાં લલિતા શાણી થઇ બોલી–'ભાભીજીની ભક્તાઇ તો બહુ પવિત્ર હો ! બધાં ગૈરાં પાસે ભારે ડોળ કરતી કે, હું તો પતિવ્રતા છું, પતિના નામની માળા ફેરવું છું, સારાં વસ્ત્રાલંકારો પણ ધારણ કરતી નથી અને સાદા–નીરસ ખોરાક લઈ જીવન ગુજારૂં છું.' પણ આજે તે બધું પોકળ પ્રગટ થઇ ગયું અને બધી કપટબાજી આપણા જાણવામાં આવી ગઇ. મ્હોંડે મીઠી અને અંતરની જુઠી; શી ખબર કે ભાભીજી આવાં ઉભયાચારિણી હશે ? નહિ તો ભાઇને પરણાવતજ શા માટે ? મારા જેવી રૂપાળી અને હુશિયાર કન્યાની ક્યાં અછત છે ? બા ! કોઇ વખત આ બાજુથી નીકળું અને પુછું તો, અંદરથીજ જવાબ આપે કે માળા ફેરવું છું અથવા સામાયિકમાં છું. માળા તો આવા લંગોટીઆના નામનીજ ફેરવતી હશે !!

આ શબ્દો **સુભદ્રાની** છાતીમાં તીરની પેઠે વાગ્યા, તેના અંતરના ઉંડા પ્રદેશમાં ઉતરી પ્રતિક્ષણે વેદનાનો વધારો કરવા લાગ્યા. આ હળહળતા હૃદયભેદી કલંકથી તેનું હૃદય ભેદાઇ ગયું. પ્રસ્વેદના પ્રવાહથી તે આર્દ્ર થઇ ગઇ. ભય, શોક, નિરાશા, આશ્ચર્ય વગેરે ભાવોની છાયા તેના મુખ ઉપર પ્રસરવા લાગી. સાસુ નણંદની કટુવાણીનો પ્રવાહ જેમ જેમ વેગથી વધતો ગયો, તેમ તેમ સુભદ્રાનું શ્રવણ યુગલ તે ગ્રહણ કરવાને અશક્ત થતું ગયું. વગર તપાસ કર્યે અને વગર પૂછયે માત્ર ખોટું અનુમાન કરી પોતાપર કરવામાં આવેલ અસહ્ય અને અયોગ્ય હુમલો સહન કરવા સુભદ્રા શક્તિમતી ન્હોતી, તેમ પોતાની નિર્દોષતા સાબીત કરવા, આ અયોગ્ય આક્ષેપનું નિવારણ કરવા, તેની વૃત્તિ ઉશ્કેરાતી હતી; પરંતુ તેમની મતિનું જાડય તત્કાલ નિવૃત્ત થવાનો સંભવ ન હોવાથી તેમને સમજાવવું '**वृथा वृष्टिः समुद्रेषु**' અથવા અરણ્યમાં રૂદન કરવા જેવું હતું.

કેવળ નિષ્ફલતા નીવડવાનો સંભવ અને પ્રશ્નોત્તર થતાં અધિક અનિષ્ટ થવાની ભીતિ હોવાથી તે વખતે સુભદ્રાએ તો મૌનજ ધરી લીધું.

નિર્દય નણંદ અને પ્રચંડ સાસુના મર્મભેદક વાકયો સુભદ્રાએ સાંભળ્યાં, પણ તે ન સાંભળ્યાં જેવાં કરી, સુભદ્રા પોતાના નિવાસસ્થાનમાં ચાલી ગઇ. આવી સંકટમય સ્થિતિમાં પારણું કરવાની પ્રવૃત્તિ સુભદ્રાથી થઈ ન શકી. એક ખુણામાં બેશી સજળ નયને તે પોતાના દીન હૃદયને આશ્વાસન આપવા લાગી–

દુઃખના પ્રવાહની ભરતીમાં પ્રથમ તે રોઈ–કકળી, નિશ્વાસ નાખ્યા, ભૂખથી બેભાન થઇ ગઇ, પણ તે અવસરે કોઇએ તેને દિલાસો ન આપ્યો. તે વિશેષ વ્યાકુળ બની ગઈ, એટલામાં સ્વાભાવિક રીતે કુદરત તરફથીજ શીતલ વાયુ લહરીનું આશ્વાસન મળ્યું. તરતજ તે સાવધાન થઇ–જાગૃતી આવી. ભવિષ્ય સુધારવા તે વિચારશ્રેણીપર આરૂઢ થઇ, પ્રારબ્ધના અસહ્ય પ્રસંગનો કંટાળો તેને ઉતરી ગયો. ‘શા માટે મારે વ્યાકુળ થઇ ધૈર્ય તજવું જોઇએ ? આક્રંદ કે વિલાપ કાંઈ કાર્યસિદ્ધિના ઉપાય નથી, તેથી તો લાભને બદલે હાનીજ સંભવે છે. અધૈર્ય કે વ્યાકુળતાથી તો પ્રાપ્ત થવાના ફળનો વિનાશજ થવાનો ! ! મારી નિર્દોષતા સર્વ સમક્ષ સાબીત કરવા મારી વૃત્તિના વેગને હું અટકાવી શકતી નથી, છતાં પણ યોગ્ય પ્રસંગ વિના આ કાર્ય અન્ય પ્રકારે સ્પષ્ટ થવું અશક્ય હોવાથી મિથ્યા પ્રયાસ હાલ શું કરવો ? મિથ્યા શબ્દજાળ ગુંથવા કરતાં–કહેવા કરતાં કરી બતાવવામાં વધારે શ્રેય સમાયેલું છે.’

આ પ્રમાણે વિવેક વિચારથી વ્યાકુળતાને સમાવી સુભદ્રા નિત્ય કર્મમાં જોડાઇ ગઈ. સ્ત્રીઓને પતિવ્રત–સતીત્વ એજ સંસારમાં ખરેખરૂં સુખ છે, સતીત્વ એજ સ્ત્રીઓનું ખરૂં સૌભાગ્ય છે, સતીત્વ એજ સ્ત્રીઓનો સાચો શૃંગાર છે, સતીત્વથી મન માનતું સુખ મેળવી શકાય છે. સંસારમાં ગમે તેટલું સુખ હોય–પહેરવાને મૂલ્યવંત અને ચળકતાં વસ્ત્રાલંકારો હોય, રહેવાને બગીચાવાળો સુશોભિત મ્હેલ હોય અને બહોળું કુટુંબ

હોય તેમજ પાંચ જણામાં વાહ વાહ થતી હોય, પરંતુ જો એક સતીત્વ ગુણ ન હોય તો, નારી નાક વિનાના મુખ જેવી કદરૂપી લાગે છે. દ્રવ્ય ન હોય, ખાવા સ્વાદીષ્ટ ભોજન ન હોય, પહેરવા પૂરતાં વસ્ત્રો ન હોય, રહેવાને ઘાસ-તૃણની ઝુંપડી હોય, આ બધું સ્હેલાઇથી સહન કરી શકાય છે, પણ સતીત્વ વિનાનું સ્ત્રીનું જીવન તેના પતિથી સહન થઇ શકતું નથી. અબળાને સબળા તરીકે કહેવડાવનાર અને તેવા પ્રકારની દીવ્ય શક્તિ આપનાર પતિવ્રત-સતીત્વરૂપ પરમ સૌભાગ્ય છે.

સ્ત્રીઓના કોમળ હૃદયમાં સતીત્વ ગુણનો આવેશ એ એક તેમના હૃદયનું દીવ્ય ભૂષણ છે. પતિપ્રેમ અને પતિવ્રત એ બે બલિષ્ટ અને પવિત્ર મનોવૃત્તિઓનો સંગમ સતીત્વની ભાવનાના પ્રવાહને વેગવાન બનાવે છે. સતીત્વની ભાવના એ નીતિબળનું પૂર્ણ રીતે પોષણ કરનારી છે. પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસનાં પૃષ્ઠોનું અવલોકન કરતાં આપણને ખાત્રી થાય છે કે, સંસારમાં રહી સ્ત્રીઓએ જો કોઈ પણ ગુણની વિશેષ સંભાળ લીધી હોય તો તે સતીત્વ ગુણજ છે. આ ગુણનેજ મહત્વ આપી તેઓએ સતીત્વની સુંદર છાપ યુગોના યુગો સુધી પણ ન ભુંસાય તેવી અચલ અને ઉજળી કરી છે. આ ઉજ્વલ ગુણની શિતલ છાયામાં બધા ગુણો સ્વયંમેવ આગમન કરે છે, એમ શીલવતી માનુષી દેવીઓ સ્વીકારે છે. બીજા કોઇ પણ પ્રસંગે ભાગ્યેજ કરી શકાય એવાં અતર્ક્ય અને દુઃશક્ય સ્વાત્માર્પણનાં કામો, સ્ત્રીઓએ પોતાનું દીવ્ય પતિવ્રત જાળવવા

જીવનને જોખમમાં નાખીને પણ જગત્‌ને સાનંદાશ્ચર્યમાં ડુબાવેલ છે. મનુષ્ય જાતિ તરફથી તો શું પણ દીવ્ય દેવતાઓ તરફથી પણ પૂજ્યભાવ મેળવવા માટે સ્ત્રીઓનું સતીત્વ એજ રામબાણ મંત્ર છે.

પોતાનાં બે બાળકને સાથે લઇ બહાર જતી યુવતી સતીનું સતીત્વ ભ્રષ્ટ કરવા કોઇ દુષ્ટ, નીચ દુર્જને તેને ભયથી લલચાવવા, સ્વાધીન કરવા, જ્યારે તેનાં કુમળાં બે બાળકોનો તેની નજર આગળજ વધ કર્યો, ત્યારે તે વધ માટે નહિ, પણ પોતાના દીવ્ય ગુણ–સતીત્વની રક્ષા માટે 'જો હજી બીજાં બે બાળક હોત તો, આ દુષ્ટ તેમનો વધ કરે અને વિલંબ થાય તેટલામાં મને મદદ કરવા કોઇ આવી પહોંચત.' આવી લાગણીથી રૂદન કરનાર સતી માટે શું આપણને મગરૂર થવાનું નથી? પતિવ્રતને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય માનનારી સતીઓ માટેની નિશ્ચલતા સિદ્ધ કરવા, પોતાનું પવિત્રપણું તેવું ને તેવુંજ ઉજ્વળ રાખવા માટે તેઓએ પ્રાણનો પણ ત્યાગ કરેલ છે, એવા અનેક પૂરાવા, દૃષ્ટાંતો પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ શાસ્ત્રમાં ચળકતા સુવર્ણાક્ષરોથી ચળકિત થઇ રહ્યાં છે. સતીઓની જ્યારે કસોટી કરવાનો વખત આવે છે, ત્યારે તેમનામાં એટલું તો દીવ્ય બળ અને અસહ્ય તેજપ્રતાપ પ્રગટ થાય છે કે, તે વખતે મનુષ્ય તો શું પણ કોઇ સમર્થ દેવ આવે તોપણ તેમની મનોવૃત્તિ ચપલ અસ્થિર કરી શકતો નથી. આવે પ્રસંગે પોતાના સંતાનની પણ તેને દરકાર રહેતી

નથી. ધન્ય છે તે અડગ આર્ય સતીઓને ! !

સ્ત્રીઓનું સર્વસ્વ લૂંટી, તેમને કદાચ ભિક્ષુક જેવી સ્થિતિએ પહોંચાડવામાં આવે તોપણ તેમના ચળકતા દીવ્ય શીલરત્નથી દેવાંગના કરતાં પણ વધારે સૌંદર્યવતી હોય છે, પોતાના જીવનના અંત સુધી પણ તેઓ પતિવ્રત પાળવામાં પછાત પડતી નથી. નવાબ સિરાજુદ્દૌલાએ ભવાની નામની એક સ્વરૂપવતી સુંદરીનું સતીત્વ બલાત્કારે લૂંટવાનો યત્ન કર્યો, ત્યારે તે પતિવ્રતાએ નવાબ ઉપર માત્ર એક પત્ર લખેલ, જે વાંચવાથી નવાબે તે સતીના સતીત્વ માટે પ્રશંસા કરી તેનો સત્કાર કર્યો હતો. આ પત્ર જો અત્રે ટાંકી લેવામાં આવે તો તે વધારે આવકારદાયક થઇ પડશે.

'અરે ! સુરાજુદ્દૌલા ! સ્ત્રીનું પતિવ્રત એક કાચા કુંભ જેવું છે. તે એક વખત જો સ્ખલિત થાય–ફુટી જાય તો નિરંતર તેવુંજ ફુટેલું રહે છે. અસંખ્ય ઉપાયો કરતાં પણ તે પોતાની અસલ સ્થિતિ મેળવી શકતું નથી. સ્ત્રીની લજ્જા લૂંટવી, તેને શીલવ્રતથી નષ્ટ કરવી, એ અમર્યાદ પગલું ભરનાર પોતાની પાવન પ્રતિષ્ઠાનો ભંગ કરી તેને કલંકિત કરે છે. રાજાએ પ્રજા પાલનહાર થઇ, પોતાનો ધર્મ ભૂલી જઈ, આવા અનીતિમય કાર્યમાં પ્રવૃત્ત થવું એ રાજ્ય અને કુળની પ્રતિષ્ઠાથી ભ્રષ્ટ થવા જેવું છે. ઓ નવાબ ! તારો કુબેરના જેવો અખુટ ભંડાર ઉઠાવી, મારા જેવી દીન અબળાને પતિત કરી તારા તપ્ત મનને શાંત કરવાની તારામાં શક્તિ છે, પણ મારી

પાસે તો તને યથાશાસન કરવા અને તારાં આ દુષ્ટ કૃત્યનો અંત આણવા–તેનો પ્રતિકાર કરવા એક પુટી બદામ પણ નથી. **અરે નવાબ!** તું ખાત્રીપૂર્વક માનજે કે, આ સ્થૂલ દેહના દરેક અવયવમાં એવો વૈરાગ્નિ–રોષાગ્નિ પ્રદીપ્ત થશે કે, તે તારા નાશનું કારણભૂત થઇ, તારા વિશાળ રાજ્યની ચોગરદમ એવા જોશથી પ્રસરશે કે, તારા સૌંદર્યનો નિર્મૂલ નાશ થશે નહિ ત્યાંસુધી તે શાંત થવાનો નથી. હે નવાબ! **સીતાનું** હરણ કરતાં લંકાધિપતિ **રાવણ** અને તેની અલૌકિક નગરીની શી દશા થઇ હતી, તે તારા સ્મરણમાં નથી? ભરસભામાં **દ્રૌપદી** સતીનાં ચીર ખેંચવા તૈયાર થયેલા **કૌરવોની** આખર કેવી અધોગતિ થઇ, તે તારા ધ્યાન બ્હાર છે? સ્ત્રીઓનું પતિવ્રત એ તેમનો એવો અખુટ અને અમૂલ્ય ખજાનો–ભંડાર છે કે, જેનું સંપૂર્ણ રીતે વર્ણન, તારૂં ધર્મશાસ્ત્ર કુરાન કે અમારૂં ધર્મશાસ્ત્ર પુરાણ પણ કરી શકયાં નથી. માટે પરમ કૃપાળુ **પરમેશ્વર** તારા આ અનીતિમય કાર્યમાંથી નિવૃત્ત થવાનો તને સન્મતિ આપે. રાજન્! વિચાર કર કે, કોઇ પણ મનુષ્ય પોતાની પ્રાણપ્રિય પ્રિયાનું આવા પ્રકારનું અપમાન–પરાભવ સહન કરી શકશે કે? કદાચ તારી પ્રેમદા આવી સંકટ સ્થિતિમાં આવી પડે, તો તું તેવા સંજોગોને પરાસ્ત કરવા શું પ્રયત્ન કે શાસન નહિ કરે?"

આ પત્ર જ્યારે **નવાબ** પાસે વાંચવામાં આવ્યું ત્યારે જાદુગરના પુતળાંની માફક તેણે શ્રવણ કર્યું અને થોડીવાર સ્થિર રહી સ્તબ્ધ થઈ, પછી તે બોલી ઉઠયો કેઃ—' યે ચીઠ્ઠી કોઇ

આદમસે આઇ નહિ—કોઇ ફરેસ્તાકી લિખી હુઇ હય;" આ પત્ર સાંભળી વારંવાર મનન કર્યા પછી તેણે કોઇ પણ પરસ્ત્રીપર અત્યાચારનો ઇરાદો પણ કર્યો નહોતો.

વ્હાલા વાચક ! **સુભદ્રાને** પોતાનું સતીત્વ સાચવવા આવા વિકટ સંજોગોમાં સપડાવું ન્હોતું પડયું, પરંતુ પોતાના પતિવ્રત માટે સ્ત્રીઓ કેટલી બધી કાળજીપૂર્વક પોતાનું જીવન ગુજારે છે, એ હકીકત જાણવાની ખાતર આ એક પુરાવાની જરૂર હતી. હવે આપણે પોતાના ઉજ્વલ જીવનને પ્રકાશિત કરવા તૈયાર-સજ્જ થયેલ શાંત અને શાણી **સુભદ્રા** તરફ દૃષ્ટિ ફેરવીએ.

પ્રકરણ ૬ હું.

અબળાનું ધૈર્ય યા દેવીદર્શન.

વખત વખતનું કામ બજાવે જાય છે. નિર્દોષની નિર્દોષતા ખાતર કે દુઃખીની વ્યાધિ ખાતર વખત રાહ જોતો નથી. સૂર્યાસ્તનો સમય સમીપ આવવા લાગ્યો, વ્હાલાં વાછરડાંથી વીખુટી પડેલી ગાયો ઉમંગથી ઘર તરફ પાછી વળવા લાગી, શુદ્ધ શ્રાવકો રાત્રિ ભોજનના ભયથી ભોજનની તૈયારીમાં હતા, વાળુ કરવાનો વખત થવા આવ્યો અને **સુભદ્રાને** આજે ઉપવા-સનું પારણું કરવાનું હતું, છતાં અસહ્ય અસત્ય કલંકરૂપ—વ્યા-

ધિથી ભુખ ચડી ગઈ અને પેટમાં અન્ન નાખવાની તેને સહજ પણ ઇચ્છા ન થઇ. માત્ર થોડું પાણી પી લઇ ચઉવિહાર કરી, તે પ્રભુ સ્મરણમાં પ્રવૃત્ત થઈ. વ્યાધિ–શલ્યગ્રસ્ત મન આ સ્મરણ કર્ત્તવ્યમાં સ્થિર રહી શકે એમ ન્હોતું અને પ્રતિકૂળ સંયોગોમાં અચાનક કપાળે ચોંટેલું કાળું કલંક આ અસ્થિરતાને સાહ્ય આપતું હતું. અનાયાસે અને વિના પ્રયાસે ચક્ષુઓ દ્રવિત થઇ જતી–નયન નીરમય થઇ જવાથી, સાહ્યતા ઇચ્છનારા વિચારોના આવા વાવાઝોડામાં તે સપડાઈ જતીઃ—

“ નયણાં મ્હારાં નીતરે, કોઇ લ્યો નયણાંની ધાર;
“ સાગર મ્હારા છીછરે, કોઇ લ્યો સાગરની સાર.
“ અભ્યાગતનાં આંસુડાં, કોઇ લ્યો નયણાંની ધાર;
“ પરમારથનાં દૂધડાં, કોઇ લ્યો નયણાંની ધાર,
કોઇ લ્યો નયણાંની ધાર,
કોઇ લો નયણાંની ધાર. ”

આ અનિષ્ટ પ્રસંગથી તેના હૃદય ઉપર મોટો આઘાત થયો હતો, પરંતુ અજ્ઞાન સ્ત્રીઓની માફક, તેણે માથું કે છાતી કુટવામાં અથવા રાગડાં તાણી રૂદન કરવામાં આ આપત્તિનો છુટકારો માન્યો ન હતો. વ્યવહારની વિટંબનાઓથી તે વાકેફ હોવાથી હૃદયમાં ઉઠતા અનેક તરંગો તેણે હૃદયમાંજ સમાવ્યા હતા. અબળા–હૃદયની નબળાઇને લીધે વિપત્તિના વિચારો તેનાપર વખતસર વિજય મેળવતા, પરંતુ સંસારનું ખરૂં સ્વરૂપ **સુભદ્રા** સમજતી હોવાથી કાયર ન થતી. આ અણીના સમયે

તેણે શાસન દેવતાની સહાયતા યાચી હતીઃ–હે **દયાળુ દેવ !** પતિવ્રતાનો ધર્મ પાળી વીરધર્મ આરાધવામાં મેં જે કાળજી રાખી છે અને સંકટો સહન કર્યાં છે, તે પર લક્ષ લાવી આ અણચિંતી આફતમાંથી મારૂં રક્ષણ કરો. હે **શાસનરક્ષક !** મારી લજ્જાનું રક્ષણ કરી, મારૂં સતીવ્રત સત્યતામાં લાવી શાસનની શોભા વધારવી આપનાજ હાથમાં છે. હે **ભક્તવત્સલ !** મૃગલી, વ્યાઘ્રના હાથમાં ફસાયેલી છે–ગરીબડી ગાય સિંહના સમુદાયમાં સપડાઈ ગઇ છે. એક દીન અબળા શ્વસુરપક્ષની સત્તા સાંકળમાં જડાઈ ગઇ છે. હે **શરણાગત પાલક !** આવા વિષમ સમયમાં આપ વિના મારે બીજું કોનું શરણ શોધવું ? મારા પર ચોતરફથી આપત્તિનું વાદળું તૂટી પડયું છે, માટે આપને શરણે છું.

હાથમાં જપમાળા અને મુખમાં **મહાવીર**નાં પવિત્ર નામનો અવ્યક્ત ઉચ્ચાર હોવા છતાં, પ્રસંગપરત્વે આજના બનાવોનું ચિંતવન તેના મનમાંથી પૂર્ણ રીતે પરાસ્ત થયું નહોતું. વિવિધ વિચારો કરી, આખર તે એવા નિર્ણયપર આવી કે, ‘ વ્યાધિ, મનની મુંઝવણ કે આંસુડાંનો પ્રવાહ, એ આવા દુઃખમાંથી મુક્ત કરવા–થવા કાંઇ પણ સાહ્યતા આપી શકવાના નથી, તો શા માટે કાયર થઇ તેનો આશ્રય કરવો ? શા માટે શરીરને નાહક શોસાવવું ? સંસારના પ્રાપંચિક વ્યવહારમાં આવા અનેક વિષમ પ્રસંગો પ્રાપ્ત થવાનો સંભવ હોવા છતાં, તે પણ મનુષ્યને એક રીતે લાભકર્ત્તા નીવડે છે. વિપત્તિ એ

સત્યનો પ્રકાશ કરવાની એક કસોટી–પરીક્ષા છે. શ્યામ અને ઉજ્વલનો નિર્ણય કરવાનું તે એક અચ્છું સાધન છે. જગત્માં યશોજીવન સ્થિર–અચલ કરવા કસોટી–કષ્ટની સહાયતાની ખાસ જરૂર પડે છે.

ભૂત–પૂર્વકાળની સપાટીપર દૃષ્ટિપાત કરતાં અનેક મનુષ્યો–સ્ત્રી પુરૂષોએ પોતાના સત્યની સાબીતી માટે અનેક અને અસહ્ય સંકટો સહન કર્યાં છે, એવા અનેક દાખલા ઇતિહાસનાં પૃષ્ઠોપર પ્રકાશવંત છેઃ–સતી **સીતાને રાવણ** રાક્ષસના પંજામાં સપડાવું પડયું અને સગર્ભા છતાં **રામચંદ્ર**જીના કોપનો ભોગ થઇ વનમાં એકાકી રહેવું પડયું, ભરસભામાં પાંડવોના દેખતાં પરમ સતી **દ્રૌપદી**નાં ચીર–વસ્ત્ર **દુઃશાસન**ના દુષ્ટ હાથથી ખેંચાયાં, ત્રૈલોકયનાથ દેવાધિદેવ તીર્થપતિ શ્રી **મહાવીર** દેવનું ચરિત્ર જોતાં ઉપરા ઉપરી પડતા ઉપસર્ગોમાં પણ તેઓ સુવર્ણ-ગિરિની જેમ અચલ રહ્યા હતા, **ગજસુકુમાર** જેવા બાળયોગીને પોતાના શ્વસુરના હાથનો અનલોપસર્ગ સહન કરવો પડયો, **પરદેશી** રાજાને પોતાની માનીતી પટરાણી **સુરીકંતા**ના હાથે હળાહળ ઝેર અપાયું, **વિજયશેઠ** અને **વિજયા રાણી**ને એક શય્યામાં શયન કરવા છતાં, પોતાની પ્રતિજ્ઞા પાળવા જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળવું પડયું. આત્મહિતાર્થે સંસારનો ત્યાગ કરી પૃથ્વી–પીઠપર વિચરતા ત્યાગી યોગીઓને પણ કાંઈ ઓછા સંકટમાં ઉતરવું નથી પડયું ? બૌદ્ધ ધર્મસ્થાપક શ્રી **ગૌતમ બુદ્ધ**ને અનેક જાતિકૂળ પ્રસંગોમાંથી પસાર થવું પડયું, ખ્રીસ્તી

ધર્મસ્થાપક **જીસસક્રાઇસ્ટને** વધસ્તંભપર લટકવું પડયું, મહાત્મા **સોક્રેટીસને** વિષપાન કરવું પડયું, હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી રાજાને નીચ ઘેર નોકરી કરવી પડી, પ્રલ્હાદને દંડાવું પડયું, **સુધન્વાને** તળાવું પડયું, **દયાનંદ સરસ્વતીને** વિષભક્ષણ–પાન કરાવવાનું કહેવાય છે. આવા પૃથ્વી પીઠપર પ્રકાશિત મહાત્માઓના દૃષ્ટાંતોપરથી બહુ શિક્ષણ ગ્રહણ કરવાનું છે. દુઃખદ પ્રસંગો મનુષ્યોને ખાત્રી કરી આપે છે કે, આસુરી અને દૈવી સંપત્તિનો કલહ અહોનિશ ચાલ્યાજ કરે છે; અર્થાત્ સુખ અને દુઃખ એ, દિવસ અને રાત્રિની જેમ દરેક પ્રાણીપર ફર્યાજ કરે છે. માટે પ્રાપ્ત થયેલ સંકટ સહન કરવાથીજ દુઃખમાંથી મુક્ત થવાનો માર્ગ મળી શકશે. મારે પણ કસોટી માટે મળેલી આ સુવર્ણ તકનો લાભ એવી રીતે લેવો કે, શ્વસુરપક્ષને અને વ્હાલા પતિને મારી નિર્દોષતાની હમેશને માટે ખાત્રી થઇ જાય. આવી ખાત્રી થશે તોજ મારૂં હમેશનું દુઃખ દૂર થઇ ભવિષ્ય જીવન સુધરશે અને અભ્યુદયરૂપ ઉદયાચલ પર સુખ–સૂર્યનો ઉદય થશે.

આવો નિશ્ચય કરી બીજા નિર્બલ વિચારોને હૃદય પ્રદેશમાંથી હાંકી દઇ 'જયાં સુધી **શાસનદેવી** આ કૂડા કલંકમાંથી મને મુક્ત ન કરે અને પવિત્ર **શીલવ્રતનો** મહિમા પ્રગટ ન કરે, ત્યાં સુધી શ્રી **પરમાત્માના** ધ્યાનરૂપ કાયોત્સર્ગમાંજ મારે સમયનો સદુપયોગ કરવો.' આવા પ્રકારનો દૃઢ નિશ્ચય કરી, સુધર્મનિષ્ઠ સુશીલ **સુભદ્રા** અચલ આસન કરી પરમાત્મ ધ્યાનમાં ત્રિકરણયોગે લીન થઇ.

જે રાત્રિને વિષે હજારો લોકો નિર્દોષ આનંદથી પરસ્પર વિનોદવાર્તાથી વખત વીતાવતા હતા, જે રાત્રિ અનેક ભક્તોને શાંત ચિત્તથી પ્રભુસ્મરણ કરવામાં સંપૂર્ણ સહાયતા આપતી હતી, જે દિવસ પ્રચંડ પરિશ્રમથી શ્રમિત થયેલા ઉદ્યોગી માણસોને, જે રાત્રિનિશા વિશ્રાંતિ આપી શીતલતાનો સ્વાદ ચખાડતી હતી, જે રજની અગ્નિદેવ અને પંચસમક્ષ પ્રતિજ્ઞાપૂર્વક પ્રેમગાંઠથી બંધાઇ સંસાર સુખની નિસરણીપર આરૂઢ થવાના દંપતી વર્ગને અવનવો આનંદ અર્પવામાં સાક્ષીભત હતી. ટુંકામાં યોગી અને ભોગી બંને સ્થિતિસ્થ માણસો પોતપોતાની સ્થિતિનો લાભ લેતાં રજની દેવીનો આભાર માનતા હતા. તેજ રાતે આ નિષ્કલંક પણ કેટલાક વિઘ્નસંતોષીઓના કડવા કથનથી જગત્‌ની સ્થલ દૃષ્ટિ સમક્ષ સકલંક થયેલી દીનબાળા પોતાની નિર્દોષતાનો પ્રકાશ પાડી, જગત્‌ની સ્થૂલ અને સૂક્ષ્મ ચક્ષુ સમક્ષ પોતાનું સતીત્વ સિદ્ધ કરી આપવા–સાબીત કરવા એકાગ્રતાથી શાસનદેવીનું આરાધન–ધ્યાન, સ્મરણ કરતી હતી. ઉત્તરોત્તર તેની ધ્યાન–ધારા સતેજ થઇ વૃદ્ધિ પામવા લાગી. તેના મનની અચલતા કોઈથી ચલાયમાન ન થાય તેવી હતી. તેની માનસિક સ્થિતિ એવી ટેવાયેલી હતી કે, પ્રભુભક્તિ અથવા દ્રવ્યાનુયોગના ચિંતવનમાં જ્યારે તે તાન લગાવતી, ત્યારે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રિપુટીની એકતા–તન્મયતા થઈ જતી. ધ્યાન વિષયક વસ્તુમાં પોતાની માનસિક વૃત્તિઓ તદાકાર કરી દેવાની ખુબી તે પ્રથમથીજ જાણતી અને

અનુભવતી હતી. તેમાં પણ આવા વિકટ પ્રસંગમાં તો તેની રગેરગમાં એવું બળ રેડાતું કે, ધારેલ કાર્યને સફળ કરવા તે એક શૌર્યવતી બની જતી. આવી સાત્ત્વિક વૃત્તિથી શાસનદેવીનું સ્મરણ કરી મંત્રજાપ કરતી તે એક યોગિની-તપસ્વિની જેવી લાગતી હતી. માનસિક બળના પ્રબળ વેગથી એવું તો તેણે સ્મરણ કર્યું કે, પોતાનું માનસિક તંત્ર તે દેવીના માનસિક તંત્ર સાથે જોડી દીધું. દેવીએ અવધિજ્ઞાનનો પ્રયોગ કરી જોયું તો, સતી સુભદ્રાપર મિથ્યા કલંકરૂપ કષ્ટ આવ્યું છે, જેને દૂર કરવા અને શાસનની શોભા વધારવા તે મારી સહાયતા માગે છે. તેથી તે સંતુષ્ટ થઈ સતીને સહાય કરવા પોતાના દીવ્ય ભોગનો ત્યાગ કરી તે મર્ત્ય લોકમાં આવી અને અદૃશ્ય રહી, સુભદ્રાને ઉદ્દેશી કહેવા લાગીઃ-'હે સ્ત્રીશિરોમણી સુભદ્રા! તારા દીવ્ય ગુણથી અને સાત્ત્વિકવૃત્તિથી હું તારા ઉપર પ્રસન્ન થઇ છું, માટે મારા નિમિત્તનો કાયોત્સર્ગ સમાપ્ત કર.' એકાએક શ્રવણ યુગલપર આ દીવ્ય શબ્દો પડવાથી તે ચમકી ગઇ અને કાયોત્સર્ગ સમાપ્ત કરી એકદમ ઉભી થઈ ગઇ અને તરતજ શાસનદેવીને પંચાંગ નમસ્કાર કરી, કરયુગલ મસ્તકપર-લલાટપર ધરી સવિનય બોલીઃ- 'હે ધર્મ-શાસનરક્ષક દીવ્ય માતા! મારૂં મિથ્યા કલંક દૂર કરો અને શાસનનો પ્રભાવ સતેજ કરો એજ પુનઃ પુનઃ પ્રાર્થના છે.' આથી વધારે શબ્દો તે બોલી શકી નહિ. અદૃશ્ય છતાં દીવ્યપ્રભાથી દેદીપ્યમાન દેવીએ તેને ધીરજ આપી કહ્યુંઃ-

' સતી ! ' सर्वं सत्ये प्रतिष्ठितम् ' આંતર રહસ્ય વિચારતાં તે કલંક નથી, પણ તારી કીંમત વધારવાની તે એક કસોટી છે. છતાં લોકની સ્થૂલ દૃષ્ટિ પાસે તે કલંકરૂપ લાગે છે. બાળા ! હવે નિશ્ચિંત થા. એ કલંકથી તું પ્રભાતે મુક્ત થઇશ. ' આ દીવ્ય વાણીનો ઉચ્ચાર કરી **શાસનદેવી** અંતર્ધ્યાન થઈ ગઇ અને સુભદ્રા એક અલ્પ સમયમાં બનેલા આ અલૌકિક બનાવ માટે વિચાર કરતી, પોતાનાં સદ્ભાગ્ય માટે પોતાનેજ ધન્ય માનતી, આનંદ-સાગરમાં નિમગ્ન થઈ ગઇ.

પ્રકરણ ૭ મું.

સતીની પવિત્રતાનો પૂર્ણ પ્રકાશ.

લગભગ અરૂણોદયનો સમય થવા આવ્યો હતો. જગન્નેત્ર **રવિ-રાજાના** આગમન પહેલાં કૂકડાઓ છડીદાર તરીકેનું પોતાનું કર્ત્તવ્ય બજાવવા તૈયાર થયા. પૂર્વ દિશાના આકાશ પ્રદેશમાં નાનાં નાનાં વાદળાંઓની રેખાઓ પ્રગટ થવા લાગી. ઉદ્યોગપ્રિય લોકો નિદ્રાદેવીની ઉપાસનાનો ત્યાગ કરી, ઉદ્યોગ-કલ્પતરૂવરનું આરાધન કરવા તત્પર થવા લાગ્યા. પ્રભુના પરમ ભક્તો ભક્તિમય ભજન અને વ્રતધારી શ્રાવક રત્નો પ્રતિક્રમણની ક્રિયામાં પ્રવૃત્તિ કરવા સજ્જ થયા.

રાત્રિ દરમ્યાન બંધ રહેલા દરવાજા–નગરદ્વાર ખુલ્લાં મૂકવાનો સમય નજીક આવતો ગયો. શહેરની અંદર અને બહાર જવાવાળા લોકો દરવાજા પાસે આવી એકઠા થવા લાગ્યા. જનસમુદાયના કોલાહલથી જાગૃત થઇ, દરવાનો દ્વાર ઉઘાડવા તૈયાર થયા. પ્રથમ સ્વયંમેવ ઉઘાડવાનો કરેલ પ્રયત્ન નિષ્ફલ થયો. વખત વ્યતીત થઈ ગયેલ હોવાથી અને લોકોની અધીરાઇને લીધે તેઓ ગાભરા બની લોકોની સહાયતા માગવા લાગ્યા. કેટલાક બલિષ્ટ લોકોની સહાયતા પણ જ્યારે નિષ્ફળ નીવડી, ત્યારે વધારે ગભરાઇને સુતાર, લુવાર વિગેરે કારીગરોની મદદ માગવા દોડી ગયા, પણ દ્વાર ઉઘાડવાની ક્રિયામાં તો તેઓ પણ નિરાશ થયા. એટલે છેવટે નિરૂપાયે રાજાને ખબર પહોંચાડી, ભૂપાલ પોતાના અધિકારી વર્ગને સાથે લઇ, મુખ્ય દ્વાર પાસે આવ્યો. ગામમાં ખબર ફેલાવાથી લગભગ આખું ગામ આ તમાસો જોવા એકઠું થયું. બધા લોકો સમક્ષ, પોતાને રાત્રે આવેલ સ્વપ્નની વાત યાદ આવવાથી કહી સંભળાવીઃ–" ગઇ રાત્રે સ્વપ્નમાં એક દેવીએ મને કહ્યું કે ' આજ પ્રભાતે એક અમુક ખાસ કારણથી શહેરના બધા દરવાજા બંધના બંધજ રહેશે અને તે ઉઘાડવા ગમે તેટલા પ્રયત્ન કરવામાં આવશે, તોપણ તે ઉઘાડી શકાશે નહિ. પરંતુ જો કોઈ સતી સ્ત્રી ચાલણીને કાચા સુતરના તાંતણાવતી બાંધી, કુવામાંથી પાણી કાઢશે અને તે પાણી જો દરવાજાપર છાંટવામાં આવશે, ત્યારેજ દ્વારનાં બારણાં–કમાડ ઉઘડશે. ' હે પ્રજાજનો ! આવી રીતે દેવીએ સ્વપ્નમાં

મને કહ્યું છે, પણ આથી આપણને ગભરાવાનું કાંઇ કારણ નથી. કારણ કે આપણા શહેરમાં એવી ઘણી સતી સ્ત્રીઓ છે. છેવટે મારૂં અંતઃપુર–જનાનખાનું તો પતિવ્રતા પ્રેમદાઓથી પરિપૂર્ણ છે, કે જેમણે પરપુરૂષના પડછાયાનો પણ સ્પર્શ કર્યો નથી, તો તેમના સતીત્વમાં ખામી આવેજ ક્યાંથી ? તેઓ હમણાંજ આવી દેવીના કહ્યા મુજબ કુવામાંથી પાણી કાઢીને દરવાજો ઉઘાડશે.”

એ પ્રમાણે પ્રજાજનને ધીરજ આપી, વસ્ત્રાલંકારથી વિભૂષિત થઇ દ્વાર–ભૂમિ પાસે આવવા રાજાએ તરતજ રાણીઓને કહેવરાવ્યું અને પોતાને આ કૌતુક જોવા માટે તે કુવા પાસે એક ઉચ્ચ બેઠક ગોઠવાવી. થોડીજ વારમાં અંતઃપુરની તમામ રાણીઓ રાજાના હુકમ પ્રમાણે ત્યાં હાજર થઇ. રાજાએ બધી વાત વિગતવાર કહી સંભળાવી અને પછી કાચા સુતરથી ચાલણીવતી કુવામાંથી અનુક્રમે એકપછી એક રાણી પાણી કાઢે એવો આદેશ કર્યો. રાણીઓ પોતાના અખંડિત શીલ માટે પૂર્ણ રીતે સાશંક હતી અને આ દુઃશક્ય કાર્ય આપણાથી સિદ્ધ નહિ થઇ શકે એવી પણ તેમના મનમાં કાંઇક ખાત્રી હતી, છતાં પોતાના પ્રાણપ્રિય પતિની આજ્ઞાને માન આપી, અનુક્રમે તેઓ આ દુષ્કર કાર્ય સાધવા તૈયાર થઇ. પ્રથમ પટરાણીએ રાજાના દેખતાં આ પાણી કહાડવાનો પ્રયોગ અજમાવ્યો, પણ તરતજ કાચો તાતણો તુટી પડયો અને ચાલણી કુવામાં જઇ પડી. એમ એક પછી એક બધી રાણીઓએ કરી જોયું, પણ કોઇનાથી આ કાર્ય સાધી શકાયું નહિ. પોતાથી આ કસોટીનું

કાર્ય ન થઇ શકવાથી રાણીઓ અધોમુખ કરી રહી અને રાજા પણ ઝાંખો પડી ગયો. આ વખતે સતીનો ડોળ કરનારી ઘણી સ્ત્રીઓ ત્યાં આવી અને કસોટીપર ચડતાં નિરાશ થઈ ગઈ. આ પ્રમાણે જ્યારે કાર્ય સિદ્ધ ન થયું. ત્યારે રાજા અને અધિકારી વર્ગ બધા ખિન્ન થઇ ગયા. રાજાએ તરતજ અધીરાઇના આવેશમાં ને આવેશમાં કહ્યું કેઃ–“ આખી ચંપાનગરીમાં એવી એક પણ સતી સ્ત્રી નથી શું ? કે જે આ દ્વાર ઉઘાડી કલંક દૂર કરે ! ! ”

‘ અંતઃપુર થયું દયામણું, રાજા થયો નિરાશ;
મોટપાણું મનમાં રહ્યું, ધીક પડયો ઘરવાસ.
નગર પડહ વજડાવીયો, વસ્તી દીસે હેરાન;
પ્રજાને પીડા ઘણી, કોઇ દો જીવતદાન. ’

રાણીઓની નિષ્ફળતાથી રાજા નિરાશ થયો, અંતઃપુરની સ્થિતિ તરફ તેને તિરસ્કાર છુટયો. પુરૂષ ગમે તેવો ધૈર્યવાન્ કે વીર્યવાન્ હોય, પરંતુ જ્યારે પોતાની પત્નીના સંબંધમાં જાહેર અવાજ થાય છે, ત્યારે તેનું ધૈર્ય કે શૌર્ય સટકી જાય છે, તે નિરાશ બની જાય છે અને વખતસર સાહસ કરવા પણ પ્રેરાય છે. કુવા પાસે ઉભેલા આ રાજાની આજે તેવીજ સ્થિતિ થઇ, પણ પાસે ઉભેલ સમયસૂચક પ્રધાનજીએ રાજાના શંકાશીલ અને ભયભીત મનનું સમાધાન કર્યું કેઃ–“ મહારાજજી ! આપ ગભરાઓ નહિ; કોઇ સ્ત્રી કદાચ કૂવામાંથી જળ કાઢવા સમર્થ ન થઈ શકી, તો તેમાં આપને નિરાશ થવાનું નથી, તેમ તે

સ્ત્રીઓ તરફ શંકા કરવાનું પણ કારણ નથી. રથ હાંકનાર સારથીઓના અચાનક સ્પર્શથી કે એવાં બીજાં અનિવાર્ય કારણોને લઇને, જનાનાની રાણીઓથી આ કાર્ય ન થયું તો શી ચિંતા છે? આ પૃથ્વી કાંઈ નિર્બીજ નથી. 'बहुरत्ना वसुंधरा' આપનું આ પવિત્ર નગર પણ સતીઓના સમૂહરૂપ છે. આ કાર્યની વ્યવસ્થા હું હમણાંજ કરૂં છું. આપ નિશ્ચિંત થઇ આરામ લ્યો."

આવી રીતે પ્રધાનજીએ રાજાને શાંત કરી પ્રજામાં પડહ વજડાવવાનો હુકમ કર્યો કે, "જે સ્ત્રી કુવામાંથી કાચે તાંતણે ચાલણી બાંધીને પાણી સિંચી આપશે તેને રાજા પોતાની **ધર્મ ભગિની** તરીકે માની ઘણું સન્માન આપશે, વળી તેને પણ પરોપકારનું પરમ પુણ્ય થશે." પડહ ગગનગરજી નાદથી લોકોને સાવધાન કરતો શેરીએ શેરીએ સંચરવા લાગ્યો, પણ કોઇ સ્ત્રીએ આ કાર્ય કરવા માટે હામ ભીડી નહિ. કોઇએ નિષ્ફળ નિવડે તો ફજેતી થવાના ભયથી અને કોઇએ ભૂલેચુકે મનથી કે વચનથી શીલને કાંઇ દોષ લાગ્યો હોય તે ડરથી પડહનો સ્પર્શ કર્યો નહિ.

જનાનામાં રાણીઓ પણ ગભરાવા લાગી. જાહેર રીતે રાજાને તેમના સતીત્વ માટે શંકા થઇ, તેથી વખતે ભવિષ્યમાં અનિષ્ટ થશે એવાં સ્વપ્ન આવવા લાગ્યાં, પરંતુ વૃદ્ધ અને અનુભવી સમયસૂચક સહચારીઓએ તેમને આશ્વાસન આપી શાંત કરી કે. વખતે વચન કે મનથી અચાનક અજાણતે સ્હેજ દોષ

લાગ્યો હશે, પણ તેથી ગભરાવાનું નથી. રાજાજી એવા સાહસિક નથી કે જેથી તમારે ભયનું કારણ રહે.

પડહવાળા, **સુભદ્રા**ના સસરાની શેરીમાં પહોંચ્યા. સ્ત્રીઓને જોણું એટલે જોવાનું, રોણું અને વગોણું વધારે વ્હાલું હોય છે. એ સ્વભાવાનુસાર તે શેરીની સ્ત્રીઓ પણ પોતપોતાના બારણા આગળ આવી ઉભી અને પડહનાદ સાંભળી સૌને ભાવે તેમ બચડવા માંડી. **સુભદ્રા** પણ પોતાની સાસુ અને નણંદની પાછળ આ બનાવ જોવા બહાર આવી હતી. પડહ પાસે આવતાં **સુભદ્રા**એ સવિનય અરજ કરી:–" પૂજ્ય માતાજી ! આપની આજ્ઞા અને અનુમતિ હોય તો, આ પડહનો હું સ્પર્શ કરૂં, અને કૂવામાંથી પાણી કાઢી ગામની પીડા દૂર કરૂં. " આ શબ્દો સાસુજીના શ્રવણયુગલમાં પેસતાંજ તેની આંખ વકરી અને છણકો કરી બોલી–" અરે નિર્લજ ! તને કાંઇ શરમ નથી થતી ? શા માટે બધાની ફજેતી કરે છે ? આખું ગામ તને ઓળખે છે, તે દિવસે પેલા સાધુડાને બાઝી હતી તે શું નથી સાંભળતું ? ખબરદાર ! જો અમારા આછા કુળનો આવો ફજેતો કર્યો તો ! ઘરમાં બેસ ઘરમાં !! "

આ સાસુનાં કડવાં વેણથી નિરાશ ન થતાં **સુભદ્રા**એ દયામણે ચ્હેરે પોતાની નણંદને વકીલાત કરવા વિનવતાં કહ્યું:— "બાઇસાહેબ ! તમે મારાપર કૃપા કરી સાસુજીને સમજાવોને !" નણંદને તો આટલુંજ જોઇતું હતું. તરતજ બે હાથ લાંબા કરી નર્કના પરમાધામીની પેઠે બાસાહેબ ઉછળી પડી–" અહોહો !

નવકુળ નાગ નાશી ગયા અને હવે આ કાંકીડે રાજ આવ્યું ! શહેરમાં સતીઓ ખુટી પડી કે આ સડેલી સતી શહેરનું કલંક કાપશે ! હજી અમને ઓછાં ફજેત કર્યાં હશે ? કાંઇ બાકી રહ્યું હોય તો પૂરૂં કર. જ્યારથી ઘરમાં આવી છે, ત્યારથીજ અવળચંડી છે તે શી રીતે મટીશ ? " આમ તિરસ્કારપૂર્વક બોલી **સુભદ્રાને** ઘરમાં જવા ધકકો માર્યો. તપશ્ચર્યા અને માનસિક વ્યાધિઓથી જીર્ણ થઇ ગયેલી સુભદ્રા બારણા વચ્ચેજ પડી ગઇ, પણ આ શબ્દોથી તેને વિશેષ શૂરાતન આવ્યું ને તુરત હીંમત લાવી બેઠી થઇ.

" આ બાબતમાં મારી નિર્દોષતા સાબીત કરવા આ તકનો લાભ મારે લેવાનોજ છે. શાસન રક્ષક **શાસનદેવી** મારૂં જરૂર રક્ષણ કરશે. " આમ કહી સિંહના પંજામાંથી હરણી છટકે તેમ છટકીને પડહનો સ્પર્શ કર્યો. આસપાસનાં સંખ્યાબંધ સ્ત્રીપુરૂષો એકઠાં થયાં. સાસુ-નણંદ તો આથી બહુ ચીડાઇ, અને " તેનું ભવન ફરી ગયું છે, તે ગાંડી થઇ ગઇ છે" એમ બૂમો પાડવા લાગી. આસપાસ ફારસ અને જોણું જેવો દેખાવ થઇ રહ્યો. પડહવાળા, રાજા પાસે જઈ પહોંચ્યા અને રાજાએ સન્માનપૂર્વક મોકલેલ સુખાસનમાં-પાલખીમાં **સુભદ્રાને** બેસાડી કુવા પાસે લાવવામાં આવી, પણ રાજાનું શંકાશીલ મન આથી હજી શાંત થયું નહિ.

કુવા કાંઠે સ્ત્રી પુરૂષોનું ટોળું એકઠું થયું હતું. મન માનતી કલ્પનાઓ અને અર્થ વિનાની અનેક ગપ્પો ઉઠતી હતી. ઠઠ્ઠા

મશ્કરી, ચાળી, ચેષ્ટાઓ થવા લાગી, પણ તે તરફ **સુભદ્રાનું** અલક્ષ્યજ હતું. તે તો ઇષ્ટનું સ્મરણ કરી રહી હતી અને વિપત્તિનાં વાદળાંઓને વિખેરવા વિભુને વિનવી રહી હતી. તેણે વસ્ત્રાભૂષણમાં ફક્ત એક સ્વચ્છ સાડી, સાદી ચોલી, કરમાં સૌભાગ્યસૂચક કંકણ અને નાકમાં મંગલસૂચક ફૂલ શિવાય કશાં આભૂષણ પહેર્યાં નહોતાં. નમ્રતાથી રાજાજીને તથા આસપાસના લોકોને નમન કરી, **વીરભગવાનનુ** સવિનય સ્મરણ કરી, બધાની અજાયબી વચ્ચે કાચે તાંતણે ચારણી બાંધીને કુવામાંથી જળ કાઢયું અને રાજાની આજ્ઞાથી પાસેના દરવાજાને છાંટયું. શાસનદેવીની સહાયતાથી દ્વાર ખુલ્લાં થયાં અને લોકોના માનસિક હર્ષનાદ સાથે જયજયકાર વર્તી રહ્યો.

અરે **સુભદ્રા** ! તને તારી નિર્દોષતાએજ સાચવી છે ! તારા શુદ્ધ હૃદયેજ તારૂં રક્ષણ કર્યું છે. તારી શુદ્ધ શ્રદ્ધાએજ તને શહેરમાં જાહેર રીતે સતીનું માનવંતુ બિરૂદ મળ્યું છે. શીયળના અદૃશ્ય કવચે જ તારા સૌભાગ્યમાં વૃદ્ધિ કરી છે. આ પ્રસંગેજ તને પ્રતિ–પ્રેમનો સ્વાદ ચખાડયો છે. આ સંજોગોથીજ તું તારા શ્વસુરપક્ષના જુલમથી બચવા પામી છે. અંતે સત્યનો જય થાય છે. આવા સંજોગો સતીત્વના શણગારથી સુશોભિત સતીઓને લાભપ્રદ નિવડે છે, લોકોને તે વિના ખાત્રી થતી નથી. નિરાધારનો બેલી પરમ કૃપાળુ, જરૂર પડે ત્યારે સહાય કરવા તૈયારજ છે. અંતઃકરણમાં શ્રદ્ધા અચલ અને શુદ્ધ જોઇએ.

રાજાએ સતીના ચરણમાં મસ્તક નમાવી, પ્રજાની પીડા

પોતાની ખરી દીવ્ય શક્તિથી દૂર કરવા માટે સાદર આભાર માન્યો અને તેને ધર્મભગિની તરીકે પ્રજા સમક્ષ જાહેર કરી ઘણો પોશાક અર્પણ કર્યો, વર્ષાશન બાંધી આપ્યું અને પ્રજામાં તેના **પતિવ્રતની** ભારે પ્રશંસા કરી. **સુભદ્રાએ** તે પ્રભાવી જળથી ત્રણ દરવાજા ખુલ્લા કર્યા અને **ચોથો દરવાજો** બંધજ રહેવા દઇ રાજાજીને સવિનય અરજ કરી કેઃ–' કોઇ સતી બહારગામ હોય તો તેને આવી તક આપવા એક દરવાજો બંધ રાખવો. એવી મારી નમ્ર વિજ્ઞપ્તિ છે.' હજી પણ દરેક દેશી રાજ્યમાં, દરેક શેહેરમાં એક દરવાજો ચણીને બંધ કરી રાખવાનો રિવાજ ચાલ્યો આવે છે.

રાજાએ **સુભદ્રાને** પોતાના હાથી ઉપર બેસારી વાજતે ગાજતે બહુ માનપૂર્વક તેના શ્વસુર ઘરે રવાના કરી. તે વખતે હજારો સ્ત્રીપુરૂષો તેના નિર્મલ અને પ્રભાવી શીલની પ્રશંસા કરતા તેની પાછળ જયનાદ કરતા વરઘોડાના આકારમાં ચાલવા લાગ્યા. સૌભાગ્યવતી સ્ત્રીઓ મંગલ ગીત ગાવા લાગીઃ—

" નાક રહ્યું નગરી તણું, ગામ ઉતારીરે ગાળ;
રાય રાણા પ્રશંસાયરે, સતીય શિરોમણિ સાર.
જે નરનારી પાળશે, તે તરશે સંસાર;
સિદ્ધ તણાં સુખ પામશે, અમર કરો અવતાર.
સંઘો કહે શિયળે સતી, મહિલાએ રાખ્યું નામ;
વાઘણ કેરાં દૂધડાં, રહેશે સોના કેરે ઠામ."

રસ્તામાં સેંકડો સ્ત્રી પુરૂષો મેડીએ ચડીને અને પોતાના

ઘરના બારણા આગળ એકઠાં થઇને સતી **સુભદ્રાનો** જય બોલાવી અને તેને પગે પડવા લાગ્યા. ત્યારે કેટલાક તેના શ્વસુરપક્ષની સખ્તાઇ માટે ફાવે તેમ બોલવા લાગ્યા. આવી મંગળમય અને હર્ષપ્રદ ધામધુમ વચ્ચેથી પસાર થઇ **સુભદ્રા** પોતાને ઘેર આવી, તરતજ પ્રથમ માતૃ તુલ્ય પોતાની સાસુને પગે પડી અને ત્યાર બાદ નણંદને હાથ જોડી સવિનય નમસ્કાર કર્યા. 'આપના પ્રતાપ કે પુણ્યથીજ આ મારે હાથ ફત્તેહ થઇ છે.' એમ નિરાભિમાનપણે સૂચવ્યું. ગમે તેવા ક્રોધી કે માની માણસને પણ નમસ્કાર કરનાર પર દયા છુટયા વગર રહેતી નથી. કઠોર હૃદયની સાસુની આંખોમાંથી આથી અશ્રુધારા વહેવા લાગી અને ગદ્ગદ્ કંઠે આશીર્વાદ આપ્યો-'અખંડ સૌભાગ્યવતી અને દીર્ઘાયુષ્મતી રહે!' નણંદ પણ શરમાઇ ગઇ અને તે વખતે કશું બોલી ન શકાયાથી ફક્ત ભાભીના ખભા ઉપર પોતાનો હાથ મૂકીને મુંગો આશીર્વાદ આપ્યો.

"આંસુડાં ઉભાય મ્હારે અંતરે રે લોલ,
વ્હાલા વિના તે ઝીલે કોણ જો;

" " "

કુસુમ કળી વેરાય ઉરનીરે લોલ,
વ્હાલા વિનારે ખીલે કોણ જો."

(ખબરદાર.)

શ્વસુરપક્ષ અને કુટુંબના વડિલ વર્ગને સવિનય નમન કરીને શુભાશીષ મેળવી, પોતાની ઓરડીમાં પગ મૂકતાં, **સુભદ્રાને** ઉપરના

પતિ-પ્રેમના વિચારો અંતઃકરણના ગુપ્તપ્રદેશમાં તરી આવ્યા. સ્ત્રીઓ કઠણ છાતી રાખી પતિની ખોટ સહન કરી શકે છે, પણ પતિ-પ્રેમની ખોટ સહન કરવી તેમને અતિશય ભારે પડે છે. આવા વિજય પ્રસંગે પ્રાણપ્રિય પતિનું સ્મરણ પ્રથમજ થવું જોઇએ, પણ અત્યારે પતિ-સ્મરણ માટે તેને વિશેષ અવકાશ મળી શકયો નહોતો, કારણકે તેની નિવાસ ભૂમિપર ફરકતા અદૃશ્ય કીર્તિધ્વજે ઘણા લોકોને તે તરફ આકર્ષ્યા હતા. જ્યાંસુધી અન્યજનોના અંતઃકરણના ઉંડા પ્રદેશમાં **સુભદ્રા**નું ઐશ્વર્ય-તેજ પ્રતિબિંબિત થયું ન હતું, ત્યાંસુધી તેને ઉપાધિ ઓછી હતી. જેઓ કુવા પાસે જવા ભાગ્યશાળી થઇ શકયા નહોતા, તેઓ **સુભદ્રા**ના દર્શનનો લાભ લેવા માટે તેના નિવાસમંદિર તરફ વળ્યા હતા. આત્મશ્લાઘાના ઉન્મત્ત અશ્વપર સ્વાર થવામાં સમાયેલા જોખમથી સુભદ્રા સારી પેઠે વાકેફ હતી. ધર્મવિરૂદ્ધ, નીતિવિરૂદ્ધ અને વ્યવહાર વિરૂદ્ધના કાર્યથી તે તદ્દન અલગ રહી, પોતાની લઘુતા દર્શાવતી અને કેવળ ધર્મનોજ પ્રભાવ પ્રદર્શિત કરતી, પોતાને પૂછવામાં આવતા પ્રશ્નોનો તે સંક્ષેપમાં લઘુતાથી ખુલાસો કરી બધાને સંતોષ આપતી હતી.

આજકાલના અલ્પજ્ઞ લેભાગુઓ, જેવી તેવી બાબતોમાં સ્હેજ ઇચ્છાનુસાર વિજય જોતાં ફુલાઇને ઢોલ બની જાય છે અને પછી વાંદરે દારૂ પીધો હોય તેમ, પોતાનાજ હાથે તે ઢોલ ઠોકવા મંડી જાય છે. આત્મશ્લાઘાની સરણાઇઓ ફુંકવા મંડી જાય છે અને જાણે કોઇને પાડ કરી દીધો હોય તેમ, માનની

ભીખમાં, પ્રશંસાપંકમાં ગુંચાઈ જાય છે. આવા અપૂર્ણ લોકો, આવો અવર્ણનીય વિજય મેળવવા છતાં, સફળ આમ્રવૃક્ષની પેઠે નમ્રતા અને લઘુતા દર્શાવતા પાત્રોના વર્તનનું અનુકરણ કરે તો, તેઓ પોતાના યશોજીવનને અધિકતર નિર્મલ બનાવી બીજાને અનુકરણીય થઇ પડે.

પ્રકરણ ૮ મું.

નવા સ્નેહ-જીવનની શરૂઆત.

લગભગ સાયંકાલનો સમય થવા આવ્યો. પ્રવાસીઓ રાત્રિવાસ માટે ધર્મશાળા કે મુસાફરખાનાની, પાંથગૃહની શોધ કરવા લાગ્યા. પક્ષીઓ કલરવ કરતા નિબિડ વટવૃક્ષોમાં ભરાવા લાગ્યા. ઉદ્યોગી જનો ઉદ્યોગથી નિવૃત્ત થઈ ઘર તરફ પ્રયાણ કરવાની તૈયારીમાં હતા. આળસુ લોકો પ્રમાદ શય્યાની શોધમાં ગુંથાયા, ગગનવિહારી સૂર્યદેવ અદૃશ્ય થવાની તૈયારી કરતો હતો. તે વખતે લોકોની આવજાનો અંત આવ્યો. સુભદ્રા નિવૃત્ત થઇ કે તરતજ હૃદયભૂમિના પવિત્ર પ્રદેશમાં પ્યારા પ્રાણાધાર પતિનું સ્મરણ થઇ આવ્યું. આ વિજય માટે શ્વસુરપક્ષ, પીયરપક્ષ અને સગાંસંબંધીઓ પાસેથી તેણે નમસ્કાર, અભિવંદન કરી શુભાશીષ મેળવી લીધી હતી, પણ જેના

આશ્રયે તેણે પોતાના પ્રેમી પિતાનું ઘર છોડયું હતું અને જેના ઉપર પોતાના સંસારસુખનો બધો આધાર રહેલો છે તે પ્રાણપ્રિય પતિને નમન કરવાની હજી તેને તક મળી ન હતી. " જેને આટલી આટલી ધિક્કારી છે-જેનો આટલો આટલો અનાદર કર્યો છે, તેનો હજી પણ અનાદર નહિ કરે તેની શી ખાત્રી ? પણ ભલે અનાદર કરે. તે અનાદર છે તો પ્રાણાધાર પતિનો ! કાળો ડાઘ છે તો કસ્તુરીનો ! આ વિજય માટે હું તેમને સવિનય નમન કરીશ. મારા શિર ઉપર તેઓ રક્ષકરૂપે છે, મારા સર્વસ્વ છે. માટે નક્કી આ વિજય તેમને વિશેષ આનંદ આપશે. " આવા વિચારોથી તેણે પતિગૃહ તરફ જવા નિશ્ચય કર્યો. કદિ પગ પણ નહોતો ઉપાડયો એ ગૃહ તરફ શી રીતે જવું ? એ નિર્માલ્ય વિચારને મનમાં પ્રવેશવા ન દેતાં, શિયળના શૌર્યે સુભદ્રાને પતિગૃહ પ્રત્યે પગ ઉપાડવા પ્રેરણા કરી.

સુભદ્રાનો સ્વામી, દિવસના શ્રમથી કંટાળી આ વખતે આરામ-વિશ્રાંતિ લેવા આરામગૃહમાં અર્ધ જાગૃત અવસ્થામાં શય્યાપર પડયો હતો. આજે **સુભદ્રા**ના સંબંધમાં બનેલી હકીકતથી તે વાકેફ હતો. પોતાની પત્નીની પ્રજામાં થતી પ્રશંસા સાંભળીને અતિ હર્ષિત થયો હતો. આથી તેની ભૂલ ભરેલી-મિથ્યા શંકાનું સમાધાન સ્વયમેવ થઇ ગયું હતું. પોતાના દુરાગ્રહરૂપ પક્ષપાત માટે તે અત્યારે પૂર્ણ પશ્ચાત્તાપમાં હતો. તે નિર્દોષ લલનાને મળવા હવે તેનું મન આતુર થતું હતું. આ શુભેચ્છાએ અન્યોન્ય અદૃશ્ય મનસ્તંત્રમાં નવું પ્રેમમય જીવન ઉત્પન્ન

કર્યું હતું. પતિ-પત્નીના પ્રેમમય નિર્દોષ વિચારોનું બળ પરસ્પર મળ્યું. લાંબે સમયે પતિને મળવાની આવેલ ઉત્તમ તક માટે શરમાતાં શરમાતાં **સુભદ્રાએ** પતિગૃહમાં પ્રવેશ કર્યો. વીજળીના ચળકતા પ્રકાશની પેઠે તેણે પતિનું ધ્યાન આકર્ષ્યું. આંખો નીચી ઢાળી બે હાથ જોડી, હીંમત લાવી, પતિ-સ્વામિનાથને અંતઃકરણના સાચા પ્રેમથી તેણે સવિનય નમન કર્યું. બંનેની આંખોમાં હર્ષાશ્રુ-આનંદાશ્રુ આવી જવાથી પરસ્પરના પૂર્ણ અવલોકનમાં અડચણ પડી. **સુભદ્રાએ** સમયસૂચકતા વાપરી પતિના ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું-પતિના ચરણ હર્ષાશ્રુથી ભીંજવ્યા-પતિના મનનો મેલ મુંગા મુંગા હર્ષાશ્રુથી સાફ કરી, પોતાની સ્નેહમુદ્રાના પ્રતિબિંબને યોગ્ય કર્યું. અહા! કેવી સ્નેહ-**સુરભિ**! ધન્ય છે એવી જગદ્વંદ્ય સતીને!!

વય-રૂપ-ગુણની સમાનતાથી સ્નેહાર્દ્ર થયેલાં એક બીજાનાં મન, દૂધ અને પાણીની જેમ એકરૂપ થઈ ગયાં અને બંનેના હૃદય પ્રદેશમાં તુરતજ પ્રીતિની ગુલાબકળી ફૂટી-ખીલી. સુભદ્રાએ અધીરાઇથી પ્રાર્થના કરવાનો આરંભ કર્યો:-"શિરછત્ર સ્વામિનાથ! આપની પવિત્ર છાયા અને કૃપાવડે તથા શિયળના સંરક્ષણથી આજે હું વિજય મેળવી શકી છું, આ બધો આપનોજ પ્રતાપ છે. આ મારો વિજય તે આપનોજ વિજય છે, તે આપની સમક્ષ નિવેદન કરતાં હું જે આનંદ અનુભવું છું, તેથી આપ વિશેષ આનંદ અનુભવતા હશો. આપના ભ્રમિત મનનું અને મિથ્યા શંકાઓનું હવે પોતાની મેળે અથવા

સ્નેહ સમાગમથી સમાધાન થઇ ગયું હશે, અને હવે આગળ પાછળના વિકલ્પોને વિસારી, પ્રેમભક્તિનાં પુષ્પ આપને સસ્નેહ અને સવિનયે ચડાવું છું-સમર્પણ કરૂં છું, તે લક્ષ્યપૂર્વક સ્વીકારશો; એજ પુનઃ પુનઃ પ્રાર્થના છે." એક શરમાળ અબળા આથી વધારે શું બોલી શકે ?

સુભદ્રાનાં વચનામૃતનો ઝરો વહેતો બંધ થયો કે તરતજ તેના પતિના મનમાં સદ્‌વિચારની શ્રેણી પ્રગટ થઇઃ-"અહાહા ! જ્યારે આનાં વચનામૃતથીજ આટલો બધો આનંદ અનુભવાય છે, તો પછી તેના હમેશના સત્સંગથી કેટલો લાભ મળે ?" આ વિચારે તેની વાણીને ગતિ આપી-" સુંદરી ! મેં વગર વિચાર્યે તને-નિર્દોષને ઘણું કષ્ટ આપ્યું છે-ઘણોજ અન્યાય કર્યો છે. મારી પતિ તરીકેની પવિત્ર ફરજ મેં વિસારી છે. સત્ય ધર્મને સેવનારી સતી ! તું આ ગુન્હા-અપરાધ માટે શું મને માફી નહિ આપે ? " સુંદરીના સ્નેહ પાસે અને દીવ્ય શિયળના પ્રભાવ પાસે પુરૂષાર્થ માટે પંકાયેલા પતિથી પણ વિશેષ બોલી શકાયું નહિ, તેનો કંઠ ગદ્‌ગદિત થઇ ગયો, આંખો પ્રેમાશ્રુથી ભીની થઈ ગઇ. વિશેષ અશ્રુપાત અટકાવતાં, અંતરમાં ઉછળતા જુદા જુદા ભાવને દબાવી રાખી **સુભદ્રા**એ વ્હાલથી-સ્નેહથી વ્હાલાને સંબોધ્યા-" શિરછત્ર પ્રાણનાથ ! આપ મને આટલીબધી વજનદાર સ્થિતિમાં મૂકો છો, એ સ્થિતિની લાયકાત હજી મારામાં નથી આવી. હૃદયહાર-નેત્રસુધા સ્વામિન્ ! જ્યારથી આપશ્રીએ મારા દક્ષિણ કરનો સાદર સ્નેહથી સ્વીકાર કર્યો, ત્યારથી મારૂં

આ શરીર અને સર્વસ્વ આપનુંજ છે. હું તો આપના ચરણ-યુગલની રજ છું-આપની કરૂણારૂપ સુધા-સરિતાનું માછલું છું. પત્નીના મસ્તક ચર્મથી પતિના પૂજનીક ચરણના ઉપાનહ બનાવવામાં આવે, તો પણ પતિના પરમ ઉપકારનો-સ્નેહનો યોગ્ય બદલો વળી શકેજ નહિ. ફૂલ તોડવા જતાં કંટક-સંકટ સહન કરવું પડે, તેમાં આપનો કશો દોષ નથી.”

ઘણે લાંબે વખતે મળેલાં આ દંપતીના વિયોગના, શોકના, પશ્ચાત્તાપના અને હર્ષનાં અશ્રુઓ બધાં મિશ્ર થઇને આનંદાશ્રુરૂપ થઇ ગયાં. હૃદયના અંતઃપ્રદેશમાં રહેલ હર્ષ કે શોકના અસ્તિત્વનું અનુમાન-અશ્રુદ્વારાએ અચ્છી રીતે થઇ શકે છે. ગ્રીષ્મઋતુમાં હર્ષાશ્રુના પવિત્ર છંટકાવને ગુલાબજળથી પણ વિશેષ શીતલ માનતાં આ દંપતી, સ્નેહ-સરિતામાં સ્નાન કરવા લાગ્યાં-પ્રેમ વર્ષાદનું ઝાપટું શરૂ થયું.

અહાહા! સ્નેહની બલિહારી છે! અપરિચિત કુટુંબનાં છોકરાં, જ્યારે લગ્નની ગાંઠથી જોડાય છે અને પતિ પત્ની તરીકેનો વ્યવહાર સ્વીકારી, સંસારનાં સૂત્રધાર થાય છે, ત્યારે તેઓ કેવા પ્રેમ-પાસમાં સપડાઇ જાય છે? સત્ય સ્નેહ-પવિત્ર પ્રેમનો પ્રવાહ અવિચ્છિન્ન રીતે રહેલ કદિ ભાગ્યેજ આપણા સાંભળવામાં આવી શકશે. આ દંપતી પર પણ આ પ્રયોગ અજમાયેલો આપણે અનુભવ્યો છે.

જે દંપતી પ્રેમસાગરમાં ઝીલ્યાં નથી, સ્નેહ હીંડોળે ઝુલ્યાં નથી, સ્નેહ-પુષ્પ-વાટિકામાં રમ્યાં નથી, પ્રેમનું પરમ ભોજન

જમ્યાં નથી, પ્રેમ-સ્નેહ સરિતાના તરંગમાં તર્યાં નથી અને જેમણે પ્રેમ-દોરીથી પોતાનાં હૃદય અભિન્ન-એકમેક કર્યાં નથી, તે દંપતી-દાંપત્ય સુખ તો દૂર રહ્યું પણ ઉલટો પરિતાપનો પોટલો માથે લઇ, કડવાશનાં કડવાં ફલનો અનુભવ કરે છે. સંસારમાં જે કાંઇ સુખ છે, તે સ્નેહમાંજ સમાયેલું છે, સ્નેહ વિનાનાં શુષ્ક કાષ્ઠ જેવાં સ્ત્રી પુરૂષો ગૃહસ્થ ધર્મને લાયક બની શકતાં નથી. જ્યાં સ્નેહની ગંધ પણ ન હોય, ત્યાં વિભાવિક સુખની પણ આશા કેમ રાખી શકાય? દંપતી ધર્મ એ સુંદર બગીચો છે અને અચલ-વિમલ પ્રેમ એ તેની રક્ષા માટે કંટક મિશ્ર વાડ છે. રામ-સીતા, નળ-દમયંતી, પાંડવ-દ્રૌપદી, શ્રીપાલ-મયણા, પવનજી-અંજના, એવાં અનેક દંપતી પોતાના સ્નેહની અચલ દૃઢતા માટે ગવાય છે અને 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' ઇતિહાસના ઉજળા પૃષ્ઠોપર સુવર્ણાક્ષરોથી નિરંતર પ્રકાશિત રહેશે.

વિતર્ક વાર્તા વિસરાઇ ગઇ અને આ દંપતી જાણે હમણા જ વિવાહિત થયાં હોય, તેમ પરસ્પર સ્નેહ મુદ્રિત થઈ, સંસાર યાત્રાની શરૂઆત કરવા તત્પર થયાં. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગનું તેઓ પરસ્પર અબાધ્ય રીતે આરાધન કરવા લાગ્યા. **સુભદ્રા** વિચિક્ષણ અને ધર્મિષ્ઠ હોવાથી પોતાના પતિ સાથે પ્રસંગોપાત ધર્મચર્ચા અને વ્યવહાર ચર્ચા કરી, તેને આનંદ આપતી અને જૈનધર્મનું રહસ્ય સમજાવી શ્રાવક માર્ગની સન્મુખ કરતી. કોઇ વખત ક્ષણિક સંસારનું સ્વરૂપ પ્રત્યક્ષ બતાવી, માનવ જીવનની સફલતા માટે પરોપકાર અને જનસમાજની

સેવા બજાવવા ઉત્સુક કરતી. કોઇ અવસરે એકાંત પ્રસંગે પોતાના પતિને પ્રેમ-સાગરના ઉંડા અતઃપ્રદેશમાં ઉતારી અમૃતપાન કરાવતી. આવી રીતે જુદા જુદા પ્રસંગે વિવિધ વાર્તાલાપથી પરસ્પર સ્નેહમિશ્ર આનંદ પામી, વ્યવહાર માર્ગ અને ધર્મ માર્ગની ધુરાને વહન કરતા, પોતાના નિર્મલ યશોજીવનને અચલ કરવાના ઇરાદાથી પરોપકારરૂપ પુણ્યપ્રવાહને વહેતો કરી, અમૂલ્ય જીવનને અમૂલ્ય કરવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

સુભદ્રાનું બાલ્ય-જીવન.

ચક્રાવર્ત (ગોળાકાર) **જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં** ઉપવનની વૃક્ષઘટા અને નાના નાના પર્વતની ટેકરીઓથી રમણીય પ્રદેશમાં **વસંતપુર** નામનું વિશાલ નગર આવેલું હતું. પોતાની પ્રજાનું પુત્રવત્ પાલન કરતો અને રામરાજ્યના જેવી ન્યાય-નીતિથી પ્રજાનું ભય ભાંગતો, શત્રુઓપર વિજય મેળવનાર **જિતશત્રુ** નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો. તે ચતુર રાજાને જૈન ધર્મ પાળનાર અને પ્રજાજનને પૂર્ણ સંતોષ આપનાર **જિનદાસ** પ્રધાન હતો.-પતિ-સેવા પરાયણ અને પ્રેમપાત્ર **તત્વમાલિની** તેની પત્ની હતી. સંસારના સુખ-વૈભવનો

વિલાસ કરતાં અને દંપતી ધર્મનું પાલન કરતાં તેમને સુભદ્રા નામની પુત્રી અવતરી. પોતાની એકની એક પુત્રી હોવાથી તથા સુભદ્રાની સૌંદર્યતા વગેરેને લીધે પ્રધાન અને તત્ત્વમાલિની તેનાપર અતિશય પ્રીતિ રાખતાં અને ભવિષ્યમાં વિવાહિત કર્યા પછી પુત્રીનો વિયોગ કેમ સહન થશે, તેના માટે પણ તેમને ભય રહેતું. ચતુર જિનદાસે આખર દીર્ઘ વિચાર કરીને એવો નિશ્ચય કર્યો કે, " આ મારી વ્હાલી પુત્રીના માટે વય, ગુણ અને રૂપથી સમાન તથા તે જૈનધર્મજ પાળતો હોય, એવા વરની શોધ કરવી. કારણકે સમાન ધર્મને લઈને દંપતીનો પરસ્પર સ્નેહ વધે છે અને તેઓ ધર્મ–અર્થ સંતોષથી સાધી શકે છે." આવો વિચાર, જિનદાસે પ્રથમથીજ પોતાની પત્નીની સલાહ લઇ કરી રાખ્યો હતો.

જેમ પિતાનો સ્વાભાવિક રીતે પુત્ર ઉપર વધારે સ્નેહ હોય છે, તેમ પુત્રી તરફ સ્વભાવતઃ માતાનો બહુ પ્રેમ હોય છે. આથી પુત્રીપ્રતિ પિતાનો અને પુત્ર પ્રત્યે માતાનો સ્નેહ ન હોય એમ સમજવાનું નથી, પણ પ્રાયઃ જાતિને લીધે આવો ભેદ પડે છે. તત્ત્વમાલિની અને સુભદ્રાના સંબંધમાં પણ એમજ બન્યું હતું, તેનો સુભદ્રાપર અસાધારણ પ્રેમ–સ્નેહ હતો, તે પ્રતિક્ષણે તેનું મનહર અને આનંદી મુખ જોઇ સ્નેહચુંબન કરતી અને તેના મુખમાંથી નીકળતા વચનને ખીલેલા પુષ્પની જેમ અધર ઝીલીને, અમલમાં લાવતી હતી. તેને બાલ્યવયથીજ પોતાની બુદ્ધિ અને જ્ઞાનનો લાભ આપવામાં તેણે કંઈ પણ

ક્ચાશ રાખી નહોતી. ગૃહશિક્ષણનું કામ તે સારી રીતે જાણતી અને દિવસના મધ્ય ભાગમાં નવરાશના વખતમાં તે સુભદ્રાને પાસે બેસારી આનંદ સાથે વ્યવહારિક અને પસંગોપાત ધાર્મિક શિક્ષણ આપી, તેના કોમળ અને નિર્મળ હૃદયને વિશુદ્ધતર અને બલવત્તર બનાવવા પ્રતિદિન પ્રયાસ કરતી હતી. અંતે સુભદ્રા લાયક વયની થઈ ત્યાંસુધી તો તેણે નીતિશાસ્ત્રનો અને ધર્મશાસ્ત્રનો અભ્યાસ અચ્છી રીતે કરી લીધો હતો, એટલુંજ નહિ પણ પોતાના મનપર પણ તેણે સારો કાબુ મેળવ્યો હતો. આપત્તિના અવસરે ગભરાઇ ન જવું અને સંપત્તિના સમયમાં છલકાઈ ન જવું એ પાઠ તો તે પુનઃ પુનઃ સંભારી, માનસિક વૃત્તિઓપર વિજય મેળવતી હતી.

એક વખતે **ચંપાનગરીથી** બૌદ્ધધર્મ માનનાર **બુદ્ધદાસ** નામનો શ્રેષ્ઠીપુત્ર વ્યાપારાર્થે **વસંતપુરમાં** આવ્યો. પૂર્ણ દ્રવ્યના સાધનથી તેણે વ્યાપાર જમાવ્યો, વસ્તુ વિનિમય કરતાં થોડા વખતમાં તેણે સારી લક્ષ્મી ઉપાર્જન કરી. કોઇ અવસરે પોતાની માતા સાથે દર્શન કરવા જતી સુભદ્રાને તેણે રસ્તામાં જોઇ. તેનું રમ્ય રૂપ, ચાલવાની ખુબી અને પુણ્યપ્રભા નિહાળી પુનઃ પુઃન નિરખી બુદ્ધદાસ તો અંજાઇજ ગયો. તે રૂપવતી રંભા સમાન સુંદરી તરફ વિદ્યુત્ વેગી તેનું મનોયંત્ર ખેંચાવા લાગ્યું, વારંવાર તે મનહર મૂર્તિ અતઃપ્રદેશમાં આવવા લાગી, તે સ્થૂલ દૃષ્ટિથી દૂર થઇ ગઇ, છતાં અંતર્દૃષ્ટિ–અંતઃકરણની સન્મુખજ ઉભી હતી. અનેક તર્કવિતર્ક કરી, અંતે બુદ્ધદાસ

એવા નિશ્ચયપર આવ્યો કે, "ગમે તેમ થાય, ગમે તેવી સ્થિતિ સ્વીકારવી પડે, તો પણ આ સ્વર્ગની સાક્ષાત્ અપ્સરા જેવી સુંદરીને પ્રાપ્ત કરવી." આ પ્રમાણે દૃઢ વિચાર કરી, સુભદ્રાના કુળ, નામ, સ્થિતિ વિગેરેની તપાસ કરી, 'તે હજુ અવિવાહિત કુમારિકા છે' એવી બાતમી પણ તેને મળી ગઇ, પણ તેની સાથે એવા પણ સમાચાર મળ્યા હતા કે, કોઇપણ જૈનધર્મ પાળનાર યોગ્ય વર મળે, તેની સાથેજ **સુભદ્રા**ના જીવનનો સંબંધ જોડવો.' જિનદાસના આ દૃઢીભૂત વિચાર પણ તેના સાંભળવામાં આવ્યા હતા. આથી **બુદ્ધદાસ**ને બાહ્ય જૈની બન્યા શિવાય **સુભદ્રા**ને મેળવવાનો એકે રસ્તો નહોતો. જોકે તેની દૃઢ શ્રદ્ધા બૈદ્ધ ધર્મ ઉપરજ હતી, છતાં સુરૂપવતી **સુભદ્રા**નો લાભ લેવા બાહ્ય–માયાવી જૈની થવા તેણે વિચાર કર્યો અને તેના માટે કેટલોક વખત એક જૈન મુનિ પાસે રહી, જૈનશાસ્ત્રનો અભ્યાસ કરી, તે જૈનધર્મના કેટલાક બાહ્ય શ્રાવકાચાર શીખ્યો, એટલુંજ નહિ પણ પ્રતિદિન તે પ્રમાણે વર્ત્તન કરવા લાગ્યો. પ્રાતઃકાલમાં પ્રથમ તે શુદ્ધ વસ્ત્ર પહેરી, ગુરૂમહારાજ–સાધુ મહાત્મા પાસે પ્રતિદિન વ્યાખ્યાન સાંભળવા જતો અને ત્યાંથી ધર્મશાસ્ત્ર શ્રવણ કરી, દેરાસર જઇ અચિત્ત–પ્રાસુક પાણીથી સ્નાન કરી, શ્રી તીર્થંકર મહારાજની બાહ્ય ભક્તિથી અષ્ટવિધ પૂજા કરતો, ત્યારબાદ ઘેર જઇ વિવેકપૂર્વક પ્રાસુક ભોજન કરતો. આવા પ્રકારની પ્રતિદિનની ઉચ્ચ ધર્મક્રિયા અવલોકી જિનદાસ તેનાપર પ્રીતિ ધરવા લાગ્યો અને તેની ઉંચા

પ્રકારની ક્રિયાની અનુમોદના કરતો હતો.

એક દિવસે જિનદાસે બુદ્ધદાસને પોતાને ત્યાંના જિનમંદિરના દર્શન કરવા આવવાનો આગ્રહ કર્યો. બુદ્ધદાસ કોઇપણ પ્રકારની આનાકાની કર્યા શિવાય દર્શન કરવાના નિમિત્તે જિનદાસને ઘેર ગયો. ત્યાં બુદ્ધદાસે વિવેકપૂર્વક જિનપૂજા કરી અને ઉંચા ગગનગરજી નાદથી રાગ-રાગણી સહિત સંગીતના સાધનથી લાંબો વખત ભાવના ભાવી. આવી ઉંચા પ્રકારની જનરંજન ભક્તિથી જિનદાસ તેનાપર બહુજ પ્રસન્ન થઇ ગયો. પૂજા પ્રકરણ પૂર્ણ થતાં જિનદાસે તેને ભોજન કરવા પણ અતિ આગ્રહ કર્યો. જોકે તેના અંતરની તેવા પ્રકારની ઇચ્છા નહોતી, છતાં બુદ્ધદાસે કંઇક વિવેક બતાવવાની ખાતર આનાકાની કરી. છેવટે જિનદાસના આગ્રહને માન આપી (આપ જેવા પરમ શ્રાવકનું વચન ઉત્થાપન કરવું, એ એક રીતે ધાર્મિકમાર્ગનું અપમાન કરવા જેવું છે એમ કહી) બુદ્ધદાસ ભોજન કરવા ત્યાં રોકાયો. જિનદાસે તો પ્રથમથીજ ભોજનની સામગ્રી બધી તૈયાર કરાવી હતી, તેથી તરતજ બુદ્ધદાસને જમવા બેસાર્યો. ભોજન કરતાં પણ બુદ્ધદાસે વનસ્પત્યાદિનાં શાક અને વિનય માટે વિવેક બતાવવામાં જરી પણ કચાસ ન્હોતી રાખી. પ્રસંગોપાત ધાર્મિક અને વ્યવહારિક વ્યાપાર સંબંધની વાતો કરતાં, **જિનદાસ** તેની ચતુરાઇ અને બોલવાની મધુરતા જોઇ ખુશી ખુશી થઇ ગયો. વ્યવહારની વાતો કરતાં જિનદાસે તેના કુટુંબની પણ માહિતી મેળવી લીધી, અને પોતાની સાક્ષર પુત્રી **સુભદ્રા**

માટે આ યોગ્ય વર છે, એવો મનમાં નિશ્ચય કરી, પોતાનો અભિપ્રાય ખાનગી રીતે બુદ્ધદાસને જણાવ્યો. બુદ્ધદાસને એજ સાધ્ય સાધવાનું હતું અને જિનદાસે ખાસ તે સંબંધમાં સસ્નેહ આગ્રહ કર્યો, એટલે બુદ્ધદાસે તે વચન તરતજ સ્વીકારી લીધું અને થોડા દિવસમાં લગ્ન કરવાનો પણ નિશ્ચય કરી દીધો. પોતાના ભવિષ્યના સદ્‌ગુણી અને સ્વરૂપવાન્ પતિ માટે સુભદ્રા પણ પૂર્ણ સંતોષ પામી.

જેમ જેમ લગ્નનો દિવસ પાસે-નજીક આવતો ગયો, તેમ તેમ બુદ્ધદાસ અને સુભદ્રાની પરસ્પર સસ્નેહ મળવાની-ભેટવાની આતુરતા વધવા લાગી. પોતાના પતિનું પ્રેમપાત્ર કેમ થવાય અને સાસરિયા પક્ષમાં કેવા પ્રકારના વર્ત્તનથી માન પમાય વિગેરે બાબતોના ખુલાસા જોકે તેના વાંચવામાં આવ્યા હતા, છતાં પણ પોતાની સમાન વયની નવપરિણીત અનુભવી સખીઓને પૂછી, તદનુકૂળ વર્તન કરવાનો નિશ્ચય કરતી હતી. આવા વિવિધ વિચારસાગરના અંતર્ભાગમાં ઉતરતી સુભદ્રાએ અવિવાહિતાવસ્થામાં ભવિષ્યને માટે અનેક શુભાશાઓ બાંધી દીધી. પોતાના ભવિષ્યના ભર્ત્તાર-પ્રાણનાથ-જીવનાધારની સાચી સેવા પ્રેમલક્ષણા ભક્તિની રીતથી તે અજ્ઞાત નહોતી. અને તે હવે માત્ર અલ્પ સમયમાંજ હું પ્રાપ્ત કરવા ભાગ્યવતી થઇશ. આ હર્ષોદ્‌ગારો કોઇની પાસે કહેતાં તે શરમાતી, પણ અંતઃકરણની તો રગેરગમાં આ પરમ હર્ષ પ્રસરી રહ્યો હતો.

લગ્ન પહેલાં અનેક તૈયારીઓ કરવાની હોય છે. એવો

આર્ય દેશનો આચાર-પ્રવાહ હજી સુધી પણ વહ્યાજ કરે છે. પોતાની એકની એક પુત્રીને પરણાવવાનો શુભ અવસર હોવાથી અને પોતે વસંતપુરનો માનીતો પ્રધાન હોવાથી બંને પક્ષને જોઇતાં સાધનો રાજ્ય તરફથી મળી શક્યાં હતાં. સૌભાગ્યવતી લલનાઓ મંગલગીતથી મધુર સંગીતનો સ્વાદ આપતી હતી. વિવિધ પ્રકારનાં વાજીંત્રોથી તો શ્રાવણ માસના મેઘની ગર્જનાથી આકાશ પ્રદેશની જેમ જિનદાસનું ગૃહ-મંદિર ગાજી રહ્યું હતું. આવા મંગળનાદ અને આનંદકારક ઉત્સવથી પોતાની વ્હાલી પુત્રી સુભદ્રાનું તેણે લગ્ન કર્યું અને અગ્નિદેવ સમક્ષ વ્યવહાર વિધીએ મનોમન સાક્ષીએ બુદ્ધદાસે સુભદ્રાનું પાણીગ્રહણ-હસ્તગ્રહણ કર્યું.

મંગલમહોત્સવ વર્તાઇ રહ્યો, જિનદાસે પ્રીતિ ભોજન આપી સ્વજન-સંબંધીઓને સંતુષ્ટ કર્યા, કરમોચનમાં દંપતીને-વરવહુને અનેક કીંમતી ચીજો આપી, વિવાહ ઓચ્છવ સમાપ્ત થયો અને સંબંધીઓ સર્વે સ્વસ્વ સ્થાનકે ગયા. બુદ્ધદાસ પણ મન-માનીતી નવોઢાની સાથે લઇ, વસંતપુરમાંજ પોતાના નિવાસ-સ્થાને ગયો. થોડા વખતમાં નિર્જીવ લક્ષ્મીની સાથે સાક્ષાત્ સજીવ લક્ષ્મી (સુભદ્રા) નો પણ લાભ થયો જોઇ, બુદ્ધદાસના હર્ષનો પાર રહ્યો નહિ. પોતાનાં માત, તાત વિગેરે સ્નેહી વડીલો પાસેથી આ અપૂર્વ લાભ માટે શુભાશીષ અને સાબાશી મેળવવા તેને પ્રબલ વિચાર થયો. તરતજ પોતાની નવોઢા પ્રિયાને પોતાનો સંકલ્પ જણાવ્યો અને વ્યાપાર સંબંધી લેવડ દેવડ ચુકતે

કરી. પરણ્યા પછી થોડાજ દિવસોમાં તે સ્વજન્મભૂમિ ચંપાપુર જવાને તૈયાર થયો. માલતીપુષ્પમાં સુરભિ લેવા પ્રવેશ કરતા ભોગી ભ્રમરની જેમ તે અભિનવ દંપતી સ્વધામનો સમાશ્રય કરવા જિનદાસની આજ્ઞા-અનુમતિ માગવા ગયાં. પોતાના પિતાને સવિનય પગે પડી, સુભદ્રા પોતાની વ્હાલી માતાને અભિવંદન કરવા અને અનુજ્ઞા લેવા ગઇ-"વ્હાલી માતા ! તમારી શીતળ છાયા નીચે ઉછરી, તમારા પ્રેમબંધનમાં-સ્નેહબંધનમાં બંધાયલી વ્હાલી સુતા હવે આપની પાસે વિદાયગિરી સાથે શુભાશીષ માગે છે અને બાલચાપલથી અનેકવાર કરેલ આપના અવિનયની ક્ષમા-પુનઃ પુનઃ માફી માગે છે. આપના અગણિત ઉપકારો મારા સ્મરણમાંથી આ જીંદગીના અંત સુધી પણ દૂર ખસવાના નથી. વધારે શું કહું ? હું આપની સંપૂર્ણ સ્નેહભાવથી સેવા પણ બજાવી શકી નથી. આપના પ્રત્યે મારા અનેક અપરાધ થયા હશે, પૂજ્ય જનની ! તે બધા ક્ષમા કરજો-દિલથી દૂર કરી દેજો." આટલું બોલતાં તે ગદગદિત થઇ ગઇ અને આગળ એક શબ્દ પણ બોલી શકી નહિ. તરતજ પ્રેમાલિંગન દઇ, તત્ત્વમાલિની છેવટના બે બોલ બોલી-'વ્હાલી પ્રાણપ્રિય સુતા ! સ્નેહના નિબિડ સંબંધમાં-આવેશમાં થયેલ અવિનય કે અપરાધ, તે અપરાધજ ન કહેવાય, માટે બ્હેન ! તું જરા પણ દિલગીર થઇશ નહિ. તારો વિયોગ સહન કરવો મને ભારે થઇ પડશે. પ્રિય પુત્રી ! હવે સાસરીયામાં બાલચપલતા મૂકી સાસુ, સસરો, સ્વામી અને બીજા જે વડિલ હોય, તેમનો વિનય કરજે, તે-

મનાં કડવાં વેણ પણ પથ્ય ઔષધની જેમ પી જજે. સદાચારમાં સામેલ થઈ ઉભય કુળની લાજ વધારજે. તું પારકે ઘેર જાય છે, એવું સ્વપ્ને પણ મનમાં સમજીશ નહિ, પરંતુ કુદરતે નિર્માણ કરેલ પોતાનેજ ઘેર જાય છે, એમ સમજી ગૃહકાર્ય હુશિયારીથી કરજે, અને સાસુજીની પ્રીતિ સંપાદન કરવા ભાગ્યશાળી થજે. સ્વામીનાથની સસ્નેહ સેવા સાચવી, શીલની સંભાળ રાખજે અને કોઇ વખત અમને તારા સુખ સમાચાર પાઠવજે. મારાથી તારો વિયોગ સહન નહિ થઇ શકે, છતાં 'દીકરી સાસરે શોભે' આ નીતિવાકયનું સ્મરણ કરી, તને શુભાશિષ આપું છું કે–'સદા પરમ સૌભાગ્યવતી રહેજે.' આ પ્રમાણે કહેતાં કહેતાં તેની વાણી, વિયોગના શોકને લીધે અટકી ગઇ, તે આગળ બોલી શકી નહિ, પણ માત્ર છેવટનું પ્રેમાલિંગન કરી લીધું. સુભદ્રાએ માતાની સુવર્ણ શિખામણને અમૂલ્ય આભૂષણ ગણી, મતિમંજૂષામાં ગોઠવી, છેવટના સવિનય અને સસ્નેહ પગે પડી મસ્તક નમાવી, સાશ્રુ વદને પ્રિય પતિ સાથે ચંપાપુરી તરફ પ્રયાણ કર્યું.

સાસરીયે આવ્યા પછી યથોચિત સાસુ, સસરો વગેરે વડિલોનો તે વિનય સાચવતી. પ્રતિદિન પ્રભાતે જિનેશ્વર પ્રભુના દર્શન કરવા તે ચુકતી નહિ. સાસરીયાપક્ષમાં બૌદ્ધધર્મ પળાતો હોવાથી તેની સાસુએ, જૈનધર્મનો ત્યાગ કરી બૌદ્ધધર્મનો સ્વીકાર કરવા અતિ આગ્રહ કર્યો, પણ **સુભદ્રા**ના પૂર્વના દૃઢ સંસ્કાર હોવાથી તેણે સાસુની તે વાત માન્ય ન રાખી. આથી

તેણે પોતાના મકાનથી અલગ રખાવી અને તેનાપર વારંવાર તે કટાક્ષ કરતી, સામાન્ય વાતને લાંબી કરી બુદ્ધદાસ પાસે તેના દોષ કાઢતી અને તેનાપરની પ્રીતિ ઓછી કરાવવા વારંવાર તે મથન કરતી.

આવી રીતે સાસુની અપ્રીતિપાત્ર થઈ, છતાં **સુભદ્રાએ** જૈનધર્મ સ્વીકારરૂપ પોતાની અચલ ટેકને મૂકી નહિ. સાસુ રાત દિવસ તેના દોષજ જોયા કરતી, પણ ચતુર **સુભદ્રા** બહુજ સાવચેતીથી પોતાનું સદ્વર્તન રાખતી, તેથી તે સુભદ્રાને જાહેર લોકોના દેખતાં ઠપકો દઇ, તેને હલકી પાડી શકે, એવો પ્રસંગજ સુભદ્રાએ હજી સુધી આવવા નહોતો દીધો.

હવે પછી **સુભદ્રાને** બારણે માસોપવાસી મુનિ આવ્યા અને તેમની આંખમાંથી રજઃકણ કાઢતાં, તાજું કરેલ તિલકનો મુનિના કપાળે પડેલ ડાઘ જોઇ, તરતજ બેચાર જણને સાક્ષી રાખી પોતાની મનઃકામના સફલ કરવા સબલ સાધન મળ્યું. આ પ્રસંગથી સાસુએ તેને દોષિત ઠરાવી, બુદ્ધદાસની તેનાપર પૂર્ણ અપ્રીતિ કરાવી-ઉપજાવી. આ પ્રસંગ કથાના પૂર્વ વિભાગમાંજ વાચકવર્ગની સમક્ષ રજુ થઇ ગયો છે અને તે પછી **સુભદ્રાને** કેવા મિથ્યા કલંક સંકટમાં ઉતરવું પડયું, તે બીના પણ વાચકવર્ગથી અજાણી નથી. માટે અત્રે ઉલ્લેખ કરવાની જરૂર નથી.

દૈવી સહાયથી જ્યારે સતી **સુભદ્રાનો** શીલપ્રભાવ, જનસમાજમાં-પ્રજાવર્ગમાં રાજાના સન્માનપૂર્વક પૂર્ણ રીતે પ્રકાશિત

થયો, ત્યારે બૌદ્ધધર્મ માનનાર **સુભદ્રાનો** શ્વસુરપક્ષ પણ જૈન-ધર્મી થયો, એટલુંજ નહિ પણ બીજા અનેક ભવ્ય જીવોએ, આ ચમત્કારી પ્રત્યક્ષ પ્રભાવથી જૈનધર્મનો માનથી સ્વીકાર કર્યો અને શ્વસુરપક્ષ તેમજ અન્ય લોકો પણ નિરંતર સુભદ્રા તરફ માનદૃષ્ટિથી જોવા લાગ્યા. રાજાએ પ્રજાવર્ગમાં ખાસ સૂચના કરી કે–'આ પવિત્ર સતી **સુભદ્રાનું** જે કોઈ અપમાન કરશે, તે ભૂપાલની શિક્ષાને પાત્ર થશે.' આ પ્રમાણે રાજાની આજ્ઞા થતાં કેટલાક ધર્મિષ્ઠ ભવ્યજનો તો પ્રતિદિન પ્રભાતે મહાસતી **સુભદ્રાનાં** દર્શન કરીનેજ અન્ય કાર્યને હાથ ધરતા. તેથી આદરેલ કાર્ય સ્હેલાઇથી સફલ કરી શકતા હતા.

ધન્ય છે એ પરમ સતીને! કે જેનું યશોજીવન પૃથ્વી પીઠપર '**यावच्चंद्र दिवाकरौ**' પ્રકાશિત રહેશે અને અનેક જીવોને ઉપકારક થશે.

ૐ अर्हम्

ઉપસંહાર.

સંસારસુખનો આધાર સ્ત્રીઓપરજ છે. જે ઘરમાં સ્ત્રીઓ સંપીને રહે છે, ત્યાં લક્ષ્મી પણ પોતાનાં પાવન પગલાં કાયમ રાખે છે. કુસંપ એ કલેશનું મૂળ છે–જ્યાં કુસંપ છે, ત્યાં સુખની આશા રાખવી એજ એક જાતની મૂર્ખાઈ છે. સાસુએ

પારકા ઘરની પુત્રીઓને પારકી ન ગણતાં પોતાની પુત્રીની જેમ તેની સાથે પ્રીતિથી વર્ત્તવું જોઇએ. પરસ્પર સ્નેહ વધારવાથી સુખ વધે છે. આખર સત્ય તરે છે, સત્યનો અંતે જય છે અને દેવતાઓ પણ સત્યને સહાય આપે છે. સાચા ધર્મનો સમાશ્રય, દુઃખના ડુંગરો ઓળંગાવી શકે છે-સંકટ સમયે પૂરતી ધીરજ આપે છે. પોતાના પતિની અવકૃપા છતાં, સદ્ગુણી-સુશીલ સ્ત્રી, આર્યહૃદયમાં સ્વાભાવિક વાસ કરી રહેલ શીયળનું સારી રીતે સંરક્ષણ કરી શકે છે. અન્યધર્મીઓના સંબંધને લઇને કેટલાક અંધ અને અનર્થકર્ત્તા રિવાજો જૈન મતમાં ઘુસી ગયા છે, જે પરિણામે ધર્મશ્રદ્ધાને લૂલી કરે છે. માટે સ્વધર્મની ઉન્નતિ ખાતર અને ભવિષ્યના પોતાના શ્રેયની ખાતર મિથ્યાત્વ જાળમાંથી ત્વરાથી બચવાની જરૂર છે-અને અન્ય સ્વધર્મ બંધુને બચાવવાની પણ જરૂર છે. ધૈર્ય, શીલ, ધર્મદૃઢતા, વિવેક અને સત્ય વિગેરે ગુણો પ્રાપ્ત કરવા માટે એક વખત આ પુસ્તક આદ્યંત વાંચવાની આવશ્યકતા છે અને સાથે અન્ય બંધુ કે બ્હેનને શ્રવણ કરાવવાના લાભ પણ પ્રિય વાચક વર્ગે મેળવી લેવો.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र समादधाति सज्जनाः ॥ १ ॥

ॐ शान्तिः ॐ शान्तिः ॐ शान्तिः

મહાન્ જૈન સતીઓનાં ચરિત્રો અને શ્રાવિકાઓના અલંકારો.

૧. જૈનસતીમંડળ ભાગ ૧ લો. આ ગ્રંથમાં જૈન સતીઓનાં સુબોધક ચરિત્રો સુંદર અને રસિક ભાષામાં આપેલાં છે. દરેક ચરિત્રને અંગે સતી ધર્મનું અપૂર્વ માહાત્મ્ય, સતી ધર્મનો પ્રભાવ અને મહિમા ઘણી ચમત્કારીક રીતે વર્ણન કરવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં સતી સુલસાથી સતી કુંતી સુધીની પંચવીશ સતીઓનાં રસિક ચરિત્રો આપી તે ભાગને ઘણોજ સુબોધક બનાવ્યો છે. ગ્રંથનું પુર સાડા-ત્રણસો પૃષ્ટનું છે. કીં. ૧-૪-૦

૨. જૈનસતીમંડળ ભાગ ૨ જો. આ ભાગમાં બાકીની પ્રાચીન સતીઓનાં ચરિત્રો સંપૂર્ણ કરી, તે ઉપરાંત પ્રખ્યાત જૈન મહાત્માઓ, આચાર્યો, મુનિઓ અને ધર્મવીર પુરૂષોની માતાઓ, બ્હેનો અને સ્ત્રીઓનાં ચમત્કારીક અને સુબોધક ચરિત્રો આપેલાં છે. શ્રાવિકાઓનાં સંસ્કારી હૃદયોને આ સુબોધ આપનારો ગ્રંથ ઘણોજ ઉપયોગી છે. કીં. ૧-૪-૦

૩. મહાન સતિ લીલાવતીનું જીવન ચરિત્ર-આ મહાન સતિ પોતાના પ્રાણપ્રિય પતિ સુમતિવિલાસને વેશ્યાના ઘરમાંથી કેવી યુક્તિથી પોતાને ઘેર તેડી લાવે છે તથા વ્યભિચારના મહાન પાપથી રૌરૌ નર્કમાં પડતો બચાવી તેનો કેવી રીતે ઉદ્ધાર કરે છે. તેનું રસીક ભાષાથી વર્ણન છે. પૃષ્ટ ૩૬૦ કીં. ૧-૮-૦

૪. ઋષિદત્તા જીવન ચરિત્ર. કીં. ૦-૨-૦

૫. આરામ શોભાની કથા. કીં. ૮-૩-૦

૬. રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર–મૂળ ગ્રંથ કર્તા ચિત્રવાળા ગચ્છિય શ્રીમાન્ દેવેંદ્રસૂરિ. ભાષાંતર કર્ત્તા પંન્યાસ **કેશરવિજય ગણી. આ ગ્રંથમાં શું વાંચશો ?**–સિંહલદ્વીપમાં જન્મેલી રાજકુમારી સુદર્શનાને પોતાનો પૂર્વભવ સ્મરણમાં આવે છે, અને તેથી ભરૂચ શહેરમાં આવે છે, અને પોતાના પૂર્વભવના સ્થાનમાં એક વિહાર બનાવે છે, જેનું નામ સમળીવિહાર પાડવામાં આવે છે. આ મૂળ સ્થાનકને એવી તો રસ ઉપજાવે તેવી રીતે ગુંથવામાં આવ્યું છે કે વાંચકવર્ગ આગળ ને આગળ વાંચવાને દોરવાય છે. ૨૮ ફર્મા, ૪૫૦ પાનાનું પાકા બાઇન્ડીંગનું આ ચારિત્ર પુસ્તક છે. છતાં સર્વ કોઈ લાભ લેઈ શકે. તે માટે તેની કીંમત માત્ર **રૂ. ૦-૮-૦.**

૭. મલયા સુંદરી ચરિત્ર—પંન્યાસ શ્રી કેશરવિજયજીની કસાયલી કલમથી લખાયેલ અતિ ઉત્તમ ગ્રંથ. તમે કૃત્રિમ નોવેલો વીસરી જશો. સેંકડો નકલોના ઓર્ડર મળી ચુક્યા છે. એજ દેખાડે છે કે વાંચન સારૂં હોય તો, વાંચકવર્ગ તેનાપર તુટાતુટ કરવા ચૂકતો નથી. ડેમી આઠ પેજી ૨૫૦ પૃષ્ટનું પાકું અને સુંદર બાઇન્ડીંગનું પુસ્તક છતાં કીમત માત્ર **૦-૧૦-૦**

૮. શ્રી રાજેમતી–અપૂર્વ રસ અને વૈરાગ્યથી ભરપુર **૦-૧૦-૦**

૯. શ્રાવિકાભૂષણ—પ્રથમ અલંકાર. આવૃત્તિ ૩ જી. પુસ્તક પહેલેથી છેલ્લે સુધી તપાસી જોયું. પુસ્તક ગૃહસ્થીઓ માટે અને વિશેષે સ્ત્રીઓ માટે બહુજ ઉપયોગી જણાયું. નીતિનાં ઉંડાં બીજો રોપવા માટે અને સંસાર સુધારા માટે જૈનોમાં આ પહેલુંજ પુસ્તક પ્રગટ થયું છે. આવાં નીતિનાં પુસ્તકો શ્રાવકોમાં ઘેરે ઘેર વંચાય, અને બાલ્યાવસ્થામાં દરેક બાળિકાને શિક્ષણ રૂપે અપાય, તો હું ધારૂં

છું કે, શ્રાવક સંસારમાં સુધારો થોડા વખતમાં ઘણોજ આગળ પડતો થઇ આવે. કિંમત પણ પુસ્તકના પ્રમાણમાં સામાન્ય છે. માટે દરેક શ્રાવકે આ પુસ્તક પોતાને ઘેર રાખવું એ અમારી ખાસ ભલામણ છે. "મુનિશ્રી કેશરવિજયજી ગણી તરફથી." ૧-૦-૦

૧૦. શ્રાવિકાભૂષણ-દ્વિતીય અલંકાર, આ ગ્રંથમાં આઠથી બાર દિવસ સુધીના વિભાગ પાડી જુદા જુદા વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મ અને સંસારના શુદ્ધ તથા દૂષિત સ્વરૂપને બતાવનારા પ્રસંગો લાવી આ ભાગને વિશેષ રમણીય બનાવ્યો છે. ૧-૦-૦

૧૧. શ્રાવિકાભૂષણ—તૃતીય અલંકાર. આનંદાના ઉપદેશના ઉદ્‌ગારથી ભરપૂર આ અલંકાર, પ્રથમના બે અલંકારોથી વિલક્ષણ છે. શ્રાવિકાઓનાં હૃદય ઉપર ધર્મ તથા નીતિની છાપ પાડી તેને નિર્મળ બનાવવાને માટે આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે. ૧-૦-૦

૧૨. શ્રાવિકાભૂષણ—ચતુર્થ અલંકાર. ચિંતામણી સમાન માનવ દેહને પ્રાપ્ત થયેલી શ્રાવિકાના સંસારી હૃદયને વૈરાગ્યથી વિભૂષિત કરનારો આ અલંકાર સર્વદા હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. મનોરંજક દૃષ્ટાંતો અને સુબોધક કવિતાઓથી આ અલંકારને વિશેષ અલંકૃત કરવામાં આવ્યો છે. ૧-૪-૦

૧૩. શ્રાવિકા સુબોધ દર્પણ—ધર્મને દર્શાવનારું આ પુસ્તક અતિ ઉપયોગી છે. ગૃહવાસમાં શ્રાવિકાનું પ્રાધાન્ય કેટલે દરજ્જે છે, સતી શ્રાવિકા કેવી હોવી જોઇએ ? સતી શ્રાવિકાનો સંસાર કેવો પ્રશંસનીય છે ? સતીપદ જાળવવાને તેણીએ કેવી રીતે વર્તવાનું છે ? ઇત્યાદિ સતી ધર્મનાં લક્ષણો તથા સ્ત્રી જાતિના શારીરિક ધર્મો જેવાં કે રજોદર્શન, સગર્ભાવસ્થા, ગર્ભિણી શ્રાવિકાનું વર્ત્તન વિગેરે દરેક ગૃહસ્થ

શ્રાવકે શ્રાવિકાઓને પોતાના સ્વરૂપનું અવલોકન કરાવવા માટે આ મનોહર દર્પણ (આરીસો) પોતાના ઘરમાં રાખવો જોઇએ. ૦-૧૨-૦

૧૪. વનિતા વ્યાખ્યાનમાળા—આવૃત્તિ ત્રીજી.	૦-૨-૦
૧૫. લતા અને લલિતા—	૧-૮-૦
૧૬. સતી ધર્મ પતિ સેવા	૧-૮-૦
૧૭. સતી શિયળવતી ચરિત્ર	૦-૪-૦
૧૮. ,, નર્મદા ,,	૦-૫-૦
૧૯. ગુહલી સંગ્રહ	૦-૪-૦
૨૦. શ્રી સદ્‌ગુણી સુશીલા	૦-૧૨-૦

મળવાનું ઠેકાણું:—

મેસર્સ મેઘજી હીરજીની કંપની.

બુકસેલર્સ અને પબ્લીશર્સ,

પાયધુની—મુંબઈ.

આત્મોન્નતિ કરવા અભિલાષા હોય તો અવશ્ય ગમે તે ભોગે વાંચો.

શિવવિનોદ ભાગ પ્રથમ—આ પુસ્તકમાં ભક્તિનું, નીતિનું અને અધ્યાત્મનું જે મધુર સંગીત ઉછળે છે, તેથી વાંચનારના આત્મામાં સ્વાભાવિક આનંદની ઉર્મીઓ ઉછળ્યા વિના રહેતી નથી. વૈરાગ્યના, જ્ઞાનના, અને મહાપુરૂષોના યશોગાનના અન્ય કાવ્યો વાંચતાં હૃદયમાં અપૂર્વ ભક્તિભાવ તથા શાંતભાવના જાગૃત થાય છે. વિદ્વાનોએ આ ગ્રંથ વાંચી છેવટે જણાવ્યું છે કે એક એક પદ્ય સોનાના મૂલ્યથી પણ અધિક કીંમતી છે. ૧૨૦ પાનાનું પુસ્તક હોવા છતાં કીંમત માત્ર ૦-૧૨-૦.

શિવવિનોદ ભાગ ૨ જો—આ ભાગનાં કાવ્યો જેણે એક વાર વાંચ્યાં છે તેઓ પૂછે છે કે આ પુસ્તકની ભાવનાઓ અવલોકયા પછી એવું કયું કઠિન હૃદય છે કે જ્યાં આધ્યાત્મિક મસ્તી પ્રગટ વિના રહે? મતલબ કે આ ભાગના પ્રત્યેક પદ્યમાં વૈરાગ્ય અને અધ્યાત્મની ઉગ્ર ભાવના બહાર નીકળી આવે છે. ગમે તે ધર્મ કે સંપ્રદાયના વાચકો તેનો છૂટથી અભ્યાસ કરી શકે તેવાં નિર્દોષ અને આડંબર રહિત પદ્યો છે, એ આ પદ્યોની ખાસ વિશેષતા છે. રાગ-રાગણીઓનો તો કાંઇ પારજ નથી. કીંમત ૦-૧૨-૦.

શિવવિનોદ ભાગ ૩ જો—આ ભાગમાં એક ઉછળતા અને મસ્ત હૃદયના સંગીતે પ્રબળ રૂપ લીધું છે. અને જાણે કે તે પદ્યના શબ્દો વાચકોના હૃદયને હલાવતા હોય તેવો અનેકોને અનુભવ થાય છે. આ ભાગના દરેક કાવ્યમાં હૃદયનો રસ રેડાયો છે, તેથી તેમાં

કાંઇક અદ્‌ભુત ખુમારી આવવા પામી છે. કોઈ કોઈ કાવ્યોમાંસામાજીક તથા ધાર્મીક વહેમો ઉપર સખ્ત પ્રહારો કર્યા છે, તે પણ ઘણાં ઉપદેશકારક હોઈ વિદ્વાનોમાં આદર પામ્યાં છે. કીંમત માત્ર ૦-૧૨-૦.

શિવવિનોદ ભાગ ૪ થો—એક વિદ્વાન, જેને શિવસુખાભિલાષી હૃદય કહે છે, તે હૃદયનું આ ચતુર્થ ઝરણું ઘણું નિર્મળ અને ગંભીર છે. આ ભાગમાં કવિએ ભક્તિ-નીતિ સાથે જાહેર કર્ત્તવ્યોની પણ સૂચના આપી છે. અને જૈન શાસનની સ્થિતિ સુધારવાના નિર્વિવાદિત ઉપાયો સૂચવ્યા છે. આ પદ્યોના પઠનથી આત્માની દશા ઉચ્ચ ભાવને પામે છે અને સાંસારિક પ્રપંચોથી ઝટ છુટકારો મેળવે છે. કીંમત કેવળ ૦-૮-૦

શિવબોધ ભાગ ૧ લો-આ પુસ્તકમાં ભક્તકવિ શ્રીયુત શિવજીભાઇના કેટલાએક ઉપયોગી પત્રો પ્રકટ કરવામાં આવ્યા છે, તે વાંચવાથી ખાત્રી થશે કે પત્રોની હકીકત આપણા રોજના સાંસારિક પત્રોમાં લખાતી હકીકતના જેવી નથી. પણ જાણે કે એ પત્રો વાંચતી વખતે કોઇના વિશુદ્ધ હૃદયનો આપણે એકલાજ સાક્ષાત્કાર કરતા હોઇએ અને કોઇની આત્મોન્નતિની ખાનગી વિગતો જાણે આપણે એકલાજ વાંચતા હોઇએ તેવો ખ્યાલ થયા વિના રહેતો નથી, પત્રોની ભાષા પ્રૌઢ અને વિચારો યુક્તિપ્રદ છે. કિંમત ૦—૧૨—૦

શિવબોધ ભાગ ૨ જો. આ ભાગમાં પ્રકટ થયેલા પત્રોમાં જે ઉચ્ચ ભાવનાઓ અને ઉપદેશોની સુગંધી વહે છે તેથી જાણે કે નંદનવનની ટોચે રહેલી સ્વર્ગની સુરભી આપણા માટે સંસારમાં કેમ ઉતરી આવતી ન હોય તેવો ક્ષણવાર ભાસ થયા વિના રહેતો નથી. આ ભાગનો ઉપદેશ ઘણોજ અસરકારક, દિવ્ય અને મધુર છે. હજારો પુસ્તકોના વાંચનથી જેટલો ભાવોલ્લાસ ન થાય તેથી સેંકડો ગણી

અધિક આત્માની ઉજ્જવળતા આ પુસ્તકના વાંચન વખતે થવા યોગ્ય છે. કિંમત માત્ર ૦-૧૨-૦

શિવવિલાસ—આ ગ્રંથમાં ભક્ત મહાત્મા શ્રી **શિવજી-ભાઈની** વિવિધ મનોદશાઓ અથવા સ્ફુરણાઓનું આલેખન છે, એ મનોદશાઓની નિર્મળતા તથા ઉચ્ચતા વાંચનારાઓને આનંદની સાથે ઉત્તમ ઉપદેશ પણ આપી શકે છે. જૈન પત્રના અધિપતિએ કહ્યું છે તેમ "પોતાની ન્હાની ઉમર છતાં ગ્રંથ કર્તાના વિચારો કેવા ઉત્તમ છે તે જાણવા માટે આ પુસ્તક બહુ ઉપયોગી છે." કીંમત માત્ર ૦—૧૨—૦

શિવપ્રબોધ—આ પુસ્તકમાં જુદા જુદા વિષયો ઉપર સ્વતંત્ર વિચારો પ્રકટ કરવામાં આવ્યા છે. જેવા કે સત્પુરૂષાર્થ, મિતાહાર, કરકસર, કન્યાવિક્રયની ક્રૂરતા વિગેરે. જેઓની બુદ્ધિ બહુ ભારે વિષયોને પચાવવાને શક્તિમાન ન હોય તેઓને માટે આ પુસ્તક એક આશિર્વાદરૂપ છે કારણ કે ગ્રંથકારે જેમ બને તેમ તેમાં ભાષાની સરળતા તથા વિચારોની ઉચ્ચતા દાખલ કરવાની કોશીશો કરી છે. મૂલ્ય માત્ર ૦—૮—૦

[૧]**વિદ્યાચંદ્ર અને સુમતી**—આ નવલ કથાનો સમાજમાં જેટલો પ્રચાર થયો છે તેટલો પ્રચાર ભાગ્યેજ કોઈ પુસ્તકનો થયો હશે. દશ-દશ હજાર પુસ્તકોનો એકદમ ઉપાડ થઈ જવો, એ શું ગ્રંથની ઓછી ઉપયોગીતા સૂચવે છે? પુસ્તકનો ઉદ્દેશ કન્યા વિક્રય તથા બાળલગ્ન વિગેરે કુરૂઢીઓને નાશ કરવાનો છે. પાત્રોના મુખની

---

૧ આ પુસ્તકમાંથી કેટલાક કારણોને લીધે ૧૯ મું પ્રકરણ કાઢી નાખવામાં આવ્યું હતું તેના બદલે કાંથાઓની કુથલી એ નામનું પ્રકરણ દાખલ કર્યું છે.

ભાષા એવી સરલ તથા અસરકારક છે કે દરેક અવલોકનકાર તેની એક અવાજે પ્રશંસા કરે છે. પુસ્તકમાં અપાયેલાં ચિત્રો પણ વિષયને સહાયક તેમજ ઉપકારક છે. મુલ્ય માત્ર ૧—૦—૦

શિવવિનોદ ભાગ ૫ મો—આ પુસ્તકમાં ઉચ્ચભાવનાઓ-વાળાં વિવિધ પદ્યો છે. ભાષાની સરળતા, ભાવની રસાળતા તથા રાગ રાગણીઓની વિષયાનુકૂળ પસંદગી એ તત્ત્વોથી આ ભાગ ઘણો તાત્ત્વિક થઈ પડે તેવો છે. ભક્તાત્મા શ્રી શિવજીભાઇનો ભાવના-પ્રવાહ સતતપણે કેવી નિર્મળતાથી વહ્યા કરે છે, તે જાણવાનું આથી સરળ સાધન બીજું મળવું મુસ્કેલ છે. કીંમત ૦-૧૨-૦

રાગબોધ—પશુઓ અને યોગીઓ સિવાય સંગીતનો અ-ભ્યાસ કરવાની કોને ઇચ્છા નહીં થઇ હોય? આ પુસ્તક વિવિધ રાગ-રાગણીઓની સમજણ આપવા માટે એક ભોમીયા સમાન છે. તેમાં મુખ્ય મુખ્ય રાગોના સ્વરોની સમજણ સાથે ભક્તિથી પૂર્ણ પદો પણ આપ્યાં છે કે જેથી સંગીતના સ્વરો સાથે પ્રભુના સ્તવનનો હેતુ પણ સચવાય છે. જૈન સાહિત્યમાં આ પ્રથમજ પુસ્તક છે, એમ અમો છાતી ઠોકીને કહી શકીએ છીએ. રૂ. ૦-૫-૦

શિવપ્રબોધ ભાગ ૨ જો—આ પુસ્તકમાં ઘણાજ ઉપયોગી વિષયો ઉપર છટાદાર વ્યાખ્યાનો આપવામાં આવ્યાં છે. નિબંધો વાંચતી વખતે દરેક વાંચકના મનમાં એમજ થઈ આવે છે કે નીતિ-મય જીવન બનાવ્યા સિવાય સાંસારિક સુખ કે ધાર્મિક શાંતિ મળવી મુસ્કેલ છે. વિષયો જેમ ઉપયોગી છે તેમ ભાષા પણ જુસ્સાદાર અને મર્મભેદક છે. અમે આ ગ્રંથ વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. પુસ્તક હજી પ્રેસમાં છે.

શિવ વિનોદ માટે મળેલા અભિપ્રાય.

શિવવિનોદના માટે જૈનપત્રના અધિપતિ લખે છે કે:— શિવવિનોદ નામના પુસ્તકનાં કેટલાંક ફારમો વાંચતાં ઘણોજ આનંદ થાય છે. આધુનિક સમયમાં જ્યારે બીજી કોમવાળાનું વલણ નવીન પ્રકારના રાગ રાગણીમાં પરોવાયેલું જોવામાં આવે છે, તો જૈન કોમના યુવકોને આપણ પૂર્વાચાર્યોએ કરેલાં સ્તવનો વગેરે પરથી અભાવ થાય તે સ્વાભાવિક છે. આવા યુવકોને વૈરાગ્ય અને ભક્તિના માર્ગપર દોરવા માટે શિવજીનો પ્રયાસ ધન્યવાદને પાત્ર છે.—આ ગ્રંથ એકલા જૈન ભાઇઓજ માટે નથી. જે કોઈ વાંચશે તેને તે ઉપયોગી થશે. તેમાં આવેલું એક એક પદ સોનાના મૂલ્ય કરતાં અધિક છે. જેમકે કેટલાક છોકરાઓ રસ્તે જતાં નાટકનાં ગાયનો ગાતા જાય છે, તેમ આગળ જતાં આ બેતો રસ્તે સંભાળતી આપણા ભાઇઓ જોશે. ભાઇ શિવજીમાં કાંઈ પરમાત્માનો અંશ છે તે આ બેતોથી કહેતાં સાક્ષાત પુરવાર થાય છે. માત્ર કપડાં પહેરવાથીજ સાધુ કહેવાય નહીંજ, પણ જેનું અંગ ભક્તિરૂપી રંગથી રંગાયું છે તેજ સાધુ છે. આ બેતો વાંચતાં ભાઈ શિવજી એક સંત છે તે સાક્ષાત જણાઈ આવે છે.

જૈનપત્ર ઓફીસ.	સેવક,
મુંબઇ, તા. ૩-૮-૦૯.	ભગુ ફત્તેચંદ.

પાલીતાણા તા. ૧૮ જાન્યુઆરી ૧૯૧૦.

પ્રિય મુમુક્ષુ !!

ગ્રંથકારનાં પદો સરળ છે અને પદોમાં કર્ત્તાનું કોમળ હૃદય શુદ્ધ વૈરાગ્યથી દ્રવતું પ્રત્યક્ષ થાય છે. કોઈ કોઈ સ્થળે તો ઉછળતું અને ઇષ્ટમાં નિમજ્જતું સિદ્ધ થાય છે. વાચકવૃંદ! ભક્તિ પ્રધાન રસ ગ્રંથમાં આથી વિશેષ શું હોઇ શકે?

અસિધારાવત્ ભક્તિ માર્ગે ગ્રંથકાર શ્રી સદ્ગુરૂની સહાયથી નિર્વિઘ્ને પાર ઉતરી ઇષ્ટ પ્રાપ્તિ કરે એજ અભ્યર્થના.

લી૦

શ્રી સદ્ગુરૂ ચરણ કમલરજ

યોગાંકી જટીલના યથાયોગ્ય.

શા. મેઘજી હીરજીની કું૦

શિવવિનોદ બીજો ભાગ વાંચી જોતાં તેમાં તેમના દર્શાવેલા વિચારો આત્માને ઘણાજ લાભકારી છે અને તેજ વિચાર પ્રમાણે ચાલવાથી જન્મ મરણરૂપી રાક્ષસો દૂર થશે અને બંધીખાનેથી છુટા થશે. માટે સર્વે, જેને આ દુઃખરૂપ સંસાર પાંજરાથી છુટા પડી મોક્ષ સુખની ઇચ્છા હોય તે જીવોએ ઘણાજ સુક્ષ્મ બારીક વિચારથી શિવવિનોદનો સાર વારંવાર લક્ષમાં રાખીને વાંચવાનો એકાંતમાં શુદ્ધ મનથી બનતી કોશીશ કરી આ મનુષ્યભવની જીંદગાની સફળ કરવા ઉમંગ રાખવો એજ—

લી૦ જૈન સ્થાનકવાસી સાધુમારગી દરીયાપરી

ધર્મસિંહ મુનિના સંઘાડાના પૂજ્ય શ્રી

પુરૂષોતમજી સ્વામીના શિષ્ય

શ્રી રવિચંદજી.

૧૯૬૬ ના માગશર શુદ ૮ ને સોમવાર.

શિવબોધ ભાગ ૧ લા માટે—બ્રહ્મનિષ્ઠ મહાત્મન શિવજી· ભાઇની કલ્યાણપ્રદ પ્રવૃત્તિને ટેકા રૂપ-યાને માનવધર્મના આદર્શરૂપ જીવન સહાધ્યાયી સત્ય વસ્તુની સંકલનારૂપ આપનો આ પ્રયાસ ઉ-ત્તરોત્તર વૃદ્ધિ પામે.

આ પ્રથમ ભાગમાં ૧૬૭ પત્રોનો સમાવેશ કરી તેની ચુંટણી કરવામાં આપે ખરેખર એક બાહોશ, બહુદર્શી, બહુશ્રુત, વિદ્વદ્વર્યની બુદ્ધિનો પરિચય વાચકોને આપ્યો છે.

અધિકાર પરત્વે-ભિન્ન પ્રવૃત્તિના-ભિન્ન ભિન્ન સમયે-ભિન્ન ભિન્ન વિષયક લેખોનું આ સંગ્રહસ્થાન અવલોકવા લાયક છે તેનો વિચાર કરી આચારમાં આ શિક્ષાઓ મુકાય તો જગતમાંથી અશક્ય-દૈવ-કર્મનું અસ્તિત્વ જે અત્યારે ઉલટા સ્વરૂપમાં સમજાય છે તે રહે નહિ. સંકટમાં ધૈર્યતા, નિરાશામાં આશા, વાણીમાં વશીકરણ, વિદ્યામાં સર્વ-સ્વ ઇત્યાદિ ઉત્તમોત્તમ બોધદાયક જ્ઞાનયુક્ત દલીલો સપ્રમાણિતપણે પ્રતિપાદન કરેલી આ ગ્રંથમાંથી પગલે પગલે મળી આવે છે. ૧૮૦ પૃષ્ટના જાડા, ચીકણા ગ્લેઝ કાગળો પર છાપેલા પાકા પુંઠાના આવા ગ્રંથની કીંમત ૦—૧૨—૦ ઘણીજ ઓછી છે એમ કહીએ તો ચાલે.

પ્રેમગૃહ,

તા. ૭-૧-૧૦.

લી. આપનો
મુળજીભાઇ હરીવલ્લભદાસ
કાસરવાળા,
પ્રેમપ્રવાદી-**નડીયાદ.**

